# ગુજરાતી ખંડકાવ્યો

(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

- મેરુ વાઢેળ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧

યાકુબભાઈ (સામરખાવાળા)
એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ

*Book's name in English :*

**GUJARATI KHANDKAVYO**

*(Svarup, Vikas Ane Asvad)*

*By Meru Vadhel*

**ગુજરાતી ખંડકાવ્યો**

© મેરુ વાઢેળ

પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦

પ્રત - ૧૦૦૦

મૂલ્ય રૂ. ૧૧૦-૦૦

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

❖ સજાવટ ❖

ગુર્જરી સાહિત્યાલય, આણંદ

❖ મુખપૃષ્ઠ ❖

ચરોતર સાહિત્યાલય, આણંદ

## પુસ્તક વિશે થોડું.....

ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ ખંડકાવ્ય સાહિત્ય સ્વરૂપ અભ્યાસક્રમમાં મુકાતું રહે છે. તમામ સાહિત્યસ્વરૂપ તેની આગવી વિશેષતા ધરાવે છે. તેમ ખંડકાવ્ય પણ અનોખી વિશેષતા ધરાવે છે. આ સાહિત્યસ્વરૂપ બીજાં સાહિત્યસ્વરૂપ કરતાં જરાં જુદું પડે છે. ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ આમ જોવા જઈએ તો નવું છે અને નથી પણ. ગુજરાતી ખંડકાવ્યોમાં કાન્તનાં ખંડકાવ્યો બેનમૂન છે - અદ્વિતીય છે. કાન્ત પછી પણ ગુજરાતી કવિતામાં ખંડકાવ્યનો પ્રવાહ ચાલુ રહે છે.

ખંડકાવ્યોનું વિવેચન પ્રમાણમાં ઠીકઠીક થયું જ છે છતાં, સ્નાતકકક્ષાના વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય તેવા હેતુથી આ પુસ્તક લખવા પ્રેરાયો છું. મારી સામે કૉલેજની વિદ્યાર્થીઓ છે અને એમને ભણાવતાં મારા અધ્યાપક મિત્રો પણ ખરાં. આશા છે, આ પુસ્તક વિદ્યાર્થીઓ અને અધ્યાપકમિત્રોને અવશ્ય મદદરૂપ થશે.

આ પુસ્તક નિમિત્તે મને ડૉ. દક્ષાબેન વ્યાસ તથા ડૉ. નવીનભાઈ મોદીનાં પ્રેમસભર સૂચનો પ્રાપ્ત થયાં તેમનો આભાર ન માનું તો હું નગુણો ઠરું. કોઈપણ જાતના આર્થિક લોભની અપેક્ષા રાખ્યાં વિના **એમ. એમ. સાહિત્ય પ્રકાશનના મારાં મિત્ર શ્રી યાકુબભાઈ**એ પ્રકાશનની જે જવાબદારી સ્વીકારી લીધી તે બદલ તેમનો પણ આભારી છુ.

મકરસંક્રાંતિ — **- મેરુ વાઢેળ**

તા. ૧૪-૦૧-૨૦૧૦

## એમ. એમ. સાહિત્ય પ્રકાશન
## દ્વારા પ્રકાશિત
## લેખકનાં અન્ય પુસ્તકો

**(૧) કાવ્યાક્ષરે (૨૦૦૭)**

**(૨) કાવ્યાનુષંગે (૨૦૦૮)**

**(૩) શબ્દાનુષંગે (૨૦૦૯)**

**(૪) ગુજરાતી ખંડકાવ્યો (૨૦૧૦)**
**(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)**

## અનુક્રમિકા


| | | |
|---|---|---|
| (૧) | ખંડકાવ્યનું સ્વરૂપ | ૪ |
| (૨) | ગુજરાતી ખંડકાવ્યની વિકાસ રેખા | ૨૫ |
| (૩) | અતિજ્ઞાન | ૪૭ |
| (૪) | ચક્રવાકમિથુન | ૬૦ |
| (૫) | વસંતવિજય | ૭૬ |
| (૬) | ભરત | ૧૦૨ |
| (૭) | ગ્રામમાતા | ૧૨૯ |
| (૮) | ઉત્તરા અને અભિમાન્યુ | ૧૪૧ |
| (૯) | તુકારામનું સ્વર્ગારોહણ | ૧૫૮ |

# ૧

## ૧. ખંડકાવ્યનું સ્વરૂપ

ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ એક દૃષ્ટિએ જોવા જઈએ તો નવ્યકાવ્યપ્રકાર છે અને નથી. ખંડકાવ્યનું કલાવિધાન આપણાં પરંપરિત મહાકાવ્યો, આખ્યાન કાવ્યોને ઘણું મળતું આવે છે. તો પાશ્ચાત્ય સાહિત્યની, એમાંયે ખાસ કરીને ટ્રેજેડી જેવાં કાવ્યપ્રકારનું રચનાવિધાન આપણાં પરંપરિત કાવ્યપ્રકારો અને પાશ્ચાત્ય સાહિત્યની અસરતળે વિકસેલાં કાવ્યપ્રકારો કરતાં કંઈક નવી પદ્ધતિનું છે. ખંડકાવ્યોમાં આવતાં વિષયો મુખ્યત્વે આપણી ભારતીય પરંપરાના છે. આપણે ત્યાં મહાકાવ્યો, આખ્યાનકાવ્યો, પ્રબંધકાવ્યોની સુદીર્ઘ પરંપરા મળે છે. તેની સાથે ખંડકાવ્યનું અનુસંધાન જોઈ શકાય છે. મહાકવિ કાલિદાસે પોતાના '**मेघदूत**' માટે ખંડકાવ્ય જેવી સંજ્ઞા પ્રયોજી છે. સંસ્કૃત ખંડકાવ્યનું મહત્ત્વનું લક્ષણ સમગ્ર જીવનખંડ નહીં પણ એકાદ ખંડનું આલેખન. મહાકાવ્ય જેવાં સ્વરૂપમાં કોઈ એક જ વ્યક્તિનું જીવન નહીં પણ તેની સાથે અનેક વ્યક્તિઓ, સમાજજીવન, સમગ્ર દેશકાલ આદિ જાગૃત થાય છે. 'રામાયણ', 'મહાભારત' જેવા મહાકાવ્યો એના ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે એક જ વ્યક્તિના જીવન પર આધારિત આખ્યાનકાવ્યો



પણ ઘણું લોકપ્રિય બનેલું સાહિત્ય સ્વરૂપ છે. ભાલણ, નાકર, પ્રેમાનંદનાં આખ્યાનો એનાં સુંદર ઉદાહરણો છે. જ્યારે ખંડકાવ્યમાં એકાદ વૃત્તાંતને જ રજૂ કરવામાં આવે છે. કોઈ ધર્મવીર, કર્મવીર, શૂરવીર, દાનવીરનાં જીવનની કોઈ ઉદાત્તભાવોને આલેખતી ક્ષણો, ક્યારેક લોકહૃદયને સ્પર્શતી જીવનની ક્ષણોનું કલાત્મક આયોજન ખંડકાવ્યનો વિષય બને છે.

એક બાબત તો સ્પષ્ટ જ છે કે, ગુજરાતી કવિતામાં ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ કાન્તને કારણે જ અસ્તિત્વમાં આવે છે. કાન્ત દ્વારા જ ખંડકાવ્યનો પ્રસાર અને પ્રચાર થયો છે એમ કહેવામાં જરાપણ અત્યુક્તિ નથી. ગુજરાતી કવિતામાં પ્રથમ વખત ખંડકાવ્ય રચવાનો યશ કાન્તને ફાળે જાય છે. તેમણે સંસ્કૃત અને પાશ્ચાત્ય કવિતાના રસાસ્વાદથી પોતાની કવિપ્રતિભાના બળે ખંડકાવ્ય જેવું સાહિત્યસ્વરૂપ નીપજાવ્યું છે. ખંડકાવ્ય કાન્તના કવિમાનસમાંથી પ્રગટેલું નવ્યસાહિત્ય સ્વરૂપ છે. કાન્તે ગુજરાતી કવિતા ક્ષેત્રે માત્ર ૭-ખંડકાવ્યો જ લખ્યાં હોત તોયે કાન્તનું નામ આજે એટલા જ માનભેર અને ગૌરવભેર લેવાતું હોત. કાન્તે પ્રથમ ધડાકે જ એવી કાવ્યસિદ્ધિ પ્રાપ્ત કરી છે કે, એ કાવ્યપ્રકારની અજમાયશમાં તેનાંથી ઉત્તમ તો ઠીક પણ તેની બરોબરી કરી શકે એવાં ખંડકાવ્યો પણ કોઈ આપી શક્યું નથી. એનો અર્થ એવો પણ નથી કે, ખંડકાવ્ય સ્વરૂપ માત્ર કાન્ત પૂરતું જ મર્યાદિત બની રહ્યું છે. કાન્ત પછી પણ ખંડકાવ્યોની દીર્ઘ પરંપરા મળે છે જ પણ કાન્તની કવિપ્રતિભા જેવું કવિ સામર્થ્ય અન્ય કવિઓમાં મળતું નથી. કાન્ત પછી નરસિંહરાવ દિવેટિયા, કલાપી, મણિલાલ, ભીમરાવ, બોટાદકર, ખબરદાર,

શ્રીધરાણી, ઉમાશંકર જોશી, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી, ગણપતલાલ ભાવસાર, ઝવેરચંદ મેઘાણી, પૂજાલાલ, બ.ક.ઠાકોર, રસિકલાલ પરીખ, રા.વિ.પાઠક, પ્રજારામ રાવળ, સુન્દરમ્, પ્રહ્લાદ પારેખ, ઉશનસ્, સિતાંશુ મહેતા, ચિનુ મોદી, વિનોદ જોશી આદિ કવિઓએ ખંડકાવ્યો રચવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક કવિઓએ ખંડકાવ્યક્ષેત્રે નૂતન પરિમાણો સર્જવાનો પ્રયાસ પણ કર્યો છે; છતાં, એક વાત ફરી ફરી નોંધવાનું મન થાય છે કે, કાન્તનાં ખંડકાવ્યો અજોડ છે - બેનમૂન છે. જ્યારે ખંડકાવ્યસ્વરૂપ વિશે વાત કરવાની હોય ત્યારે આપણે કાન્તનાં ખંડકાવ્યોને જ નજર સમક્ષ રાખવાં પડે એવાં ઉત્તમ ખંડકાવ્યો કાન્ત પાસેથી પ્રાપ્ત થયા છે. આપણે ત્યાં આજ સુધી ખંડકાવ્ય વિશે જે ચર્ચા-વિચારણા થઈ છે તેમાં કાન્તનાં ખંડકાવ્યો જ કેન્દ્રસ્થાને રહ્યાં છે. ખંડકાવ્યની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે જોવાનો પ્રયત્ન કર્યો છે.

### ખંડકાવ્યની વ્યાખ્યા

કવિ કાન્તે પોતાના કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ'નાં 'રમા', 'મૃગતૃષ્ણા', 'કલ્પના અને કસ્તુરીમૃગ', 'અતિજ્ઞાન', 'વસંતવિજય', 'ચક્રવાક મિથુન' અને 'દેવયાની' જેવા કાવ્યો માટે ખંડકાવ્ય (Lyric) અને કથાત્મક (Narrative) કાવ્ય વચ્ચેનું શોધેલું અને પ્રચલિત કરેલું સાહિત્યસ્વરૂપ છે. કાન્તનાં અપૂર્વ સર્જનને ધ્યાનમાં રાખી કેટલાક મીમાંસકોએ ખંડકાવ્ય સંજ્ઞાને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. એની વ્યાખ્યાઓ આ પ્રમાણે કરવામાં આવી છે.

નરસિંહરાવ દિવેટિયા ખંડકાવ્યોને 'પરલક્ષીસંગીતકાવ્ય'



ગણાવે છે. તેઓ ખંડકાવ્યનાં વિવિધ અંગોપાંગની ગૂંથણીની સુશ્લિષ્ટતાને વધારે મહત્ત્વ આપે છે. નરસિંહરાવ દિવેટિયા ખંડકાવ્યામાં પરલક્ષીસંગીતકાવ્યનું મહત્ત્વ સમજાવી તેમાં ઊર્મિકાવ્યનાં મહત્ત્વને પણ સ્વીકારે છે. છતાં, નરસિંહરાવ દિવેટિયા ખંડકાવ્યનાં સ્વરૂપને પૂર્ણતઃ સમજાવી શક્યા નથી.

ડૉ. મંજુલાલ મજમુદાર ખંડકાવ્ય અંગે નોંધે છે, "એક જ લોકોત્તર પ્રસંગને નજર આગળ રાખીને તે પ્રસંગનું ભાવપૂર્ણ લાગણીથી ઓતપ્રોત એવું રસમય વર્ણન - તેને કદાચ ખંડકાવ્ય કહીને ઓળખાવી શકાય.... અથવા એક જ રસમય પ્રસંગ એક જ લોકપ્રસિદ્ધ અથવા ઈતિહાસ પ્રસિદ્ધ વ્યક્તિનું સુંદર કાવ્યચિત્ર તે ખંડકાવ્ય." અહીં એક વાત નોંધવા જેવી છે કે, ડૉ. મજમુદાર કેટલાંક પ્રકૃતિકાવ્યો, કથાકાવ્યો, ચિત્રકાવ્યો, દેશભક્તિકાવ્યો, કરુણપ્રશસ્તિ - આદિને પણ ખંડકાવ્ય ગણવા પ્રેરે છે, આવી ખંડકાવ્યની વિભાવના સ્વીકાર્ય નથી.

'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો'- માં શ્રી બ.ક.ઠાકોર ખંડકાવ્ય અંગે નોંધે છે - 'ખંડકાવ્યનું વસ્તુ એક વૃત્તાંત, એક પ્રસંગ, એમાં કંઈક લંબાઈ, કંઈક સંકુલતા હોય પણ; પરંતુ નાયક નાયિકા કે અનેક નાયકોનાં જીવનનું સમગ્ર જીવન જેવું આલેખન નહીં, તેમાંના કોઈ સ્પષ્ટ આદિ, મધ્ય અને અંતવાળા પ્રસંગોનું જ આલેખન તે 'ખંડકાવ્ય'.... ભાવોર્મિની ઉદાત્તતામાં તે આખ્યાનકાવ્ય કરતાં ચડે; લગભગ મહાકાવ્યની ઉન્નતિ લગી ઊંચે વિહરે તે 'ખંડકાવ્ય' એ મ્હારું મંતવ્ય. માનવ વૃતાન્ત અથવા પ્રસંગનું ઉદાત્તભાવોની ગૂંથણીવાળુ, વર્ણનશૈલીનું એટલે લિરિક નહીં, પણ રસ કે રસ

મિશ્રણમાં મોળું નહીં તે જ ખંડકાવ્ય''. પ્રો.બ.ક.ઠાકોરની ખંડકાવ્યની વિભાવનામાં વિશેષતઃ 'પ્રસંગકાવ્ય' જેવી છે જો કે, માત્ર 'પ્રસંગકાવ્ય'ને આપણે ખંડકાવ્ય કહી શકીએ નહીં.

'અર્વાચીન કવિતા સાહિત્યનાં વહેણો'માં રા.વિ.પાઠક ખંડકાવ્ય વિશે નોંધે છે-' જેમ લાંબી વાર્તા કરતાં ટૂંકી વાર્તા વધારે સુશ્લિષ્ટ અને બાહ્યાકારની ચીવટવાળી જોઈએ, તેમ મહાકાવ્ય કરતા આખ્યાનકાવ્ય કરતા ખંડકાવ્ય વધારે સુશ્લિષ્ટ જોઈએ.' શ્રી રા.વિ.પાઠક કાન્તના 'વસંતવિજય'ને સર્વાંગસંપૂર્ણ ખંડકાવ્ય ગણાવે છે. શ્રી પાઠક સાહેબ ખંડકાવ્યમાં આદિ, મધ્ય અને અંત પર ભાર મૂકી વસ્તુનું સચોટ, સુરેખ અને સમરેખ કથનનું મહત્ત્વ સ્વીકારે છે. વળી, જે કાવ્યમાં માનવરહસ્યનો એકાદ મર્મસ્પર્શી પ્રસંગ હોય, તેને ભાવાનુકૂળ શૈલીમાં નિરૂપ્યો હોય, આખું કાવ્ય સુરેખ હોય તેવાં કાવ્યને ખંડકાવ્ય તરીકે ઓળખાવે છે. શ્રી રા.વિ. પાઠકની ખંડકાવ્ય વિશેની વિચારણા ઘણી ધ્યાનાર્હ ગણાવી શકાય.

'સાહિત્યનો ઈતિહાસ'માં શ્રી વિશ્વનાથ ભટ્ટ નોંધે છે, - ''આખ્યાન જેટલા લંબાણ વગરના કોઈપણ કથાકાવ્યને આપણે ખંડકાવ્ય કહીએ છીએ.... એક જ પ્રસંગનું ને મોટેભાગે એક જ રસની નિષ્પતિ કરતું સંક્ષિપ્ત કથાકાવ્ય તે ખંડકાવ્ય.'' શ્રી ભટ્ટની ખંડકાવ્ય વિશેની વિચારણા વિશેષ કથાકાવ્ય કે પ્રસંગકાવ્યને વધુ મહત્ત્વ આપે છે. તેમની ખંડકાવ્યની આ વિભાવના સંપૂર્ણ સ્વીકારી શકાય એવી નથી.

'ગુજરાતી કાવ્યપ્રકારો' માં શ્રી ડોલકરાય માંકડ ખંડકાવ્ય વિશે કહે છે. ''....કાવ્યમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી એકાદ



પુરુષાર્થનું નિરૂપણ હોય, એટલે કે સમસ્ત જીવનનું નહીં, પણ, ખંડજીવનનું નિરૂપણ હોય તેને ખંડકાવ્ય કહેવું એમ હું સૂચવું છું આ દૃષ્ટિએ ખંડકાવ્યમાં વ્યક્તિજીવનના એક બે વૃત્તાંતોનું નિરૂપણ હોય એમ મેં કહ્યું છે.'' શ્રી માંકડનો ખંડકાવ્ય અંગેનો સ્વીકાર્ય બને તેવો નથી. ડૉ. હેમન્ત દેસાઈ શ્રી ડોલરરાય માંકડના આ ખ્યાલનો અસ્વીકાર કરી નોંધે છે :- ''ડોલરરાયનું આ વિધાન સંસ્કૃત મહાકાવ્ય અને ખંડકાવ્ય જેવાં સાહિત્ય સ્વરૂપોની સમજ ઉપરથી કરાયું છે. 'જીવનખંડનું નિરૂપણ હોય તેને ખંડકાવ્ય કહેવું' એમ કહ્યાં પછી 'જીવનના એક બે વૃત્તાંતોનું નિરૂપણ હોય ! એવાં વિધાનો વિવાદાસ્પદ કહેવાય એમાં નાટકની જેમ સંધિ વિશેનો વિચાર તો એના અંતઃસ્વત્ત્વની કલારચનાને આધારે જ થયો હશે.'' શ્રી ડોલરરાય માંકડ ઊર્મિકાવ્ય અને ખંડકાવ્ય વિશે પણ ચર્ચાઓ કરી છે તેમાં ખંડકાવ્યને બ.ક. ઠાકોરની માફક 'પ્રસંગકાવ્ય' સંજ્ઞા પ્રયોજે છે.

'સમ્‌સંવેદન' માં શ્રી ઉમાશંકર જોશી ખંડકાવ્ય વિશે નોંધે છે : ''એમાં (ખંડકાવ્યમાં) પ્રાધાન્ય છે મનોવૃત્તિના આલેખનનું, ઉત્કટ ઊર્મિપ્રકટનનું, ગાઢ રસનિરૂપણનું.'' ઉમાશંકર જોશી ખંડકાવ્યને મુખ્યત્વે 'કથનોર્મિકાવ્ય' કે 'કથનાત્મક ઊર્મિકાવ્ય' ગણાવે છે. જોકે, ઉમાશંકર જોશીનો ખંડકાવ્ય વિશેનો ખ્યાલ હજુ અધૂરો છે. તેમણે ખંડકાવ્ય માટે વાપરેલી સંજ્ઞા પણ સંપૂર્ણ સ્પષ્ટ નથી.

'થોડા વિવેચનલેખો'માં શ્રી મનસુખલાલ ઝવેરીએ મુખ્યત્વે કાન્તનાં ખંડકાવ્યોને જ નજર સમક્ષ રાખીને નોંધે છે; ''કાન્તનાં

ખંડકાવ્યોનું "સંવિધાન અંગ્રેજી કરુણાન્ત નાટક (Tragedy)ને મળતું આવે છે." કાન્તનાં સાતે સાત ખંડકાવ્ય ઉપર નજર કરતાં, 'દેવયાની'ને અપવાદરૂપ ગણતાં કાન્તનાં અન્ય ખંડકાવ્યોમાં જોવા મળતાં રચનાસંવિધાનની બાબત પરથી શ્રી ઝવેરીએ આવું વિધાન કર્યું હોઈ શકે. ખંડકાવ્યનું રચના-સંવિધાન ગ્રીક નાટક ટ્રેજેડીને મળતું આવવા માત્રથી કોઈપણ કૃતિ ખંડકાવ્ય બની જતી નથી. અત્રે નોંધવું જોઈએ કે, કાન્તનાં 'દેવયાની'ને અપવાદરૂપ ગણતાં કાન્તનાં અન્ય ખંડકાવ્યોમાં એ લક્ષણ જોવા મળે છે. પણ એ જ ખંડકાવ્ય છે એવું કહી શકાય નહીં.

'સાહિત્યગોષ્ઠિ' માં ડૉ. ઈશ્વરલાલ દવે નરસિંહરાવ દિવેટિયા અને ઉમાશંકર જોશીના સૂરમાં સૂર પુરાવતા નોંધે છે કે, - "કાન્ત મુખ્યત્વે ઊર્મિકવિ છે અને એમનાં ખંડકાવ્યોમાં પણ ઊર્મિકાવ્યના અંશો વિશેષ પ્રમાણમાં છે." ડૉ. દવેનું આ વિધાન ખંડકાવ્યના સ્વરૂપને અંશતઃ સ્ફુટ કરે છે.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી તેનો ટૂંકો સાર આ પ્રમાણે આપી શકાય :

(૧) નરસિંહરાવ દિવેટિયા તેને 'પરલક્ષીસંગીતકાવ્ય' ગણાવે છે.
(૨) રા.વિ.પાઠક ખંડકાવ્યમાં 'સુશ્લિષ્ટતા'ને મહત્ત્વ આપે છે.
(૩) બ.ક.ઠાકોર ખંડકાવ્યને 'પ્રસંગકાવ્ય' તરીકે ઓળખાવે છે.
(૪) ડોલરરાય માંકડ પણ ખંડકાવ્યને 'લઘુકાવ્ય' કે 'પ્રસંગકાવ્ય' ગણાવે છે.
(૫) વિશ્વનાથ ભટ્ટ ખંડકાવ્યમાં કૃતિના આકારસૌષ્ઠવ અને વાણીની સુભગતા જેવા ઘટકોને મહત્ત્વના ગણાવે છે.



(૬) ઉમાશંકર જોશી ખંડકાવ્યને 'કથનોર્મિકાવ્ય' અથવા 'કથનાત્મક ઊર્મિકાવ્ય' તરીકે ઓળખાવે છે.
(૭) ઈશ્વરલાલ દવે ખંડકાવ્યને 'ઊર્મિકાવ્ય' કહે છે.

ખંડકાવ્ય વિષયક આટલી ચર્ચા પછી તેની લાક્ષણિકતા નીચે પ્રમાણે આપી શકાય.

**ખંડકાવ્યની સ્વરૂપગત લાક્ષણિકતાઓ :**

ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ વિષયક અનેક વિદ્વાનોએ ચર્ચા કરી છે જેમા નરસિંહરાવ દિવેટિયા, રા.વિ. પાઠક, બ.ક. ઠાકોર, ડોલરરાવ માંકડ, વિશ્વનાથ ભટ્ટ, ઉમાશંકર જોશી, ઈશ્વરલાલ દવે, વિનોદ અધ્વર્યું, ચિનુ મોદી, હેમંત દેસાઈ - જેવા અનેક વિદ્વાનોએ ખંડકાવ્યની સમીક્ષા કરી છે, તેમાંથી નીચે પ્રમાણેની લાક્ષણિકતા પ્રગટે છે :

**(૧) સુશ્લિષ્ટ વસ્તુગૂંથણી**

ખંડકાવ્યની સૌ પ્રથમ ધ્યાન ખેંચતી મહત્ત્વની લાક્ષણિકતા છે - એમાં થતી સુશ્લિષ્ટ વસ્તુગૂંથણી. કારણકે, ખંડકાવ્ય મુખ્યત્વે વસ્તુપ્રધાન કાવ્યસ્વરૂપ છે. કોઈપણ વસ્તુપ્રધાન સાહિત્યસ્વરૂપમાં વસ્તુ તો મહત્ત્વનું હોવાનું જ પણ એ વસ્તુની થતી કલાત્મક ગૂંથણી ઘણી મહત્ત્વની બની જાય છે. ખંડકાવ્યમાં કવિ માનવજીવનની કે પ્રકૃતિના કોઈ રહસ્યને અથવા તો કવિના વિશિષ્ટદર્શનની પ્રગટાવે છે. એ દૃષ્ટિએ પણ ખંડકાવ્યમાં વસ્તુ પસંદગી ઘણી મહત્ત્વની બની રહે છે. ગુજરાતી ખંડકાવ્યોમાં પ્રાપ્ત ખંડકાવ્યોમાં વિશેષતઃ પૌરાણિક,

ઐતિહાસિક કલ્પનોત્થ કે મિશ્રિત કથાવસ્તુ જોવા મળે છે. અહીં માત્ર વસ્તુ-કથા જ મહત્ત્વની નથી, એની સુશ્લિષ્ટ રીતે થતી ગૂંથણી ઘણી મહત્ત્વની બની છે. વસ્તુ શું છે ? એટલું જ મહત્ત્વનું નથી, કવિ એ વસ્તુને કેવો આકાર આપે છે તે ઘણું અગત્યનું છે. કાન્તનાં ખંડકાવ્યોને તપાસીશું તો અવશ્ય જણાશે કે, એમનાં ખંડકાવ્યો ચોટપૂર્ણ પ્રસંગથી નાટ્યાત્મક રીતે શરૂ થાય છે અને કટોકટીપૂર્ણ ચોટથી એનો અંત આવે છે. કથામાં પહેલાં શું બન્યું ? અને અંતે શું બન્યું ? - એ વિશે કાન્ત કશું જ કહેતા નથી. દા.ત. 'વસંતવિજય'-માં પાડુને મળેલો શાપ ક્યા ઋષિએ, ક્યારે ? આપ્યો તેની વિગતોનું બયાન કવિએ કર્યું નથી. કે પછી 'અતિજ્ઞાન' ખંડકાવ્યમાં -

"સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !"

કહીને કાન્ત અટકી ગયા છે. સહદેવનું પછીથી શું થયું ? એ કહેવાનું કવિને જરૂરી લાગ્યું નથી. તીવ્ર કટોકટીપૂર્ણ ચોટથી કાવ્યનો અંત થતા સમગ્ર ખંડકાવ્યની કલાછાપ ભાવકના ચિત્તમાં ઉપસી આવે. એ જ ખંડકાવ્યનાં અર્થપૂર્ણ વસ્તુની - વસ્તુનિરૂપણની સિદ્ધિ ગણાવી શકાય. નરસિંહરાવ દિવેટિયા 'પરલક્ષીસંગીતકાવ્ય' ગણાવી, ખંડકાવ્યની અંગોપાંગની ચર્ચામાં સુશ્લિષ્ટવસ્તુગૂંથણીને ઘણું મહત્ત્વ આપે છે. પ્રો.રા.વિ. પાઠક પણ ખંડકાવ્ય મહાકાવ્ય અને આખ્યાનકાવ્ય કરતાં ખંડકાવ્ય વધારે સુશ્લિષ્ટ ગણાવે છે. કાન્તનું 'વસંતવિજય', કલાપીનું 'ભરત', રા.વિ.પાઠકનું 'તુકારામનું સ્વર્ગારોહણ', પ્રજારામ રાવળના 'વિશ્વામિત્ર' જેવા ખંડકાવ્યની



વસ્તુની ગૂંથણી અદ્‌ભુત છે.

## (૨) લાગણીની પ્રબલતા અને ઉદાત્તતા

ખંડકાવ્યનું બીજું મહત્ત્વનું લક્ષણ છે ખંડકાવ્યમાં નિરૂપિત લાગણીની પ્રબલતા અને ઉદાત ભાવાલેખન. ખંડકાવ્યમાં આ તત્ત્વોની અનિવાર્યતા દર્શાવતા શ્રી ચિમનલાલ ત્રિવેદી તો ત્યાં સુધી કહે છે કે, "ખંડકાવ્યની ખરી ખૂબી વાર્તાકથનમાં નથી, પણ ઉદાત્ત ભાવાલેખનથી સધાતા ક્રમિક રસનિરૂપણમાં રહેલી છે." આ વિધાન ઘણું સાર્થક છે. ખંડકાવ્યમાં માત્ર કથા-વાર્તાકથન મહત્ત્વનું નથી. એમાં લાગણીની પ્રબલતા અને ઉદાત્તભાવનું આલેખન પણ એટલું જ અનિવાર્ય છે. ગુજરાતી ખંડકાવ્યો પરથી પસાર થતા એવું અવશ્ય ફલિત થાય કે, ખંડકાવ્યમાં હળવા, વિનોદી કે સામાન્ય પ્રસંગોને ખાસ અવકાશ નથી. જીવનના મૂળભૂત પ્રશ્નો કે રહસ્યોને ઉજાગર કરીને તેને પ્રકાશિત કરતી ઉદાત્ત, ગંભીર ભાવોર્મિનો નિષ્પાદક અસાધારણ બનાવ - પ્રસંગ ખંડકાવ્યને વધુ કલામય બનાવે છે. આપણે ત્યાં પૌરાણિક, ઐતિહાસિક કે લોકપ્રચલિત કથાઓમાં પ્રગટતી ઉદાત્તજીવનની ભાવોર્મિઓને આલેખતા ખંડકાવ્યો વિશેષ પ્રમાણમાં મળે છે. ખાસ કરીને કાન્તનાં 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન', 'વસંતવિજય', કલાપીના 'બિલ્વમંગળ', 'ભરત', બોટાદકરનાં 'એભલવાળો', ગોવર્ધનદાસનાં 'સીતા-પરિત્યાગ', સુંદરજી બેટાઈનાં 'સિદ્ધાર્થનું સ્વપ્ન,' મનસુખલાલ ઝવેરીનાં 'અશ્વત્થામાં', બ.ક. ઠાકોરનાં 'બુદ્ધ', રસિકલાલ પરીખનાં 'વિશ્વમિત્ર', રા.વિ.પાઠકનાં 'તુકારામનું

સ્વર્ગારોહણ' - આદિ ખંડકાવ્યોમાં લાગણીની પ્રબલતા અને ઉદાત્તભાવોનું આલેખન ધ્યાનાર્હ બને છે.

ખંડકાવ્યમાં આલેખન પામતી લાગણીની પ્રબલતા અને ઉદાત્તભાવોના આલેખન કારણે ખંડકાવ્ય મહાકાવ્યની કોટી પર્યંત પહોંચવા સમર્થ બને છે. આ અંગે ડૉ.ધીરૂભાઈ ઠાકર નોંધે છે : "જીવનના મૂળભૂત પ્રશ્ન કે રહસ્ય પર પ્રકાશ પાડત ઉદાત્ત, ગંભીર ભાવોર્મિઓનો નિષ્પાદક અસાધારણ બનાવ જ ખંડકાવ્યનો વિષય બની શકે એમ ઉચ્ચ ગૌરવાન્વિત ભાવકક્ષાવાળાં કાન્તનાં ખંડકાવ્યોએ સ્થાપિત કરી બતાવ્યું છે." - આ વિધાન ઘણું સાર્થક છે. પ્રો. બ.ક.ઠાકોર પણ આને ખંડકાવ્યનું જીવાતુભૂત અંગ ગણાવે છે.

ટૂંકમાં, ખંડકાવ્યમાં સામાન્યકક્ષાની લાગણી અને સામાન્ય ભાવોનું આલેખન એટલું સ્વીકાર્ય બને નહીં. ખંડકાવ્યમાં લાગણીની પ્રબલતા અનિવાર્ય છે એટલું જ અનિવાર્ય છે ઉદાત્તભાવોનું આલેખન.

## (૩) ચરિત્રાલેખન

ખંડકાવ્યમાં નિરૂપિત સુશ્લિષ્ટ વસ્તુગૂંથણી, એમાં પ્રગટતી લાગણીની પ્રબલતા, ભાવોર્મિ આદિ પાત્રના તીવ્ર મનોમંથનમાંથી પ્રગટે છે. ખંડકાવ્ય મુખ્યત્વે વસ્તુલક્ષી કાવ્યપ્રકાર છે. એમનું વસ્તુ મુખ્યત્વે પૌરાણિક, ઐતિહાસિક કે લોકપ્રચલિત અથવા કાલ્પનિક છતાં પ્રચલિત હોય છે. ગુજરાતી ખંડકાવ્યો ઉપર દૃષ્ટિ કરતાં જણાય કે, મોટાભાગનાં ખંડકાવ્યોમાં પાત્રો વત્તે-ઓછે અંશે જાણીતા છે.



ખંડકાવ્યોમાં આવતા પાત્રોનાં માનસમાં નિષ્પન્ન થતાં મનોમંથનો, સત્યનિષ્ઠા માટેની તડપન, ન્યાય માટેનો આગ્રહ કે સૌન્દર્ય માટેનો વિશિષ્ટ અભિગમ ખંડકાવ્યોનો વિષય બને છે. ઘણાં વિદ્વાનો ખંડકાવ્યને ટૂંકીવાર્તા કે એકાંકી જેવાં સાહિત્યસ્વરૂપની બાજુમાં મૂકે છે. જેમ એકાંકીકાર એકાંકીઓમાં આવતો પાત્રોનો સ્થૂળ અને સૂક્ષ્મ સંઘર્ષ કલાત્મક રીતે આલેખે છે એમ ખંડકાવ્યમાં પણ બને છે. ડૉ. હેમન્ત દેસાઈ નોંધે છે તેમ,-

"કાન્તનાં ખંડકાવ્યોમાં નાટકમાં આવે છે તેવો સ્થૂળસૂક્ષ્મ સંઘર્ષ યોજાયો છે. આંતરમંથર એટલે પાત્રની પરસ્પર વિરોધી વૃત્તિઓની ટક્કરથી નિપજતા સંઘર્ષથી ક્રમિક વિકસન અને પરિવર્તનનું નિરૂપણ ખંડકાવ્યોની વિશેષતા બની રહે છે."

કાન્તનું 'વસંતવિજય' એનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં પાંડુ-માદ્રીના પાત્રોની કટોકટીપૂર્ણ પળોને કાન્તે કલાત્મક રીતે આલેખી છે. અહીં કેન્દ્રમાં છે પાંડુની પ્રણયની તડપન અને ઋષિનો શાપ. અહીં સૌન્દર્ય અને તપનો સંઘર્ષ પાંડુ અને માદ્રીના પાત્ર નિમિત્તે બહુ સૂક્ષ્મ અને મનોવૈજ્ઞાનિક રીતે આલેખાયો છે. જ્યારે 'અતિજ્ઞાન' જેવા ખંડકાવ્યમાં સહદેવનું ત્રિકાળજ્ઞાન અને એમાંથી પ્રગટતું કારુણ્ય ઘણું કલાત્મક રીતે આલેખન પામ્યું છે. સહદેવ આવનારાં અનીષ્ટને જાણે છે છતાં, પોતાના સ્વજનોને આપત્તિમાંથી ઉગારી ન શકવાનુ દર્દ અને તીવ્રસંવેદનાનો દાહ આ ખંડકાવ્યમાં અસરકારક રીતે આલેખાયો છે. તો 'ચક્રવાકમિથુન'માં કવિએ વેદનાની તીવ્ર પળ અસહ્ય બનતા આ પાત્રોનું નિયતિગત કારુણ્ય આલેખ્યું છે.

રા.વિ.પાઠકકૃત 'તુકારામનું સ્વર્ગારોહણ' ખંડકાવ્યમાં કવિએ તુકારામ અને જિજાઈ, ઈન્દ્ર અને શચીનાં પાત્રોનો મનોવ્યાપાર કુશળતાથી આલેખાયો છે. સુંદરજી બેટાઈકૃત "શસ્ત્રસન્યાસ" માં કવિએ શ્રીકૃષ્ણની મનઃસ્થિતિનું સુંદર શબ્દચિત્ર દોર્યું છે. મહાભારતના મહાવિનાશક યુદ્ધ પૂર્વે શ્રીકૃષ્ણે યોગદષ્ટિથી જે દર્શન કર્યું તેનું તથા કેટલાક મંથન બાદ શસ્ત્રસન્યાસની લીધેલી દીક્ષા - આ બન્ને વખતના કૃષ્ણના મનોમંથનોને કલાત્મક રીતે આલેખ્યાં છે. કલાપીનાં 'બિલ્વમંગળ' અને 'ભરત' જેવાં ખંડકાવ્યો પણ આ દૃષ્ટિએ ધ્યાનાર્હ બન્યાં છે. કૃષ્ણલાલ શ્રીધરાણીનાં 'સ્વરાજરક્ષક'માં સમર્થ રામદાસ સ્વામીનું પાત્ર એમની સત્યપ્રિયતા, ન્યાયશીલતા અને ઉદારતાથી ઘણું પ્રતિભાવંત બન્યું છે.

ખંડકાવ્ય વસ્તુલક્ષી કાવ્યપ્રકાર હોઈ તેમાં અનેક પાત્રો આવી શકે. પણ કવિએ મુખ્ય પાત્રને વધુ મહત્ત્વ આપી, કથા પ્રવાહમાં મુખ્યપાત્રને ખૂબ જ ઉપકારક હોય તેવાં જ પાત્રોને આલેખવા જોઈએ. એમાં ચરિત્રચિત્રણ પ્રત્યક્ષ કથનશૈલીથી નહીં પણ પરિસ્થિતિમાંથી જ થવું જોઈએ. નહીંતર ખંડકાવ્ય કથાકાવ્ય કે પ્રસંગકાવ્ય બની જવાની સંભાવના વિશેષ રહે છે. ખંડકાવ્યનો નાયક મહાકાવ્યના નાયક જેવો અલૌકિક શક્તિ ધરાવનાઓ કોઈ દેવ નથી પણ તે ઉચ્ચ કક્ષાનો નાયક છે. ખંડકાવ્યમાં એ પાત્રના ચૈતસિક - મનોવ્યાપારને, એના મનોસંઘર્ષને સૂક્ષ્મતાથી આલેખવાના હોય છે. ખંડકાવ્યમાં પાત્રોના મનોભાવોનું આલેખન એવી રીતે થવું જોઈએ કે, તે ચરિત્રની વિશેષતા-મર્યાદા દર્શાવી શકે. એટલે ખંડકાવ્યમાં પાત્રાલેખનની કળા પણ વિશેષ સજ્જતા માગી લે છે.



આપણાં ઘણાં ખંડકાવ્યો પ્રસંગ કથાકાવ્ય બની રહે છે તેની પાછળનું એ જ મુખ્ય કારણ છે કે, કવિ કેવળ કથારસ કે વર્ણનરસ માટે પાત્રોનો વધુ ઉપયોગ કરે છે. ખંડકાવ્યમાં મનુષ્યના સમગ્ર અસ્તિત્વને હચમચાવી નાખે એવા પ્રબળ લાગણીના પૂરને પ્રગટ કરતી કટોકટી અને એમાંથી જન્મતો પાત્રનો મનોસંઘર્ષ ખંડકાવ્યમાં ઘણો મહત્ત્વનો હોય છે.

## (૪) રસનિષ્પત્તિ

'મહાકાવ્ય', 'આખ્યાન', 'રાસો', 'પ્રબંધ' જેવાં સાહિત્યસ્વરૂપની કક્ષાએ ખંડકાવ્યમાં રસાલેખનની વધુ તક મળતી નથી. છતાં, ખંડકાવ્યમાં રસનિષ્પત્તિ પણ ઘણું મહત્ત્વનું પરિબળ બને છે. બ.ક.ઠાકોર જેવા વિદ્વાન તો "રસ કે રસમિશ્રણમાં મોળું નહીં તે જ ખંડકાવ્ય" કહીને ખંડકાવ્યમાં રસનિષ્પત્તિને ઘણું મહત્ત્વ આપે છે. ખંડકાવ્યમાં મુખ્ય એક રસ હોવ જોઈએ હાં, મુખ્યરસને પોષક એવાં અન્ય રસનું આલેખન ખંડકાવ્યમાં હોય તો તે અસ્વીકાર્ય તો નથી જ.

કાન્તનાં ખંડકાવ્યોમાં 'દેવયાની'ને અપવાદ ગણતા **'एको रसः करुण एव'** નો ભાવ સઘન ઘુંટાયો છે. આ કરુણતા જીવનની વિષમતામાંથી પ્રગટે છે કાન્તનાં ખંડકાવ્યોની સૃષ્ટિ ભાવકના હૃદયને હચમચાવી મૂકે તેવી કરુણતાસભર છે. તેમનાં ખંડકાવ્યોમાં હૃદયને દળી નાખે, વિદારી નાખે એવું પ્રતિકારપણું ડૂસકાંરૂપે, ક્યાંક તીવ્ર ચીસરૂપે સંભળાય છે. 'મૃગતૃષ્ણા' માં કાન્ત વિધિની ક્રૂરતા સામે આક્રોશ ઠાલવતા કહે છે :

"દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં !
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ છે નહીં?"

તો 'વસંતવિજય' જેવા ખંડકાવ્યને તો ડૉ. ભાયાણી સાહેબ 'ટ્રેજીકકૃતિ' ગણાવે છે. 'અતિજ્ઞાન' જેવા ખંડકાવ્યમાં પણ કાન્તે સહદેવના ત્રિકાળજ્ઞાનનું કારુણ્ય આલેખ્યું છે. જ્યારે 'ચક્રવાકમિથુન'માં પંખીયુગલને વિધિનિર્મિત ક્રૂરતા ભોગ બનવું પડે છે તેનું કારુણ્ય આલેખ્યું છે.

ખંડકાવ્યોમાં કરુણ રસ જ કેન્દ્રસ્થાને હોય એવું નથી. કોઈપણ એક મુખ્ય રસ હોય અને એને આનુષંગિક બીજાં ગૌણ રસ આલેખન પામી શકે. દા.ત. 'ચક્રવાકમિથુન' માં કેન્દ્રવર્તી રસ ભલે કરુણ હોય પણ પંખીયુગલની રસિકક્રીડામાં શૃંગારરસનું આલેખન ઘણું હૃદ્ય બન્યું છે. 'દેવયાની' જેવા ખંડકાવ્યમાં શૃંગારરસનું આલેખન પણ ધ્યાનાર્હ છે.

ખંડકાવ્યોમાં કરુણ ઉપરાંત શૃંગાર, વીર, રૌદ્ર, શાંત આદિ રસોનું આલેખત થતું જોવા મળે છે. નરસિંહરાવ દિવેટિયા કૃત 'ઉત્તરા-અભિમાન્યુ'માં શૃંગાર અને વીરરસનું આલેખન ધ્યાનાર્હ બન્યું છે. તો કલાપીના 'ભરત' જેવા ખંડકાવ્યમાં શાંતરસનું આલેખન, બોટાદકર કૃત 'એભલવાળો' અને મનસુખલાલ ઝવેરીકૃત 'અશ્વત્થામાં' જેવાં ખંડકાવ્યમાં વીરરસનું આલેખત થયું છે. ઘણીવાર એક જ ખંડકાવ્ય એક રસ મુખ્ય અને એના અનુષંગે બીજા રસોનું આલેખન થયું જોવા મળે છે. ભલે મહાકાવ્ય કે આખ્યાનકાવ્યોમાં થતું રસનિરૂપણ ખંડકાવ્યોમાં શક્ય નથી છતાં, ખંડકાવ્યોમાં પ્રસંગાનુરૂપ રસનું આલેખન ખંડકાવ્યોને લોકિપ્રિયતા બક્ષે છે.



## (૫) નાટ્યાત્મકતા

નાટક-એકાંકીની જેમ ખંડકાવ્યમાં આવતી નાટ્યાત્મકતા આ સ્વરૂપને વિશેષ લોકપ્રિય બનાવે છે. કાન્તનાં 'વસંતવિજય' જેવાં ખંડકાવ્યનો નાટ્યાત્મક ઢબે થતો પ્રારંભ અપૂર્વ કલાવિધાન રચે છે. કાન્તનાં અન્ય ખંડકાવ્યોમાં પણ આ લાક્ષણિકતા સવિશેષ દેખાય છે. ખંડકાવ્યમાં કેન્દ્રસ્થાને હોય છે કોઈ વેધક પ્રસંગ; આથી એમના પાત્રોનાં સંવેદન ઘણાં મહત્ત્વનાં હોય છે. ખંડકાવ્યમાં ક્રમશઃ પલટાતી ભાવસ્થિતિનું નાટ્યાત્મક આલેખન ઘણું રોચક બને છે. પાત્રોના મનોગતભાવોને પ્રગટાવવામાં આ કસબ ઘણો ઉપકારક નીવડે છે.

કાન્તનાં ખંડકાવ્યોમાં નાટ્યાત્મક ઢબે થતી રજૂઆત વિશેષ ધ્યાનાકર્ષિત કરે છે. 'વસંતવિજય' ખંડકાવ્યની શરૂઆત અદ્ભુત રીતે થઈ છે. કોઈ એકાંકીનું પાત્ર રંગમંચ ઉપર આવે તેમ માદ્રીના મુખે મુકાયેલી ઉક્તિ કેવી નાટ્યાત્મક લાગે છે જુઓ :

"નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સવાર છે,
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે."

એકાંકીના કુતૂહલ અને વિસ્મયનો અનુભવ કરાવતો આ સંવાદ નાટ્યાત્મક બને છે. નાટ્યાત્મકતાનો અર્થ એવો નથી કે અહીં નાટકનાં-એકાંકીનાં તમામ અંગોની ઉપસ્થિતિ હોવી જોઈએ. 'ચક્રવાકમિથુન' માં આવતાં ચક્રવાક-ચક્રવાકીના સંવાદોમાં પણ ભારોભાર નાટ્યાત્મકતા અંશો નિહાળી શકાય છે. 'અતિજ્ઞાન'માં સહદેવની મનઃસ્થિતિ પણ એની ઉક્તિઓમાં કલાત્મક રીતે પ્રગટ

થાય છે. નરસિંહરાવ દિવેટીયા કૃત 'ઉત્તરા અને અભિમાન્યુ' માં ઉત્તરા અને અભિમાન્યુ વચ્ચે થતો સંવાદ આ ખંડકાવ્યને નાટ્યાત્મક બનાવે છે. જ્યારે રસિકલાલ પરીખનાં 'વિશ્વામિત્ર' ખંડકાવ્યમાં વિશ્વામિત્રના સંવાદો પણ ધ્યાનાર્હ બને છે.કલાપીકૃત 'ગ્રામમાતા'માં વૃદ્ધમાતા અને નૃપ વચ્ચેના સંવાદો પણ નમૂનેદાર બન્યાં છે. વિનોદ જોશી કૃત 'શિખંડી', ચિનુ મોદી કૃત 'બાહુક', સિતાંશુ મહેતા કૃત 'જટાયુ' જેવા કાવ્યો પણ આ દૃષ્ટિએ તપાસવા જેવા છે.

ખંડકાવ્યના સંવિધાનમાં કથનકલા ઘણી મહત્ત્વની ગણાય છે. પાત્રના મનોગતભાવોને પ્રગટાવતી કલામાં કથનની વિશિષ્ટ કલા ઘણી ઉપયોગી સાબિત થાય છે. ખંડકાવ્યમાં અનાયાસે કલોચિત નાટ્યાત્મકતા આવે તો એ ખંડકાવ્યની સિદ્ધિ ગણાય.

### (૬) વર્ણનકલા

ખંડકાવ્ય વસ્તુપ્રધાન કાવ્યસ્વરૂપ હોઈ, તેમાં કવિ જીવનના કોઈ રહસ્યને કે પોતાના કોઈ વિશિષ્ટ દર્શનને આલેખતો હોઈ; વર્ણનકલા ઘણી મહત્ત્વની પુરવાર થાય છે. પ્રસંગ કે વસ્તુને અનુરૂપ વર્ણન ખંડકાવ્યની આગવી વિશેષતા બની જાય છે. મોટાભાગનાં ગુજરાતી ખંડકાવ્યોમાં પ્રકૃતિવર્ણન વિશેષ ધ્યાનાર્હ બને છે. કાન્તનાં ખંડકાવ્યો તેનાં ઉત્તમ નમૂના છે. એમાંયે ખાસ કરીને 'વસંતવિજય' તો અપૂર્વ ઉદાહરણ છે. કાન્તનાં ખંડકાવ્યોમાં ભાવ અને વૃત્તિને પોષતું પ્રકૃતિવર્ણન તો કાન્તની પ્રતિભાનો પરિચાયક બની રહે છે. 'વસંતવિજય' પ્રાકૃતિક સૌન્દર્યનું મનોહર ચિત્ર કાન્ત સ્ત્રગ્ધરાના



પ્રલંબલયમાં આલેખતા કહે છે. :

"ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે કયહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય."

આ માત્ર પ્રકૃતિવર્ણન જ નથી. પાંડુનાં મનોગતને રજૂ કરવા કાન્તે અહીં પ્રકૃતિશ્રીનો ભરપૂર ઉપયોગ કર્યો છે. કાન્તે અહીં પ્રકૃતિચિત્રો દ્વારા વસંતપ્રહરની વેધકતાનાં રમણીય ચિત્રો દોર્યાં છે. 'અતિજ્ઞાન'માં શૂન્યનભ, ઝાંખી દિશાઓ, વ્યાપેલો અંધકાર, ઘોર કરાલ રાત - આદિ સહદેવના જીવનની આંધીનું પૂર્વસૂચન કરે છે. ડૉ. જયંત પાઠક કાન્તનાં ખંડકાવ્યો વિશે લખે છે,- "કાન્તની કવિપ્રતિભાનો ઉત્ફુલ્લ આવિષ્કાર એમનાં ખંડકાવ્યોમાં જોવા મળે છે..... ખંડકાવ્યનું સ્વરૂપ જોતાં એમાં સળંગ પ્રકૃતિવર્ણને અવકાશ નથી. કાવ્યમાં વૃતાન્ત કે ઘટના કેન્દ્રસ્થાને હોઈ એ ઘટનાગતભાવ કે વિચારને પોષવા કે પુષ્ટ કરવા પ્રકૃતિનિરૂપણ થાય. ખંડકાવ્યોમાં પ્રકૃતિતત્ત્વનું આલેખન કરવામાં કાન્ત સૌથી સફળ રહ્યાં છે." 'દેવયાની' જેવાં ખંડકાવ્યમાં ભાવાનુરૂપ પ્રકૃતિવર્ણન ઘણું હૃદયંગમ બન્યું છે. કાન્તે વિવિધ અલંકારોના સહારે પ્રકૃતિનું છટાદાર અને વિપુલ તાજગીપૂર્ણ સૌન્દર્યના અવનવાં ચિત્રો સર્જ્યાં છે. કલાપીકૃત 'બિલ્વમંગળ'માં ઘનઘોર રાત્રિ, ચમકતી વીજળી, યમુનાનાં ઘેરાં જળનું વર્ણન - આદિ બિલ્વમંગળનાં માનસનો પરિચય કરાવે તેવું પ્રકૃતિનું આલેખન ઘણું હૃદયસ્પર્શી બન્યું છે. તો નર્મદાશંકર ભટ્ટ કૃત 'શાપસંભ્રમ' નો કાવ્યારંભ મનોરમ પ્રકૃતિવર્ણનથી થાય છે.

આખા ખંડકાવ્યમાં દૃષ્ટિગત થતાં ભાવવાહી સુરેખચિત્રો અને ચિત્રાત્મકતા ધ્યાનાર્હ બની છે. કવિની વર્ણનશૈલી કાન્તની યાદ અપાવે તેવી અસરકારક છે.

ખંડકાવ્યોમાં પ્રકૃતિવર્ણન ઉદ્દીપન અને ઉદ્દીપક વિભાવનું કાર્ય કરે છે. તો ઘણીવાર કવિ ખંડકાવ્યમાં દુઃખદ ઘટનાને સુખદ પ્રકૃતિચિત્રોના વૈષમ્યથી આલેખીને કરુણરસને વધુ સુઘટ બનાવે છે.

છતાં, એટલું અવશ્ય નોંધવું જોઈએ કે, ખંડકાવ્યોમાં પ્રકૃતિ એક સાધન તરીકે નિરૂપાય છે. છતાં, કેટલાંક ખંડકાવ્યોમાં પ્રકૃતિવર્ણનનાં કેટલાંક ખંડો તો સ્વતંત્ર શુદ્ધ પ્રકૃતિના નમૂના બને છે. વર્ણન એટલે પ્રકૃતિવર્ણન એટલું જ ખંડકાવ્યમાં અભિપ્રેત નથી. વિવિધ ઘટનાઓ કે ભાવોના આલેખનમાં કવિની વર્ણનકલા ઘણી જ મહત્ત્વની પુરવાર થાય છે. કારણકે, ખંડકાવ્યોમાં માનવમનનાં વિવિધભાવોનું આલેખન કેન્દ્રસ્થાને હોય છે. પ્રકૃતિ ખંડકાવ્યમાં મુખ્ય ન બનતાં પશ્ચાદ્‌ભૂમાં જ રહે છે. ગુજરાતી સાહિત્યમાં પ્રાપ્ત ખંડકાવ્યોમાં પ્રકૃતિવર્ણન વિશેષ મ્હોર્યું છે એની પણ નોંધ લેવી ઘટે જ.

**(૭) છંદવૈવિધ્ય**

ખંડકાવ્યમાં વૃત્તાલેખન અનિવાર્ય જ છે એવું તો નથી, પણ ગુજરાતીમાં પ્રાપ્ત ખંડકાવ્યમાં જે અપાર છંદવૈવિધ્ય કળાય છે તે પણ ખંડકાવ્યની એક આગવી લાક્ષણિકતા જ બની રહે છે. એમ કહેવામાં જરાપણ અત્યુક્તિ તો નથી જ. છતાં, રા.વિ.પાઠક કહે



છે તેમ, - ''છંદ અને છંદોભંગી એ કાવ્યભાવનાના શરીરનું નર્તન છે.'' કાન્તનાં ખંડકાવ્યોમાં વૃત્તાલેખન કાન્તની કવિપ્રતિભાનો ઉત્તમ ઉન્મેષ છે. કાન્તે ખંડકાવ્યમાં ભાવાનુસારી છંદો પ્રયોજયાં છે. કાન્તનાં ખંડકાવ્યોમાં એક ચોક્કસ વ્યવસ્થા જોવા મળે છે. કાન્તનાં ખંડકાવ્યોમાં જેમ ભાવ બદલાય છે તેમ છંદ બદલાય છે. ભાવની પ્રબલતા માટે કાન્ત સ્ત્રગ્ધરા અને અનુષ્ટુપ પ્રયોજે છે જ્યારે કરુણભાવ પ્રગટાવવા માટે કાન્ત મંદાક્રાન્તાનો સહારો લે છે. 'દેવયાની' જેવાં ખંડકાવ્યમાં કાન્તે અનુષ્ટુપ, મંદાક્રાન્તા, વસંતતિલકા અને શિખરિણી - એમ ચાર છંદના એકમનું કલેવર યોજ્યું છે. કાન્તે છંદવૈવિધ્યના નવા નવા પડકારરૂપ પ્રયોગો સાર્થક કરી બનાવ્યાં છે. 'વસંતવિજય' ૫૫ શ્લોકમાં લખાયું છે તેમાં ૨૭ શ્લોક તો કાન્તે અનુષ્ટુપમાં જ રચ્યાં છે. ૬, ૧૦, ૧૪ માં શ્લોકમાં શિખરિણી, ૩૭ માં શ્લોકમાં આલેખાયેલ સ્ત્રગ્ધરા તો અનન્ય છે. તો ૪૩મો શ્લોક શાર્દૂલવિક્રીડિતમાં આવે છે. જ્યારે શ્લોક નંબર ૪, ૮, ૧૨, ૧૬ માં કાન્તે વસંતતિલકાનું યોજન કર્યું છે. કાન્તના છંદો વિશે ડૉ. ભૃગુરાય અંજારિયા નોંધે છે :,- ''અહીં કવિ અનુષ્ટુપ - શિખરિણી અને અનુષ્ટુપ વસંતતિલકાના એકમોનું વારાફરતી આયોજન કરે છે. શિખરિણીને કાવ્યનું સામાન્ય કલેવર બાંધનાર એકમમાં પહેલી જ વાર સ્થાન મળે છે... વસંતતિલકા અને શિખરિણી એક સાથે જ ભવ્ય અને રંગીન મનોહર બની શકે તેવા છંદો છે. વળી, જ્યારે જ્યારે કાવ્યનું ભાવવ્યોમ વિશાળ રાખવાનું હોય ત્યારે ત્યારે તે એક સાથે જ બે એકમોનો ઉપયોગ કર્યે જાય છે.'' કાન્ત ક્યાંક એક યોજના તોડીને દ્રુતવિલંબિત વૃત્તપલટાઓ

લાવે છે. કાન્તે કાવ્યની અભિવ્યક્તિ માટે સંસ્કૃત રૂપમેળ વૃત્તોના સૌકાર્યથી અને પ્રભુત્વથી એવો સમન્વય રચ્યો છે અને મીમાંસકોએ કાન્તની છંદવૈવિધ્યની નિપુણતાની ભારોભાર પ્રશંસા કરવી પડી છે.

કાન્તની આ કાવ્યકલાની અસર કલાપીનાં ખંડકાવ્યોમાં પણ જોવા મળી છે. 'બિલ્વમંડળ' ખંડકાવ્યમાં કલાપીએ કરેલો મંદાક્રાન્તા છંદનો વિનિયોગ ઘણો ધ્યાનાર્હ બન્યો છે. તો મનસુખલાલ ઝવેરીએ 'અશ્વત્થામા' ખંડકાવ્યની શરૂઆત અનુષ્ટુપથી કરી છે. જ્યારે અશ્વત્થામાની ઉક્તિઓને આલેખવામાં કવિએ પૃથ્વીછંદ પાસેથી ધાર્યું કામ કઢાવ્યું છે.

ફરી, કાન્ત વિશે એક વાત નોંધવાનું મન થાય કે, પલટાતા ભાવોને અનુરૂપ કાન્તે કરાવેલ છંદ પલટાની રીતિ અપૂર્વ છે. તેની અસર માત્ર ખંડકાવ્યોમાં જ નહીં આપણા કથાકાવ્યો, ઉર્મિકાવ્યો, સૉનેટ કે લાંબા વર્ણનાત્મક કાવ્યોમાં પણ જોવા મળે છે. આ બાબત પણ એક સંશોધનનો વિષય બને તેમ છે.

કાન્ત છંદ ક્ષેત્રે કરેલા પ્રયોગો પણ અભ્યાસનો વિષય બને છે. પ્રથમ વખત કાન્તે સંસ્કૃતમાં બનતું તેમ ગુજરાતીમાં પણ બનતું, એક પંક્તિમાં એક વિચારનું પૂરું થવું - નો ક્રમ તોડી વિચાર અટકે ત્યાં વિરામચિહ્નનો ઉપયોગ થતો. જ્યારે કાન્તે વિચાર કે ભાવ અનુસાર વિરામની પ્રથા શરૂ કરી. કવિતાના સંબંધમાં ઉચિત ગૌરવ કરવા છંદવૈવિધ્ય દાખલ કર્યું. તે અદ્ભુતને નાવીન્યપૂર્ણ છે. એ પછીથી ઘણાં કવિઓ કાન્તને અનુસર્યાં છે.



## <u>(૮) સંસ્કૃત પદાવલિ</u>

સંસ્કૃત પદાવલિઓનું આલેખન ખંડકાવ્યમાં ખૂબ અનિવાર્ય તો નથી પણ કાન્ત તથા અન્ય કવિઓના ખંડકાવ્યોમાં સંસ્કૃત શબ્દયુક્ત પદાવલિઓ, પ્રાસયોજના ભાવાનુકૂળ શબ્દ-વર્ણ-છંદાદિની પસંદગી ખંડકાવ્યને ચોક્કસ લોકપ્રિયતા બક્ષે છે એમાં બે-મત નથી. એક વાત અહીં નોંધવાનું મન થાય કે, કાન્ત પછીના કવિઓમાં આવું આલેખન કાન્તના અનુસરણ જેવું છે. કાન્તનાં ખંડકાવ્યોમાં ધારાગૃહ, દ્યુતિ, ઉદ્ગ્રીવ, માનરિશ્વા, ઉત્કલિકા, ગ્રાવ, અનિષ્ટભાજન, ઉદ્વિગ્ન, વિદ્યુદ્વલ્લિ, જલધિજલદલ, કનિષ્ઠ, શતશૃંગ, જ્યોત્સનાભ્રમણ જેવા સંસ્કૃત શબ્દો અને સમાસો-આદિથી સભર કાવ્યબાની ખૂબ ધ્યાન ખેંચે છે. કાન્તની કાવ્યબાની શિષ્ટ, ગંભરી અને સૂક્ષ્મ છે. જે નવીનભાવોનો પ્રગટાવવામાં ઘણી બધી પોષક નીવડી છે. આ અંગે શ્રી ઉમાશંકર જોશી નોંધે છે તેમ; - "કાન્તની કાવ્યબાની સૌથી પ્રથમ ધ્યાન ખેંચે છે એની સંસ્કૃત શબ્દાવલિથી સંસ્કૃતના આટલા બધા શબ્દો અને આટલી સુભગતાથી ગુજરાતી કવિતામાં પહેલીવાર પ્રયોજાતા જોવા મળે છે." ખંડકાવ્યોની ભાષામાં પ્રાસાદિકતા અને પ્રવાહિતા અનિવાર્ય છે. એમાં શબ્દપસંદગી અને શબ્દ ગોઠવણીનો કશોક ગૂઢ ચમત્કાર જોવા મળે એ પણ જરૂરી છે. કાન્ત જેવાં કવિનાં ખંડકાવ્યોમાં તેમણે પદાવલિઓને ઘૂંટીને એની રસક્ષમતા નાણી છે - જાણી છે. કાન્તની કવિતા ચિરપરિચિત અને સ્મરણાંકિત બની રહે છે એનું કારણ એક એમની કાવ્યબાની છે એમાં કોઈ બે-મત નથી. આ અંગે નલિન

રાવળ નોંધે છે - 'એમના પ્રમુખ સમકાલીન કવિજનોને મુકાબલે કાન્તે અત્યંત જૂજ શબ્દપ્રયોગો વડે ઉત્તમ કવિત્વ સિદ્ધ કર્યું છે.'

ખંડકાવ્યમાં વસ્તુના ઉદાત્ત અને ગાંભીર્યને આલેખવાનું હોવાથી તેમ સામાન્ય ભાષા એટલી ઉપકાર બની શકે નહીં. ડૉ. ચિનુ મોદી નોંધે છે તેમ, - "સંસ્કૃત શબ્દયુક્ત છતાં મધુર પદાવલિ પ્રાસઆયોજના, અર્થાનુસારી અને ભાવાનુસારી અલંકાર-યોજના, ભાવોચિત શબ્દવર્ણ છંદાદિની પસંદગી અને અર્થઘટન શબ્દ-ચયન એ ખંડકાવ્યની ભાષા માટે ઉપયોગી ગણાયાં છે."

આ ઉપરાંત, ખંડકાવ્યોમાં ચિંતનાત્મક પણ ધ્યાન ખેંચે છે. આમ તો ખંડકાવ્યનાં ઉદ્ભવની ભોંયમાં ચિંતનાત્મક તત્ત્વ રહેલું હોય છે. કાન્તનાં ખંડકાવ્યો પરથી પસાર થતાં જણાય છે કે, એમનાં પાત્રો કોઈ વિકટ પરિસ્થિતિનો સામનો કરે છે, એની સામે પડે છે ને છતાં, અંત હારી જાય છે. આવું કેમ બને છે ? એની પાછળ એવાં ક્યાં તત્ત્વોએ ભાગ ભજવ્યો ? - એ પ્રશ્નની સર્જક છણાવટ કરે છે અને કવિ તેમાં પોતાનું ચિંતન રજૂ કરી દે છે. એનો મતલબ એવો નથી કે ખંડકાવ્ય ચિંતન રજૂ કરવા માટે જ રચાય છે. ખંડકાવ્યમાં કવિનું ચિંતન સહજતાથી આલેખાયું હોય તો જ તે સફળ ખંડકાવ્ય બની શકે. અહીં કવિ સ્વયમ્ ચિંતન કરવા પ્રવેશી શકે નહીં. ખંડકાવ્યમાં આવતું ચિંતન ભારઝલ્લું તો ન જ બનવું જોઈએ.

ખંડકાવ્યમાં બીજું એક તત્ત્વ સંઘર્ષ પણ ધ્યાન ખેંચે છે. ખંડકાવ્યમાં આંતર-બાહ્ય ઊભય પ્રકારના સંઘર્ષ આલેખન પામે છે. સંઘર્ષતત્ત્વને કારણે વધુ રોચક બનાવે છે. ઘટનાગત બાહ્યસંઘર્ષ



અને એ બાહ્યસંઘર્ષને કારણે ઊભો થતો આંતરસંઘર્ષ ખંડકાવ્યમાં વેધકતા રજૂ કરે છે. તો ખંડકાવ્યમાં કાળ, સ્થળ અને કાર્યની એકતા દ્વારા સૂક્ષ્મ અને સર્વાંગી આકૃતિસભાનતા કેળવવી જરૂરી છે. ગુજરાતી ખંડકાવ્યોમાં કાન્તનાં ખંડકાવ્યોમાં આકૃતિની સૂક્ષ્મ અને સર્વાંગી સભાનતા વિશેષ ધ્યાન ખેંચે છે. કાન્તનાં ખંડકાવ્યોના પ્રત્યેક શ્લોક એમની ભાવ-વિચાર-કલ્પનાની સ્વયંપર્યાપ્તમાંથી આવે છે. કાન્ત પછી ઘણા કવિઓ કાન્તની આ વિશેષતાને કંઈક અંશે સ્વીકારી ખંડકાવ્યો રચે છે.

ટૂંકમાં, ખંડકાવ્યમાં સમુચિત ઉપાડ અને કલાત્મક અંત, રચના કૌશલ્ય, માનભાવોનું આલેખન, પ્રસંગાલેખન, ભાવાનુકૂળ છંદ, ભાષાનું સૌન્દર્ય, રસાલેખન, આતર-બાહ્ય સંઘર્ષ, નાટ્યાત્મકતા - આદિ તત્ત્વોનું અસરકારક આલેખન થતું જોવા મળે છે. ડૉ. હેમન્ત દેસાઈ ખંડકાવ્યો વિશે નોંધે છે; - "વસ્તુપ્રધાનતા, એથી પરલક્ષિતા, સંક્ષિપ્તતા, એકસૂત્રબદ્ધ નિરૂપણ, કવિની સંવેદનની અભિવ્યક્તિ સાધે એવું વિશિષ્ટ સંવિધાન - તેને માટે યોજાતી નાટ્યસદશ કથનકલા, પ્રકૃતિનાં તેમ અન્ય સહુ વર્ણનોની સૂચનાત્મકતા અને સમગ્રપણે કરકસર - ઔચિત્ય-યુક્તકલા." ખૂબ મહત્ત્વના ગણાવી શકાય.

# ૨

## ૨. ગુજરાતી ખંડકાવ્યની વિકાસરેખા

ગુજરાતી કવિતામાં સૌપ્રથમ ખંડકાવ્યો રચવાનો અને તેને પ્રચલિત કરવાનો બધો જ યશ કવિ કાન્તને ફાળે જાય છે. કાન્તને ખંડકાવ્યનો પિતા કહેવામાં કોઈ અત્યુક્તિ નહીં થાય. આ અંગે ડૉ. સુસ્મિતા મ્હેક નોંધે છે,- "ગુજરાતી ખંડકાવ્યના પ્રથમ પુરસ્કર્તા પણ કાન્તને ઉત્તમ પુરસ્કર્તા પણ કાન્ત, કાન્ત એટલે ખંડકાવ્યો અને ખંડકાવ્યો એટલે કાન્ત." ઈ.સ. ૧૮૬૭માં જન્મેલો આ કવિ ખૂબ પ્રતિભાવંત કવિ છે. ઈ.સ. ૧૮૮૯માં 'બુદ્ધિપ્રકાશ'માં 'મારી કિસ્તી' અને 'ગુજરાત દર્પણ'માં 'અતિજ્ઞાન' જેવા બે સુંદર કાવ્યો પ્રગટ કરે છે. એના પછીના વર્ષે એટલે કે, ઈ.સ.૧૮૯૦માં 'બુદ્ધિપ્રકાશ'માં 'વસંતવિજય' અને 'ચક્રવાકમિથુન' જેવા ઉત્તમ ખંડકાવ્યો પ્રસિદ્ધ થાય છે. એ જ વર્ષે મણિશંકર રતનજી ભટ્ટ 'કાન્ત' ઉપનામ પણ ધારણ કરે છે. આ પ્રતિભાવંત કવિ ૨૨-૨૩ વર્ષની વયે તો એવું જાહેર કરે છે કે, - "હું અવશ્ય માનુ છું કે મારું નામ ગુજરાતી સાક્ષરતામંડળના ઈતિહાસમાંથી જલદી ભૂંસાઈ નહીં જાય." કાન્તના આ શબ્દો આજે પણ એટલા જ યથાર્થ ઠરે છે.

કાન્ત પાસેથી 'રમા', 'અતિજ્ઞાન', 'મૃગતૃષ્ણા', 'કલ્પના અને કસ્તૂરીમૃગ', 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન' જેવા ખંડકાવ્યો



મળે છે. 'દેવયાની' તેમનું અધૂરું ખંડકાવ્ય છે.

'વસંતવિજય' કાન્તનું જ નહીં, સમગ્ર ગુજરાતી ખંડકાવ્યમાં સર્વાંગસંપૂર્ણ ખંડકાવ્યનો ઉત્તમ આવિષ્કાર છે. કાન્તે 'મહાભારત'-ના 'આદિપર્વ'માંથી વસ્તુ લઈ અપૂર્વ કલાસર્જન કર્યું છે. નિયતિની સામે પાંડુના જીવનનું કારુણ્ય આલેખતું આ ખંડકાવ્ય કાન્તની પ્રથિતયશ રચના છે. કાન્તનાં આ ખંડકાવ્યને મોટાભાગના વિદ્વાનોએ સર્વાંગસંપૂર્ણ કલાકૃતિ ગણાવી છે. રવિશંકર ભટ્ટ આ અંગે નોંધે છે- " ... 'વસંતવિજય' કાવ્ય શુદ્ધ કવિતા (Pure Poetry) નું અનુપમ પ્રતીક છે. આ કાવ્યના સર્જનમાં કવિની કલ્પના અને માનવહૃદયની કોમલ અને સૂક્ષ્મવૃત્તિઓ અને ઊર્મિઓ તથા ચંચળ ભાવો સાથે તેના ચિત્તનું તાદાત્મય એટલાં ઓતપ્રોત થયેલાં છે કે જાણે સમગ્ર કાવ્ય આપોઆપ હૃદયમાંથી સોંસરું નીકળી આવ્યું હોય એમ લાગે છે.' 'વસંતવિજય' વિશે વિગતે વાત કરવી છે એટલે વધુ પ્રકાશ પાડતો નથી.

કાન્તનું 'અતિજ્ઞાન' ખંડકાવ્ય પણ ઘણું પ્રશંસા પામ્યું છે. આ કાવ્ય 'વસંતવિજય' પહેલાં લખાયું છે. અહીં ત્રિકાળજ્ઞાની સહદેવના અભિશપ્ત અતિજ્ઞાન-ત્રિકાળજ્ઞાનની વેદના અને એમાંથી પ્રગટતી કરુણતા કૃતિના કેન્દ્રમાં છે : કાવ્યનો પ્રારંભ જુઓ :

"ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય, અનિષ્ટ પાસે;
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત."

પ્રકૃતિચિત્રણથી થતા કાવ્યારંભમાં કવિએ ભાવિનું પૂર્વસૂચન

કરી, અનેરું કવિ કર્મ બજાવ્યું છે. કાન્ત બનતા વિવિધ પ્રસંગો અને તેમાંથી જન્મતા અને જન્મનારા સૂચિતાર્થોથી પૂર્ણ પણે વાકેફ એવો સહદેવ પોતાની મર્મદારક વ્યથાને મૂર્છામાં પલટાવે છે. અહીં કાન્તે કાવ્યના ભાવોના ક્રમિક અને વેગવંતવિકાસ એવો આલેખ્યો છે કે તેમાં એમની કવિ પ્રતિભાનો ઉન્મેષ સોળે કળાએ પ્રગટે છે.

'ચક્રવાકમિથુન'માં કવિએ ચક્રવાક-ચક્રવાકીના એક આદર્શ પ્રણયની કવિએ કલ્પના કરે છે. અહીં કેન્દ્રસ્થાને છે - નિયતિ અને વ્યક્તિ વચ્ચેના સંઘર્ષ અને માનવજીવનના અંતર્ગત કારુણ્યના પોતાના દર્શનને ઉપકારક પક્ષીયુગલની વિરહકથા. તો 'રમા' ખંડકાવ્યમાં કાન્તે સ્ત્રીનાં જીવનની કરુણતા પ્રગટાવી છે. જ્યારે 'મૃગતૃષ્ણા'માં કાન્તે કર્તાની કરણીમાં રહેલી ક્રૂરતા પ્રગટાવી છે. કવિ કહે છે :

"દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં!
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં ?"

'દેવયાની'માં પુરાણપ્રસિદ્ધ યયાતિ-ઉપાખ્યાનમાંથી કચ અને દેવયાનીના સંબંધનું કથાબીજ લઈને ખંડકાવ્ય રચ્યું છે, જો કે, આ ખંડકાવ્ય અધુરું રહેવા પામ્યું છે.

સાચે જ, કાન્તની કાવ્યસૃષ્ટિને 'અર્વાચીન કવિતામાં કળાનો વિજય' ગણાવવામાં આવે છે તે યથાર્થ છે. કાન્ત નવીન જીવનોન્મેષનો ઉત્ફુલ્લ આવિષ્કાર કરનારો સમર્થ કવિ છે. કાન્તનાં ખંડકાવ્યો ભલે પરલક્ષીવસ્તુ ધરાવનારા કાવ્યો હોઈ પણ એમાંકવિની આત્મલક્ષીતા પણ કળાયા વિના રહેતી નથી. કાન્ત ૩-૩-૧૮૯૦ના એક પત્રમાં લખે છે, - "હું ન્યાયી કે દયાળુ કોઈ અધિષ્ઠાતા છે,



એમ માનતો જ નથી, પ્રણયમાં જ સુખ હું સમજું છું અને તે આ જગતમાં સુખી કરતાં દુઃખી વધારે કરે છે.' આ વિચારના તંતુ એના 'દેવયાની'ને અપવાદ ગણતાં બધાં જ ખંડકાવ્યોમાં પડેલાં છે. જુઓ એમનાં ખંડકાવ્યોની કેટલીક પંક્તિઓ :

"નથી ઈશ્વર દુઃખીનોઃ થયું જે જે હતું થવુંઃ
દુનિયામાં હવે શાને, અરેરે ! હાય ! જીવવું ?
x x x x (મૃગતૃષ્ણા)

"અરે ! આ કોમલાંગીએ કેવાં પાપ કર્યાં હશે !
કર્યાં હોય, તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે ?"
x x x x (મૃગતૃષ્ણા)

'કહે કરુણ ચીસોમાંઃ "અરે રે ! આમ શું કરે ?
પ્રણદાન કરું તોયે તૃષ્ણા અત્યંત શું ધરે ?"
(કલ્પના અને કસ્તૂરીમૃગ)

"પ્રિયે ! માદ્રી ! આહા ! સહન મુજથી આ નથી થતું;
નહીં મારે જોઈએ તપફલ, ભલે સહુ જતું;
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા,
છટાથી છોડી દે ! અરર ! કયમ રાખે નિયમિતા ?"
(વસંતવિજય)

"લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી !"
(ચક્રવાકમિથુન)

"કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો નવ થાય અન્ય થા :
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરું,
અનેક હું એકલડો સહ્યા કરું !"
(અતિજ્ઞાન)

**નરસિંહરાવ દિવેટિયા** 'પંડિતયુગ' સમર્થ કવિ છે. જીવનમાં સાહિત્યમાં એક પ્રકારનો પ્રક્ષોભ ઊઠ્યો અને નર્મદયુગના શિક્ષિતોએ એ અસર નીચે અર્વાચીન સાહિત્યના શ્રીગણેશ માંડ્યા. નર્મદની પેઢીને જે લાભ ન મળ્યો એથી વિશેષ લાભ પંડિતયુગની પેઢીને પ્રાપ્ત થાય છે. આવા સર્જકોમાં નરસિંહરાવ દિવેટિયાને ગણાવી શકાય. નર્મદ-દલપતરામની જોડીએ અર્વાચીન ગુજરાતી કવિતામાં નવપ્રસ્થાન કર્યું એ સાચું પણ એથીયે વધારે સાચું એ છે કે, ગુજરાતી કવિતામાં ખરા ખર્થમાં કલાત્મકતા પ્રગટાવનાર નરસિંહરાવ દિવેટિયા છે. આથી જે એમને 'અર્વાચીન ગુજરાતી કાવ્ય-શકુન્તલાના કણ્વ' તરીકે ઓળખવામાં આવ્યાં છે. અંગ્રેજી સાહિત્યના સંસર્ગને કારણે આ કવિ ગુજરાતી કવિતામાં સૌપ્રથમ વખત 'કુસુમમાળા' ઉપરાંત 'હૃદયવીણા', 'નુપૂરઝંકાર', 'સ્મરણસંહિતા', 'બુધ્ધચરિત', 'સરાજતરાયની સુષુપ્તિ' - જેવાં કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. અંગ્રેજી કવિતા પ્રત્યેની અભિમુખતા ઉપરાંત, અંગ્રેજી ઉર્મિકાવ્યને મળતું તેનું ટૂંકું સ્વરૂપ સૌ પ્રથમ વખત 'કુસુમમાળા'માં પ્રગટ થાય છે. નર્મદની કવિતામાં પ્રકૃતિકવિતા, આત્મલક્ષી પ્રણયોદ્‌ગાર, ચિન્તનાત્મકાવ્યો અને રાષ્ટ્રપ્રેમનાં વિશિષ્ટ તત્ત્વોને નર્મદે કવિતામાં સાકાર કર્યાં; પરંતુ એ સર્વનું કલાત્મક આકલન



નર્મદના હાથે બરાબર થયું નથી. નરસિંહરાવ દિવેટિયાએ નવા વિષયોને ઉચિત ભાવની શિષ્ટતા ભાષાગૌરવ અને કવિતાનું કલાત્મક બાહ્ય કલેવર સૌ પ્રથમ વખત ગુજરાતી કવિતામાં રચ્યું છે. નરસિંહરાવે 'કુસુમમાળા'માં ગુજરાતને એક નવી જ ભૂમિનું દર્શન કરાવ્યું.

નરસિંહરાવ દિવેટિયા પાસેથી કેટલાંક ખંડકાવ્યો પણ પ્રાપ્ત થયાં છે. 'ઉત્તરા અને અભિમાન્યુ', 'ચિત્રવિલોપન', 'તદ્‌ગુણ', 'મહાભિનિષ્ક્રમણ', 'મત્સ્યગન્ધા અને શાન્તનું' - આદિ તેમનાં ખંડકાવ્યો છે. 'ઉત્તરા અને અભિમાન્યુ' એમનું ધ્યાનાર્હ ખંડકાવ્ય છે. આ કાવ્યનું વસ્તુ 'મહાભારત'માંથી લેવામાં આવ્યું છે. કાવ્યની શરૂઆત ઉત્તરા સ્વપ્રદર્શનથી ઝબકીને જાગી પડે ત્યાંથી થાય છે. અહીં કવિએ એક બાજુ ઉત્તરાના જીવનખંડ ઉપર પ્રકાશ ફેંકી, ઉત્તરાના હૃદયની કોમળતા અને વિહ્‌વળતા પ્રગટ કરી છે. તો બીજી બાજુ, અભિમાન્યુના માર્દયયુક્ત પૌરુષની તેજસ્વિતા, પ્રેમ કરતાં ધર્મ પ્રત્યેની એમની ઉત્કટતા આલેખી છે. એકવાત અત્રે નોંધવી જોઈએ કે, નરસિંહરાવ દિવેટિયાને એક ઉર્મિકવિ તરીકે જેટલી ખ્યાતિ મળી છે તેટલી સફળતા ખંડકાવ્યક્ષેત્રે મળી નથી. તેમનાં ખંડકાવ્યોમાં ખંડકાવ્યોની સ્વરૂપગત લાક્ષણિકતા પૂર્ણપણે સાકારિત થતી નથી. કાન્ત ખંડકાવ્યોની કક્ષાએ શ્રી દિવેટિયાનાં ખંડકાવ્યો ઓછાં કલાત્મક બન્યાં છે. છતાં, શ્રી દિવેટિયાને ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ ઠીક ઠીક પ્રમાણમાં ફાવ્યું છે.

**કલાપી** 'પંડિતયુગ'નો જ નહીં પણ આજેયે યુવાવર્ગનો લોકપ્રિય કવિ છે. ગુજરાતી સાહિત્યનો સૌથી અલ્પાયુ આ કવિએ

એકમાત્ર કાવ્યસંગ્રહ 'કેકારવ'થી ગુજરાતી કવિતામાં પોતાનું નામ ગૌરવભેર અંકિત કર્યું છે. કલાપીની કવિતામાં ભલે સૂક્ષ્મતાનું પ્રમાણ ઓછું હોય, ભાવ અને કલ્પનાની ગહનતા પણ પ્રમાણમાં ઓછી હોય પણ તેની કવિતામાં રસ કરતાં લાગણીનો ઉદ્રેક વધારે છે. ભાષાની, છંદોની, અર્થની, ઊર્મિની પ્રવાહિતા તે સમયના કોઈપણ ગુજરાતી કવિને ટપી જાય તેવાં તેણે સાધ્યાં છે. તેમની ઋજુતાભરી, સુકોમળ ભાષા-છંદની પ્રવાહિતાયુક્ત ઊર્મિલશૈલી સિદ્ધ કરી છે. કલાપી મુખ્યત્વે આત્મલક્ષી કવિ છે. જીવનમાં જે ભાવો, લાગણીઓ અને તરંગો તેમને સ્ફુર્યા તે તમામને સહજતાથી અને સુકુમાળ નિરૂપણથી વહેતાં કર્યાં.

કલાપી પાસેથી 'બિલ્વમંગળ', 'ગ્રામમાતા', 'ભરત', 'વીણાનો મૃગ', 'સારસી', 'પ્રપાત' - જેવાં ખંડકાવ્યો પ્રાપ્ત થયાં છે. 'વૃદ્ધ ટાલિયો' અને 'હૃદયત્રિપુટી' માં થયેલો વધુ વિસ્તાર તેને ખંડકાવ્યની વિભાવનામાંથી બહાર મૂકે છે. કલાપીની રસનિરૂપણની શક્તિ, વસ્તુ આલેખનની કુશળ રીતિ અને પ્રકૃતિવર્ણનની હથોટીને લીધે તેમનાં ખંડકાવ્યો વિશેષ લોકભોગ્ય બન્યાં છે. આમ તો ખંડકાવ્ય પરલક્ષી સાહિત્યપ્રકાર છે પણ કલાપીના ખંડકાવ્યોમાં કવિએ પોતાની અંગત ઊર્મિઓ કે ભાવોને અન્ય પાત્રોના વેશાંતરે આરોપી દીધા છે. તેમની ઉત્કટ હૃદયવૃત્તિ સ્વાનુભવમાં આવેલ સઘળાં ભાવો-વિચારોને તેમણે ખંડકાવ્યમાં પણ ગુંથ્યા છે. 'ભરત', 'બિલ્વમંડળ', 'ગ્રામમાતા', 'સારસી'- જેવાં ખંડકાવ્યો ઘણાં નોંધનીય કાવ્યો છે.

**ગોવર્ધનદાસ ડાહ્યાભાઈ એન્જિનિયર** ગુજરાતી કવિતા ક્ષેત્રે



ભલે બહુ જાણીતું નામ નથી પણ તેમની પાસેથી ૧૯૧૭માં અઢારસર્ગમાં 'રામચરિતામૃત' માં રામાયણની કથા મળે છે. આ કૃતિની વિશેષતા એ છે કે, તેના પ્રત્યેક સર્ગ સ્વતંત્ર ખંડકાવ્ય જેવાં છે. 'સીતા-પરિત્યાગ' નામનો સર્ગ એક સુંદર ખંડકાવ્ય ગણી શકાય એવી કૃતિ છે. કવિની ભાષા, છંદ અને વસ્તુવિન્યાસ, રમણીય, શિષ્ટ અને પૌઢિયુક્ત શ્લોકરચના ધ્યાનાર્હ છે. અહીં જાનકીની દોહદાવસ્થા, રામનાં હૃદયમાં ચાલતો પ્રેમ અને ધર્મ વચ્ચેનો સંઘર્ષ, પ્રકૃતિચિત્રો આદિ ધ્યાનાર્હ બને છે. સીતાનાં જીવનના 'પરિત્યાગ' પ્રસંગમાંથી એના પાત્ર ઉપર વિશિષ્ટ વેધક પ્રકાશ ફેંકી એની ઉદાત્તતાનું દર્શન કરાવતો આ ખંડ, રચના દૃષ્ટિએ ખંડકાવ્યના લક્ષણો ધારે છે.

**અરદેશ ફરામજી ખબરદાર** નાનપણમાં **'પારસી બુચા કવિ'** અને **'આલુ કવિ'** જાણીતા થયેલા. ગુજરાતી કવિતામાં 'અદલ' અને પાછળથી 'મોટાલાલ' આદિ ઉપનામથી જાણીતા બનેલા આ કવિ **ખબરદાર** તરીકે સુખ્યાત બન્યાં છે. તેમણે 'કાવ્યરસિકા', 'વિલાસિકા', 'પ્રકાશિકા', 'ભારતનો ટંકાર', 'સંદેશિકા', 'રાષ્ટ્રિકા', 'રાસચંદ્રિકા ભાગ - ૧-૨', 'ભજનિકા', 'કલ્યાણિકા' અને 'કિર્તિનિકા' જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. આ કવિની કવિતામાં દલપતરામ, કાન્ત, નરસિંહરાવ તેમજ પાશ્ચાત્ય કવિઓની અસર પણ જોવા મળે છે. ખબરદાર પાસેથી 'પુરોહિતની રાજ્યભક્તિ' જેવું ખંડકાવ્યના કેટલાક લક્ષણો ધરાવતું કાવ્ય પ્રાપ્ત થાય છે. ખબરદારે ઈતિહાસ પ્રસિધ્ધ મેવાડભૂમિના રાણા ઉદેસિંગના બે પુત્રો પ્રતાપ અને શુક્ત મુગયાવિહાર કરવા ગયા

ત્યાં વાદવિવાદ ઉતરીને દ્વન્દ્વ યુદ્ધમાં ઉતરે છે. ત્યાં કુલપુરોહિત આવે છે અને બન્નેને શાંતિ માટેની આર્જવભરી વિનવણી કરે છે છતાં, બન્ને રાજકુમાર માનતા નથી અંતે રાજપુરોહિત છાતીમાં કટાર ભોંકી આત્મવિલોપન કરે છે. કુલસેવાનું વ્રત આમ પ્રાણાર્પણથી બજાવી પોતાના પદને ઉદાત્ત રીતે સાર્થક કરે છે. 'પુરોહિતની રાજભક્તિ' એમની ભાવાલેખન શક્તિનો સબળ આવિર્ભાવ ધ્યાનાર્હ છે. જોકે, ખબરદારને ખંડકાવ્યમાં વિશેષ સિદ્ધિ મળી નથી. એમના કાવ્યો વિશેષ પ્રતિકાવ્યો બની રહે છે.

**દામોદર ખુશાલદાસ બોટાદકર** સૌરાષ્ટ્રનાં એક નાનાં ગામ બોટાદમાં જન્મેલાં. આ કવિએ પોતાની શાહ અટક બદલીને બોટાદકર રાખી કાવ્યસર્જન કર્યું. માંડ છ ધોરણ સુધી ભણેલા આ કવિએ સંસ્કૃત અને વિશેષ અંગ્રેજી કવિતાની પ્રભાવક અસર તળે ગુજરાતી કવિતા આપી છે. બોટાદકર પાસેથી કાન્ત અને કલાપીની અસરવાળા કેટલાંક ખંડકાવ્યો મળ્યાં છે. 'પુડરિક', 'મહાવીર', 'જયદેવ-પત્ની', 'મીરાં', 'સ્વપ્ન' જેવા કથાકાવ્યો ઉપરાંત 'ઊર્મિલા', 'બુદ્ધનું ગુહાગમન', 'એભલવાળો' - જેવાં ખંડકાવ્યો પ્રાપ્ત થયાં છે. 'ઊર્મિલ' ખંડકાવ્યમાં ઊર્મિલના ત્યાગને મહત્તા આપીને ઊર્મિલાના પાત્રને અપૂર્વ ગૌરવ બક્ષ્યું છે. જોકે, કાન્તનાં ખંડકાવ્ય જેવું કલાનૈપુણ્ય આ ખંડકાવ્યમાં કળાતું નથી. તો 'બુદ્ધનું ગૃહાગમન'માં બુદ્ધની વૈશ્વિક પ્રેભાવનાને કવિએ કુશળતાથી આલેખી છે. અહીં નગરવર્ણન તેમજ યશોધરાનું શબ્દચિત્ર ધ્યાનાર્હ બન્યું છે.

'એભલવાળો' બોટાદકરનું સારું ખંડકાવ્ય છે. લોકકથામાં



જેમને ગૌરવ પ્રાપ્ત થયું છે એવી સોરઠી લોકકથાના નાયક એભલવાળાની ઉદાત્તતા કવિએ કલાત્મક રીતે આલેખી છે. અત્રે નોંધવું જોઈએ કે, કાવ્યની લંબાઈ કાવ્યના પ્રવાહને ક્યાંક મંદ પાડે છે છતાં, પ્રસંગમાં રહેલી ઉત્કટતાથી અહીં ખંડકાવ્યનો પિંડ બંધાયો છે. અહી પિતાને બદલે પોતાનું મસ્તક આપવા તૈયાર થઈ જતા બાળ એભલવાળાની પિતૃભક્તિનું અદ્‌ભુત આલેખન ધ્યાનાકર્ષક છે. 'ઊર્મિલા' અને'બુદ્ધ ગૃહાગમન' કશા રહસ્ય અને આકાર સૌષ્ઠવ વિનાના જરા કથાકાવ્ય જવો બની ગયા હોય એમ લાગે છે. 'એભલવાળો'માં બોટાદકરે રસનિરૂપણની તકો ઝડપીને બોધકતા વિના કથા નિરૂપી અનેરું કલાવિધાન રચ્યું છે. બે-શક 'એભલવાળો' બોટાદકરનું એક સુંદર ખંડકાવ્ય છે.

**નર્મદાશંકર પ્રભુરામ ભટ્ટ** નાની ઉંમરે મૃત્યુ આ કવિએ કેટલીક સુન્દર કલાકૃતિઓ આપી છે. શ્રી ભટ્ટ કાન્તની કાવ્યકલાના એક સફળ અનુયાયી હતાં. 'શાપસંભ્રમ અને બીજી કવિતાઓ' એમનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. તેમાં 'શાપસંભ્રમ' જેવું સુન્દર ખંડકાવ્ય મળે છે. કાન્તનાં 'વસંતવિજય'માં આવતી પાંડુંના જીવનની શાપ અને એમાંથી પ્રગટતી કરુણાને કાન્તે સુન્દર રીતે આલેખી છે. 'શાપસંભ્રમ' ખંડકાવ્યનો પ્રારંભ નર્મદાશંકર ભટ્ટે કલાત્મક રીતે કરાવ્યો છે. પ્રકૃતિવર્ણનથી થતો કાવ્યારંભ કાન્તની યાદ અપાવે છે. આ ખંડકાવ્યમાં પ્રકૃતિવર્ણનો, હૃદયવેધી પ્રસંગો, કાવ્યમાં પ્રગટતી ચિત્રાત્મકતા, વૃત્તાલેખન-આદિ કાન્તની કાવ્યકલાની સ્મૃતિ કરાવે તેવી અસરકારક છે. સુન્દરમ્ આ કાવ્યમાં ડગલે ડગલે ચિત્રાત્મકતા નિહાળે છે. તો બળવંતરાય ઠાકોર ''દરેક

ચિત્ર સુરેખ, ભાવવાહી, ખુલ્લી રોશનીથી દીપતું અને અસરકારક છે.'' એવું આ ખંડકાવ્ય માટે કરેલું વિધાન પણ ઘણું સાર્થક લાગે છે. કાન્ત, નરસિંહરાવ, કલાપી, બોટાદકર, ખબરદાર પછી નર્મદાશંકર ભટ્ટ ગુજરાતી ખંડકાવ્યનાં વિકાસમાં પોતાના ફાળો આપે છે.

**કૃષ્ણલાલ શ્રીધરાણી** ગાંધીયુગના કવિ હોવા છતાં એમની કવિતામાં અનુગાંધીયુગની અરુણાઈના સૂર સંભળાય છે. અનુગાંધીયુગના સમર્થ કવિ રાજેન્દ્ર શાહે ક્યાંક 'કોડિયાં' કાવ્યસંગ્રહનું ઋણ સ્વીકાર્યું છે. શ્રીધરાણી પાસેથી 'કોડિયાં', અને 'પુનરપિ' જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. આ કવિ પાસેથી 'સ્વરાજરક્ષક', 'પાપી', 'અવલોકિતેશ્વર', 'રૂપરાણી', 'રોહિણી', 'ભાઈબહેન', 'અંજની' 'પ્રણયપુત્રમાત્રા' જેવા કથાકાવ્યો પ્રાપ્ત થયા છે.

'સ્વરાજરક્ષક' જેવાં કાવ્યમાં ખંડકાવ્યના લક્ષણો પ્રતીત થાય છે. પોતીકી રચનારીતિથી દીપતું આ કાવ્ય નોંધનીય છે. અહીં સ્વામી રામદાસ અને ખેડૂતના જાણીતાં કથાનકને આલેખી આ ખંડકાવ્યમાં રાષ્ટ્રીયભાવનાનો ઉન્મેષ ઝીલવાની તક ઝડપી છે. વિવિધ છંદ ઉપરની કવિની એક સરખી હથોટી, છંદમિશ્રણની કુશળ સુઝ, શબ્દચયન આદિ તત્ત્વો આ રચનાને માતબર બનાવે છે - એવું વિધાન ચિનુ મોદીએ પણ કર્યું છે. ઉમાશંકર જોશીને આ ખંડકાવ્ય 'પરમોચ્ચ સફળતા' પ્રાપ્ત કરતી કૃતિ લાગી છે. આ રચનાનો નાટ્યાત્મક પ્રારંભ આ કવિની પ્રકૃતિપ્રીતિને વ્યક્ત કરે છે. વળી, આ કલાકૃતિમાં ઋજુમૃદુપદ્ય, સાફસૂથરા પ્રવાહી



છંદ અને દશ્યકલ્પનોની એક પછી એક રચાતી ચિત્રમાળા ધ્યાનાર્હ બને છે.

આ સમયગાળા દરમ્યાન શ્રી ભાઈશંકર કુબેરજી શુકત કૃત 'ઉત્તરાનું સ્વપ્ન અને વિદાય', શ્રી હરગોવિંદ ત્રિવેદી કૃત 'શિવાજી અને જેબુન્નિસા', શ્રી વિઠ્ઠલભાઈ મહેતા કૃત 'મહન્તે', 'હૃદયમંથન', શ્રી કેશવ હ. શેઠ પાસેથી 'દામ્પત્યસ્નેહ', શ્રી નાગરદાસ અમરજી પંડ્યા કૃત 'કુન્તી અને દિવાકર', દિપકબા દેસાઈ પાસેથી લગભગ ૨૦ જેટલી કૃતિઓ એમના 'ખંડકાવ્ય' નામના સંગ્રહમાંથી પ્રાપ્ત થાય છે. શ્રી રંજિતલાલ હ. પંડ્યા કૃત 'શકુન્તલા', 'જમદગ્નિ અને રેણુકા', 'મહાવીરપ્રસાદ દાવીચે', 'અર્જુન અને ઉર્વશી', શ્રી ઉછંગરાય ઓઝા કૃત 'સેણી અને વીજાણંદ', 'મેહ-ઊજળી', શ્રી ગોવિંદભાઈ પટેલ પાસેથી 'સાવિત્રી-મય' અને 'અર્જુન-ઉર્વશી' ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે. આ બધી જ કૃતિઓ ક્યાંક જો પ્રસંગકથા છે. તો કોઈ ચિંતનાત્મક જેવાં કાવ્યો છે. તેને ખંડકાવ્યો ગણાવી શકાય કે કેમ ? એક અભ્યાસનો વિષય છે. ખંડકાવ્યોના માપદંડોથી તપાસવા જતા આ કૃતિઓ ઘણી નબળી પુરવાર થાય છે આથી તેને ખંડકાવ્ય ગણાવી શકાય નહીં.

**'શેષ'** ઉપનામથી કવિતા લખનારા **શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક** ગાંધીયુગના એક સમર્થ કવિ છે. તેમની પાસેથી 'શેષનાં કાવ્યો' અને 'વિશેષના કાવ્યો' એવાં બે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી 'રણકદેવી', 'તુકારામનું સ્વર્ગારોહણ', 'બુદ્ધનું નિર્વાણ' - જેવા ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે તેમનું 'તુકારામને

સ્વર્ગારોહણ'માં ખંડકાવ્યનું કલાવિધાન ધ્યાનાર્હ બન્યું છે. અનુષ્ટુપ અને મિશ્રોપજાતિ છંદ દ્વારા આ કવિએ નાટ્યોચિત્ત વ્યાપ ખંડકાવ્ય કક્ષાનો છે. ચોકસાઈપૂર્વકની ગણતરીબદ્ધ છતાં ભાવાત્મક બનતી રચનાઓમાં આ કૃતિને ઘણું મહત્ત્વનું સ્થાન આપવું પડે તેમ છે. અહીં કવિએ ઈન્દ્રના આગમનથી સદેહે સ્વર્ગપ્રાપ્તિ કરતા ભક્ત તુકારામ અને સંસારચક્રને અનુવર્તતી જિજાઈનાં સુંદર શબ્દોચિત્રો ધ્યાનાર્હ બને છે. આ ખંડકાવ્ય ત્રણ ખંડમાં આલેખાયું છે. તો 'બુધ્દ્રનું નિર્વાણ'માં બુદ્ધમહિમાગાન આલેખાયો છે. 'રાણકદેવી' ઠીકઠીક કક્ષાની કાવ્યકૃતિ છે.

ગાંધીયુગના બીજાં એક મહત્ત્વના કવિ **સુંદરજી બેટાઈ** પણ ગાંધીયુગના એક નોંધનીય કવિ છે. તેમની પાસેથી 'જ્યોતિરેખા', 'ઈન્દ્રધનુ', 'વિશેષાંજલિ' - જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમણે 'સુલોચનાનું લોચનદાન', 'સિધ્ધાર્થનું સ્વપ્ન', 'શસ્ત્રસન્યાસ' જેવાં ખંડકાવ્યો આપ્યાં છે.

બુદ્ધનું કથાવસ્તુ લઈને ગુજરાતી કવિતામાં ઘણાં કવિઓએ કાવ્યો રચ્યાં છે. શ્રી બેટાઈ પાસેથી 'સિધ્ધાર્થનું સ્વપ્ન' નામક ખંડકાવ્ય પ્રાપ્ત થાય છે. આ ખંડકાવ્યમાં સિધ્ધાર્થનાં ચિત્તમાં - ગૃહત્યાગ પૂર્વ ચાલતો સંઘર્ષ કલાત્મક રીતે નિરૂપણ પામે છે. 'સુલોચનાનું લોચનદાન' ખંડકાવ્યમાં કવિની કવિત્વશક્તિનો ઉન્મેષ કળાય છે. આ ઉપરાંત, 'શસ્ત્રસન્યાસ'માં કવિએ શ્રીકૃષ્ણના જીવનખંડના મર્મનું કલાત્મક આલેખન કર્યું છે. કાન્તની ભાવાનુકૂળ વૃત્તવૈવિધ્યવાળી શૈલીમાં મનોહર વાક્છટાએ પ્રકટ કરતા આ ખંડકાવ્યોમાં કલ્પના વડે એક કવિએ વિષયોને નવ્ય સ્વરૂપ બક્ષવાનો



પ્રયાસ કર્યો છે. 'સિધ્ધાર્થનું સ્વપ્ન' અને 'શસ્ત્રસન્યાસ' જેવા કવિના ખંડકાવ્યો ધ્યાનાર્હ બન્યાં છે. કવિની વિષયપસંદગી, છંદવૈવિધ્ય, સંસ્કૃત પ્રાચુર્ય - આદિ બાબતે કાન્તની ખંડકાવ્ય રીતિને જ શ્રી બેટાઈ વરેલા દેખાય છે.

**મનસુખલાલ ઝવેરી** પણ ગાંધીયુગના એક અગ્રણી કવિ છે. 'ફૂલદોલ', 'આરાધના', 'અભિસાર' અને 'અનુભૂતિ' જેવા કાવ્યસંગ્રહો દ્વારા તેમણે ગુજરાતી કવિતામાં પોતીકી મુદ્રા દાખવી છે. તેમની પાસેથી 'યુદ્ધારંભ', 'અભિમાન્યુ', 'અશ્વત્થામા', 'પહેલો દિવસ', 'બીજો દિવસ', 'ત્રીજો દિવસ', 'મહાપ્રસ્થાન' - જેવાં કથાકાવ્યો પ્રાપ્ત થાય છે તેમાં કેટલાંકમાં તો ખંડકાવ્યનાં ઘણાં લક્ષણો જોવા મળ્યાં છે. તેમાં 'અભિમાન્યુ' ખંડકાવ્યમાં કવિએ રણસંગ્રામમાં કેશરીસમો અભિમાન્યુ યુદ્ધમાં લડીને જે રીતે વીરગતિને પ્રાપ્ત કરે છે તેનું આલેખન હૃદયંગમ બન્યું છે. તો 'અશ્વત્થામા' એક સુંદર ખંડકાવ્ય બન્યું છે. અશ્વત્થામા મૃત્યુ પામ્યો એવું જાણીને એમના પિતા દ્રોણાચાર્ય શસ્ત્રત્યાગ કરે છે અને ધૃષ્ટદ્યુમન તેનો વધ કરે છે. પિતાનું કપટથી મૃત્યુ થયું જાણીને અશ્વત્થામાના ચિત્તમાં વૈરાગ્નિ પ્રદિપ્ત થાય છે. શ્રી ઝવેરીએ અહીં અશ્વત્થામાની મનઃસ્થિતિને અસરકારક રીતે આલેખી છે. મનસુખલાલ ઝવેરીની છંદસિદ્ધિ પણ ઘણી પ્રશંસનીય છે. 'અશ્વત્થામા' ખંડકાવ્યમાં મનસુખલાલ ઝવેરીએ અનુષ્ટુપ, પૃથ્વી જેવા છંદો પાસેથી ધાર્યું કામ કઢાવ્યું છે. આ ઉપરાંત સ્ત્રગ્ધરા, મંદાક્રાન્તા, ઉપજાતિ - જેવા છંદોને પણ પ્રસંગાનુરૂપ આલેખ્યાં છે. ભાવનિષ્પતની દૃષ્ટિએ પણ આ કૃતિ નોંધનીય છે.

**ગણપતલાલ ભાવસાર** ગાંધીયુગના અલ્પપરિચિત કવિ હોવા છતાં, એમની પાસેથી કેટલાંક સારાં કાવ્યો પ્રાપ્ત થયાં છે. આ કવિ શાંતિનિકેતનમાં રહ્યાં હોવાથી એમનાં સર્જનમાં કુલગુરુ રવીન્દ્રનાથ ટાગોરની અસરને સ્પષ્ટપણે કળી શકાય છે. તેમની પાસેથી 'દશરથનો અંતકાળ' જેવું સુંદર ખંડકાવ્ય પ્રાપ્ત થાય છે. આ ખંડકાવ્યમાં મૃત્યુની નજીક આવેલા દશરથની મનઃસ્થિતિને કલાત્મક રીતે આલેખી છે. મૃત્યુની છેલ્લી ક્ષણોએ દશરથના મનોચિત્તમાં ભૂતકાળનું દશ્ય તાજું થાય છે તેનો પશ્ચાતાપ દશરથના ચિત્તને વ્યાકુળ બનાવી મૂકે છે, તેનું અસરકારક આલેખન ઘણું હૃદ્ય બન્યું છે.

**સુન્દરમ્** ગાંધીયુગના સમર્થ કવિ છે. તેમની પાસેથી ગુજરાતી કવિતાને કેટલાક ઉત્તમ કાવ્યો પણ પ્રાપ્ત થયા છે. તેઓને 'કવિતારક'ની ખ્યાતિ પણ પ્રાપ્ત થઈ છે. તેમની પાસેથી 'મહાત્ર્યંબક', 'દ્રૌપદી', 'કર્ણ' - જેવા ચરિત્રાત્મક કથાકાવ્યો પ્રાપ્ત થાય છે. તેમાં 'મહાત્ર્યંબક' કાવ્ય ખંડકાવ્યના ઘણાં લક્ષણો ધરાવે છે. અહીં એક વૃદ્ધાનો પુત્ર એની પત્ની અને પુત્રીને છોડી સન્યાસી બની જાય છે. વર્ષો પછી પાછો આવી આ ત્રણેયને શિષ્ય તરીકે સ્વીકારે છે. અહીં કવિએ વૃદ્ધાએ પોતાના પુત્રને સ્વસ્થતાપૂર્વક વૈરાગ્ય માટે અનુજ્ઞા આપી તેમાં તેમનું સ્વાસ્થય, જીવનને શ્રેયસ્કારી પચાવી શકે તેવી ત્યાગ ભાવનામાં આ કાવ્યનું રહસ્ય રહેલું છે. જોકે, સમગ્રપણે જોતા આ કાવ્ય એક પ્રસંગકાવ્ય જ બની રહે છે. તેને આપણે સંપૂર્ણ કલાસ્વરૂપ ધરાવતું ખંડકાવ્ય કહી શકીએ નહીં. કવિ તરીકે સુન્દરમે ભલે ખ્યાતિ પ્રાપ્ત કરી હોય પણ ખંડકાવ્યમાં તેમને



ખાસ સફળતા મળી નથી, એ નોંધવું રહ્યું.

**ઉમાશંકર જોશી** ગાંધીયુગના બીજા સમર્થ કવિ તમેની કાવ્યસાધના અનુગાંધીયુગમાં પણ ચાલુ જ રહી હતી. ''ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો.'' કહીને ઉમાશંકર જોશી ''છેલ્લો શબ્દ મૌનને જ કહેવાના હોય છે.'' - ત્યાં સુધીની કવિની શબ્દયાત્રામાં ઉમાશંકર જોશી કવિ તરીકે વિશેષ ખ્યાતિ પામ્યાં છે. ઉમાશંકર જોશી પાસેથી 'વિશ્વશાંતિ' જેવું અનોખું કાવ્ય મળ્યું છે. તો 'ભટ્ટબાણ' જેવી રચનામાં પણ કવિની પ્રતિભાનો ઉન્મેષ જોવા મળે છે. તેમનું 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય કાન્તનાં ખંડકાવ્યથી જુદાં જ ઢાળામાં લખાયેલું એક અનોખી શૈલીનું યુગદર્શી ખંડકાવ્ય છે. અહીં કોઈ એક પાત્ર કેન્દ્રસ્થાને નથી. અહીં તો સમગ્ર માનવજાતિનો અને શાંતિ માટે તેનો આર્તનાદ કલાત્મક રીતે પ્રગટે છે તેમાં ખંડકાવ્યનું રહસ્ય પમાય છે. અહીં માનવજાતિ મુખ્યપાત્ર તરીકે આવે છે. તેની ઊર્મિ, ભાવના, સંસ્કૃતિ અને વિચારસમૃદ્ધિ ધ્યાનાર્હ છે. આ અંગે 'આપણાં ખંડકાવ્યો'માં સંપાદકો નોંધે છે –' કાવ્યના આરંભ અને અંતની વચ્ચે માનવજાતિની સાંસ્કૃતિક પ્રગતિની સમગ્ર કથા પથરાયેલી છે. માનવજાતિ તેના મુખ્ય પાત્રનું કામ કરે છે. તેની ઊર્મિ, ભાવના, સંસ્કૃતિ અને વિચારસમૃદ્ધિ કવિએ સમર્થ વાણીમાં ગૂંથીને ઉચ્ચ કલાસિદ્ધિ દાખવી છે. અર્વાચીન ગુજરાતનું આ એક શકવર્તી કાવ્ય છે.' ''ભટ્ટ બાણ''માં થોડુંક દીર્ઘસૂત્રતાપણું ખટકે છે છતાં, કાવ્યની પદાવલિ, છંદછટાઓ, કથા અને અનુભૂતિની તીવ્રતા આદિ અનુભૂતિને કવિ ઉત્કટ રીતે આલેખે છે; એ દૃષ્ટિએ આ કૃતિ તપાસવી જોઈએ.

**ઝવેરચંદ મેઘાણી 'રાષ્ટ્રીય શાયર'** તરીકે સુખ્યાત બન્યા છે. આ કવિએ ગુજરાતી કવિતા અને ખાસ કરીને લોકસાહિત્યના સંપાદનથી ગુર્જરભૂમિને ધન્ય ધન્ય બનાવી દીધી છે. 'અભિસાર' જેવી રવીન્દ્રનાથ ટાગોરના 'કથાઓ કાહિની' ની એક કૃતિનો અનુવાદ જેવી કૃતિ પ્રાપ્ત થાય છે. એમાં ઝવેરચંદ મેઘાણીની કવિ પ્રતિભા ભલે સોળે કળાએ ખીલી ઊઠે છે છતાં, તેમાં ખંડકાવ્યના સ્વરૂપનો માપદંડ સચવાયો નથી. આ સિવાય પણ મેઘાણી પાસેથી ઘણાં કથાકાવ્યો પ્રાપ્ત થયાં છે; પણ તે ખંડકાવ્યો તો નથી જ.

**પૂજાલાલ રણછોડલાલ દલવાડી** સુન્દરમની જેમ અરવિંદ શ્રમવાસી બન્યાં. તેમની પાસેથી કેટલાંક સારાં સૉનેટ મળ્યાં છે. તેમનું 'રાજર્ષિ શિવાજી' નામનું કાવ્ય ખંડકાવ્યની પરંપરાનું એક સુંદર કાવ્ય છે. તેમાં ખંડકાવ્યોના કેટલાક લક્ષણો દષ્ટિગત થાય છે. પૂજાલાલ દલવાડીએ ઈતિહાસ પ્રસિદ્ધ શિવાજીના જીવનને એક પ્રસંગ કલાત્મક રીતે ગૂંથ્યો છે. તેમાં, શિવાજી મહારાજની ઉદાત્તભાવના અને સાત્ત્વિક દષ્ટિનો પરિચય મળી રહે છે. શિવાજીએ પોતાના જીવનમાં અનેક પરાક્રમો કર્યાં છે. શિવાજીથી ભયભીત બનેલો એક સૂબો પોતાનો ગઢ છોડીને ભાગી છૂટે છે. તેનાં મહેલમાંથી એક સૌન્દર્યમૂર્તિસમી નવવધૂ સૈનિકોના હાથમાં સપડાય જાય છે. સૈનિક ઈનામ પામવાની આશાએ એને શિવાજી મહારાજ પાસે લઈ આવે છે. પણ, શિવાજી એમાં અંબિકા-માતાનું સ્વરૂપ નિહાળે છે અને કહે છે. :



"આવાં મનોહર સુધાકર કાંતિધારી  
જો હોતે માત જનની મુજ સ્નેહધાત્રી  
તો અંગ અંગ મુજ સુંદર હોત કેવું  
લાવણયની પરમ પુણ્યપ્રભા ભરેલું !"

અહીં કવિએ શિવાજી મહારાજની મનઃસ્થિતિમાં રહેલા મંગલધ્વનિ કલાત્મક રીતે પ્રગટાવ્યો છે. આ દષ્ટિએ આ કાવ્ય ઘણું નોંધનીય બને છે.

**મુકુન્દરાય વિજયશંકર પટ્ટણી** 'મુકુંદ પરાશર્ય' પાસેથી 'અર્ચન' અને 'સંસ્કૃતિ' જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયાં છે. 'યુદ્ધાંતે' એમનું સુંદર કથાકાવ્ય છે. તેમાં પણ ખંડકાવ્યનાં ઘણાં તત્ત્વો દષ્ટિગત થાય છે. અહીં કવિએ મહાભારતના કુરુક્ષેત્રના યુદ્ધાન્તે દશ્યમાન થતી કરાલ રણભૂમિનું હૃદયદ્રાવક ચિત્રણથી દુર્યોધન જેવાં પાત્રમાં રહેલા ઉદાત્તતત્ત્વને આલેખ્યાં છે. દુર્યોધનની ઊઘડતી નિર્મળ દષ્ટિ, ધર્મરાજની ધર્મ પરાયણતા અને શ્રીકૃષ્ણના વ્યવહાર ચાતુર્યને કુશળતાથી નિરૂપ્યાં છે. કવિએ દુર્યોધનના મૃત્યુસમયનું જે શબ્દચિત્ર દોર્યું છે તે ભાવકોના હૃદયમાં પણ સહાનુભૂતિ જન્માવે છે. કવિએ અહીં દુર્યોધનની કારુણ્ય અને સૌમ્યમૂર્તિ જેવું શબ્દચિત્ર ઘણું અસરકારક બન્યું છે. ખંડકાવ્યની વિકાસમાં આ કૃતિને અવશ્ય મૂકી શકાય એવી ખંડકાવ્યની લક્ષણગત વિશેષતાઓ ધરાવે છે.

આ સમયગાળા દરમ્યાન શ્રી મગનલાલ દેસાઈ 'કોલક' કૃત 'દક્ષસુતા', શ્રી બ.ક. ઠાકોર કૃત 'બુદ્ધ', શ્રી નંદકુમાર પાઠ્યકૃત 'દુનિયાના દંશ', શ્રી રમણલાલ દેસાઈ કૃત 'વરદાનનો ભંગ',

'આશાના ખંડેરમાં', દેવળશી પરમાર કૃત 'કનકનૌકા', શ્રી ચં.ચી. મહેતા કૃત 'રતન', કરસનદાસ માણેક કૃત 'ખાખના પોયણાં', શ્રી ઈન્દુલાલ ગાંધી કૃત 'જીવનના મળ', 'કુલ જાહ્નવી', 'તેજરેખા' શ્રી હરિશ્ચંદ્ર ભટ્ટ કૃત 'પરાજય', સ્વપ્નસ્થ કૃત 'અંચલા', શ્રી દેવજી મોઢા કૃત 'પ્રેમશાસન', શ્રી પ્રેમશંકર ભટ્ટ કૃત 'મહારથી કર્ણ' આદિ કાવ્યરચનાઓ મુખ્યત્વે પ્રસંગકથા કે કથાકાવ્ય જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે.

સ્વાતંત્ર્યોત્તર યુગ અને આધુનિકયુગમાં કાન્તનાં ખંડકાવ્યો જેવું કલાસ્વરૂપ ધરાવતાં ઘણાં ઓછાં ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે. સ્વાતંત્ર્યોત્તયુગના અને એ પછીથી પણ ઘણાં એવાં કાવ્યો પ્રાપ્ત થાય છે કે, તેમાં કંઈક અલગ રચનારીતિથી કાવ્યો રચાયા છે. તેને આપણે આધુનિક ખંડકાવ્ય એવું નામ આપી શકીએ કે કેમ ? એક પ્રશ્ન છે.

**રાજેન્દ્ર શાહ** કૃત 'મારું છે અન્ન' એક નોંધનીય કૃતિ છે. તેમાં કાન્તનાં ખંડકાવ્યોને અભિપ્રેત લાક્ષણિકતા ભલે નથી પ્રગટતી પણ રાજેન્દ્ર શાહે વનવેલી - અનુષ્ટુપનું સાવ નવું જ ને કલાત્મક મિશ્રણ યોજ્યું છે. વસ્તુ-અભિવ્યક્તિનું નાવીન્ય અને તાજ્ય પણ ધ્યાનાર્હ છે. આ કૃતિ વિશેષ તો ભાવાત્મક અને પ્રતીકાત્મક વસ્તુનો સંઘર્ષ કલાત્મક રીતે આલેખન પામે છે. અહીં કવિએ આંતર-બાહ્ય સંઘર્ષ પ્રતીકરૂપે રજૂ થાય છે. શ્રી શાહની વર્ણનાત્મક - ચિંતનાત્મક અને નાટયાત્મક પદાવલિ - આદિ તેને ખંડકાવ્યની વિભાવનામાં મૂકી આપે તેવી છે.



**નટવરલાલ કુબેરભાઈ પંડ્યા** 'ઉશનસે' કેટલાક ખંડકાવ્યો લખવાનો પ્રયાસ કર્યો છે. તેમનાં 'દેવયાનીની પ્રસ્થાન રાત્રિ', 'કર્ણ અને કુંતી', 'કૃષ્ણ-રુકિમણી', 'અણુ-રહસ્ય', 'સીતારામ' જેવાં કાવ્યો તેના નીવડેલી કાવ્યો છે. આ કાવ્યો વિશેષતઃ સંવાદકાવ્ય છે. એમને ખંડકાવ્યો ગણાવી શકાય નહીં.

સ્વાતંત્ર્યોત્તર પેઢીના કવિઓમાં **પ્રજારામ રાવળ** પોતાની કવિતાથી ગુજરાતી ભાવકોને પ્રભાવિત કરે છે. તેમની પાસેથી 'વિશ્વમિત્ર' જેવું સુંદર ખંડકાવ્ય પ્રાપ્ત થાય છે. અહીં વસિષ્ઠઋષિ વિશ્વામિત્રને 'બ્રહ્મર્ષિ'ને બદલે 'રાજર્ષિ' કહે છે. તેને કારણે વિશ્વામિત્ર ક્રોધિત થાય છે. વસિષ્ઠમુનિને હણવા જતા વસિષ્ઠમુનિ તેની પ્રશંસા કરે છે અને વિશ્વામિત્રનો ક્રોધ શમી જાય છે તેવી કથાનો આધાર લઈ શ્રી રાવળે 'વિશ્વામિત્ર' ખંડકાવ્ય રચ્યું છે. આ ગાળાનું આ નોંધનીય ખંડકાવ્ય છે.

**નલિન રાવળ** પાસેથી પણ 'અશ્વત્થામાની સ્વગતોક્તિ' અને 'અંત ઘડીએ અજામિલ' જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે. અહીં કવિએ myth નો ઉપયોગ કરીને બિનઅંગતનાને તાકી છે. આ બન્ને કૃતિઓમાં આવતી પ્રયુક્તિઓ ઘણીવાર ખંડકાવ્યમાં ઉપયોગમાં લેવામાં આવે છે અત્રે નોંધવું જોઈએ કે, આ ઊભય કૃતિને ખંડકાવ્ય ગણી શકાય નહીં.

**ચિનુ મોદી** કૃત 'બાહુક' નામના એક દીર્ઘકાવ્યના ત્રીજા સર્ગમાંથી એક અંશ લેવામાં આવ્યો છે. **ડૉ. હરિવલ્લભ ભાયાણી** આ રચનાને 'ખંડકાવ્યનો નૂતન વળાંક' ગણાવે છે. બાહુક અંગે ડૉ. ભાયાણી સાહેબ નોંધે છે કે, - "સંસ્કૃતપ્રધાન પદાવલિથી

કાવ્યની શૈલીનું કાઠું બંધાયું છે. રચનામાં લય અને આલંકારિકતાનું એક ધારું સ્તર જળવાયું છે. આ પુષ્ટાર્થતાના અને રૂઢ વાગાડંબરના દોષવાળાં સ્થાનો બહુ ઓછાં છે. 'બાહુક'માં આપણા ખંડકાવ્યને એક નૂતન વળાંક મળ્યો હોવાનું પ્રતીત થાય છે. તેમાં કથાનાં, નાટ્યનાં અને ઊર્મિકાવ્યનાં તત્ત્વોનો શો શો ફાળો છે તેની તપાસ રસપ્રદ થશે. ખંડકાવ્યના પ્રકારમાં રહેલી નવી શક્યતાઓ ચીંધવા સાથે તે પ્રશિષ્ટ રચના-રીતિની ક્ષમતા અને અદ્યતનતા પ્રકટ કરી આપે છે.''

'બાહુક' માં ચિનુમોદીએ એક નગરવાસી રાજા નળને નગરવટો મળે છે તેની વેદનાની તીવ્ર ક્ષણોને કવિએ કુશળતાથી આલેખી છે.

તો **ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા** કૃત 'જટાયુ' પણ અલગ પ્રકારનું રચનાવિધાન-કલાવિધાન ધરાવતું કાવ્ય છે. એ આખ્યાનની દેશીના ઢાળમાં ઢાળવામાં આવી છે. કાન્ત ખંડકાવ્યોમાં જોવા મળતું, વૃત્તિ અનુસાર વૃત્તાલેખન ભલે 'જટાયુ'માં નથી. પણ જીવનની એક crowed moment જીવનનો એક માર્મિક પ્રસંગ, જીવનની એક અનુભૂતિકણવાળી ક્ષણનું આલેખન થયું છે. એમ કહી ઉશનસે આ કાવ્યને પણ નવ્ય ખંડકાવ્ય ગણાવ્યું છે. 'જટાયુ'માં અયોધ્યા અને લંકા વચ્ચે અંતરિયાલ પડેલા મરણાસન્ન જટાયુની નિરાધારતાની ક્ષણોને કવિએ કંડારી છે. જટાયુની વેદના આધુનિક અનુભૂતિની પ્રતીતિ કરાવે છે.

જ્યારે **વિનોદ જોશી** કૃત 'શિખંડી' આધુનિક ખંડકાવ્યનો ઉન્મેષ ગણાવી શકાય એવી રચના છે. કવિએ આ કાવ્યનું વસ્તુ



'મહાભારત'ના 'ઉદ્યોગપર્વ' ના 'અંબોપાખ્યાન'માંથી લીધું છે. શિખંડીનું રચનાવિધાન ત્રણ ભાગમાં વહેંચાયેલું જોવા મળે છે. તેમાં શિખંડીની ઉક્તિ પછી વક્તાનું નિવેદન, પ્રવક્તાના નિવેદન પછી ભીષ્મપિતાની ઉક્તિ અને ફરી પ્રવક્તા, શિખંડી અને ફરી પ્રવક્તા, ભીષ્મ અને છેલ્લે પ્રવક્તાની ઉક્તિ - એમ વસ્તુવિકાસ જોવા મળે છે.

અહીં કવિએ ખાસ તો શિખંડી અને ભીષ્મનાં માનસિક સંચલનને કુશળતાથી આલેખ્યાં છે. અહીં કવિએ એક નવી વાત કરી એ એ છે કે, ભીષ્મ અંબાને સ્વીકારવા ઈચ્છતાં હોવા છતાં પોતાની પ્રતિજ્ઞાને કારણે જ અંબાનો સ્વીકાર કરી શક્યા નહીં. તો સામે પક્ષે શિખંડીના પાત્રને પણ કવિએ કંઈક જુદી રીતે રજૂ કર્યું છે. શિખંડી પોતે ભીષ્મ સાથે વેરભાવ કરતા સમભાવજન્ય એક તૃપ્તિ અનુભવી સંતોષ પામે છે. કવિએ અહીં પ્રવક્તાની ઉક્તિઓથી પણ કાવ્યનો વિકાસ સાધ્યો છે.

'શિખંડી' કાવ્યમાં ચુસ્ત ઢબનાં સંસ્કૃત વૃત્તો ધ્યાનાર્હ બન્યાં છે. કવિએ ગુલબંકીનો વિશેષ પ્રયોગ કર્યો છે. આ ઉપરાંત, પૃથ્વી, શાલિની, અનુષ્ટુપ, માલિની, શિખરિણી, વસંતતિલકા, દ્રુતવિલંબિત, મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીત સ્ત્રગ્ધરા - જેવા છંદો પ્રયોજ્યા છે. આ અંગે ઉશનસ્ નોંધે છે :

'શિખંડી' ખંડકાવ્યમાં અપાર છંદવૈવિધ્ય છે જે કાન્તોપમ સંયમને સામંજસ્યને અતિક્રમી જાય છે. કાન્તની નરી કમનીય બાની કરતા 'શિખંડી'ની બાની વધુ પડતી તત્સમપ્રચુર છે ને પ્રાસનું તત્ત્વ પણ એવું જ છે.''

ટૂંકમાં, ચિનુ મોદી કૃત 'બાહુક' સિતાંશુ મહેતા કૃત 'જટાયુ' અને વિનોદ જોશી કૃત 'શિખંડી' આમ તો જુદી જુદી રીતિનાં ખંડકાવ્યો છે. એટલું અવશ્ય નોંધવું પડે કે, આ કાવ્ય કાન્તનાં ખંડકાવ્યો જેવા નથી. આ રચનાઓને આધુનિક ખંડકાવ્યની લાક્ષણિકતા પ્રગટાવતા કાવ્યો ગણવામાં કોઈ વાંધો ન હોય શકે. આશા રાખીએ હજુ આવા નૂતન પરિમાણો પ્રગટાવતા કાવ્યો ગુજરાતી કવિતાને પ્રાપ્ત થાઓ.



## 3. અતિજ્ઞાન

ઉદ્‌ગીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય, અનિષ્ટ પાસે;
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત.
ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા,
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.
દુર્યોધન પ્રેષિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક,
જતો હતો અંધ થતી નિશામાં,
સુગુપ્ત રાજગૃહની દિશામાં !
શાને આવ્યો હશે, તેની કલ્પનાઓ ચલાવતા;
ભય સંદેહ દર્શાવી, શિર કોઈ હલાવતા !
નિગૂઢ શંકા પુરવાસીઓની આ
જરાય નિષ્કારણ તો નહોતી હા !

કરેલ આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને.
હા કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે;
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

શિશુ સમાન ગણી સહદેવને,
ખબર આ કંઈયે ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને
પરમ દુઃખિન અંતરમાં થતા !
કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો :
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !
ત્રિકાળનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નીરખે થનારને :
સ્વપક્ષનો દ્યુત વિષે પરાજય,
વળી દીસે દ્રૌપદીમાનનો ક્ષય !
જાણે બધું, તથાપિ કૈં કેહવાની રજા નહીં;
શમાવી ન શકે તેથી મુંઝાય મનની મહીં.
નહિ શકું હાય ! બચાવી કોઈને,
અશક્ત જેવો રહું બેસી રોઈને;
ખરે ! દીસે દુઃખદ શાપ આ મને,
નિહાળું છું ભૂત ભવિષ્ય જે કને !



“હા ધિક્ ! હા ધિક્ ! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું :
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું !”
વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઈ જઈને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તક રહ્યો નમી !
રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી :
“પ્રિયે ! સ્પર્શ કરું શું હું ? અધિકાર જરા નથી !”
“કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો નવ થાય અન્યથા :
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરું,
અનેક હું એકલડો સહ્યા કરું !
રજની મહીં સખી ઘણીક વેળા,
નયન મળે નહીં ઉંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધારકને રહું નિહાળી !”

આવું કહ્યુ, ત્યાં શિર શૂળ ચાલ્યુ,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત હાય,
કહ્યું “હવે એક જ છે ઉપાય !”

ચાલી જરા ને ગ્રહી એક શીશી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી;
ખાલી કરી કંઠ વિષે ત્વરાથી;
ગયો બધો એ બદલાઈ આથી !
સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતીસ સાથે જડી દઈ !

- કાન્ત.

વીરનર્મદથી આરંભાયેલી અર્વાચીન ગુજરાતી કવિતા પાશ્ચાત્ય સાહિત્યના સંસર્ગે પ્રેરેલા-પોષેલા નવા ભાવ અને વિચારોને અભિવ્યક્ત કરવા મથે છે. નર્મદ - દલપતરામની કવિતાને તપાસતા એટલું અવશય ફલિત થાય કે, આ કવિઓની કવિતામાં અર્વાચીનતાનું નવપ્રસ્થાન અવશ્ય છે, પણ, આ પ્રયાસોમાં એક જાતની પરાવલંબિતા, અનુકરણાત્મકતા વિશેષ છે. તેમાં કલાકીય ઉત્તમ ઉન્મેષો નથી. એનો મતબલ એવો નથી કે, નર્મદ-દલપતરાયની કવિતાનું કોઈ મૂલ્ય નથી. આ ઊભય કવિઓએ જ અર્વાચીન ગુજરતી કવિતાની પ્રથમ ઈંટ મૂકી છે. ત્યારબાદ નરસિંહરાવ દિવેટિયા કૃત ‘કુસુમમાળા’ ઈ.સ. ૧૮૮૭માં પ્રગટ થાય છે. આ કાવ્યસંગ્રહમાં પ્રથમવાર અભિનિવેશપૂર્વક અંગ્રેજી કવિતા પ્રત્યેની અભિમુખતા સ્પષ્ટપણે કળાય છે. અંગ્રેજી Lyric ને મળતું કાવ્યસ્વરૂપ પ્રથમ વખત નરસિંહરાવ દિવેટિયાની કવિતામાં કળાય છે. નવા વિષયોને ઉચિત ભાવની શિષ્ટતા ભાષાગૌરવ અને



કવિતાનું કળાત્મક બાહ્યકલેવર નરસિંહરાવના ‘કુસુમમાળા’ કાવ્યસંગ્રહમાં સાકારિત થાય છે.

કાન્ત પોતાની સ્કુલના પ્રિન્સિપાલ વડ્ઝવર્થ જેવા સાહિત્યના ઉત્તમ અધ્યાપકના સંસર્ગને કારણે તેમની અંગ્રેજી સાહિત્ય પ્રત્યેની અભિરુચિ કેળવાય છે. વળી, બળવંતરાય ઠાકોર જેવા મિત્રના સંપર્કમાં આવતા કાન્તનો અંગ્રેજી - ગ્રીક સાહિત્ય પ્રત્યેની રુચિને પોષણ મળે છે. આમ છતાં, કાન્તની કવિતામાં અંગ્રેજી કવિતાનું સ્થૂળ અનુકરણ નથી. કાન્ત પાસેથી એકમાત્ર કાવ્યસંગ્રહ ‘પૂર્વાલાપ’ પ્રાપ્ત થાય છે. કાન્ત નવ્યજીવનદર્શનને એની પૂરેપૂરી ગંભીરતા, સૂક્ષ્મતા અને શિષ્ટતાસહિત કલાત્મક રીતે અભિવ્યક્ત કરવા માટે સંસ્કૃતબાની, સંસ્કૃત રૂપમેળવૃત્તો અને સંસ્કૃત પુરાણકથાઘટકોને સફળ રીતે આલેખે છે. આ અંગે સુન્દરમ્ નોંધે છે : “કાન્તની કવિતામાં નૂતન જીવનનું નૂતનશૈલીમાં પહેલીવાર કળાયુક્ત સર્જન થાય છે.” આ વિધાન ઘણું યથાર્થ લાગે છે. કાન્ત સાચા અર્થમાં ભાવ, ભાવપ્રકટન, શબ્દાર્થનું સૌન્દર્ય અને સમગ્રના સંયોજનમાં નવ્ય કાવ્યરુચિ પ્રગટાવી પોતીકુ ને મૌલિક સર્જન કરે છે.

‘પૂર્વાલાપ’ કાવ્યસંગ્રહમાં કાન્તના ૭-જેટલાં ખંડકાવ્યો મળ્યાં છે. ખંડકાવ્યના પ્રથમ ઉદ્ગાતા કાન્ત છે ને ઉત્તમ પણ કાન્ત જ. આ અંગે ડૉ. સુસ્મિતા મ્હેક નોંધે છે : “ગુજરાતી ખંડકાવ્યના પ્રથમ પુરસ્કર્તા પણ કાન્ત ને ઉત્તમ પુરસ્કર્તા પણ કાન્ત. કાન્ત એટલે ખંડકાવ્યો અને ખંડકાવ્યો એટલે કાન્ત.” ગુજરાતી કવિતામાં કાન્ત ખંડકાવ્યો લઈને આવ્યા છે. આ ખંડકાવ્ય સ્વરૂપ આમ જોવા

જઈએ તો નવ્યકાવ્યપ્રકાર છે તે વિશેષત્: અંગ્રેજી કાવ્યો અને ગ્રીક ટ્રેજેડીને મળતું આવે છે. જ્યારે બીજી બાજુ ભારતીય સાહિત્યમાં 'મહાકાવ્ય', 'આખ્યાનકાવ્ય' જેવી દીર્ઘ પરંપરા સાંપડે છે. કાન્તે ખંડકાવ્યામાં ભારતીય અને પાશ્ચાત્ય ઊભય પરંપરાનો ખંડકાવ્યમાં સમન્વય રચ્યો છે.

ઈ.સ. ૧૮૬૭ માં જન્મેલો આ કવિ ઈ.સ. ૧૮૮૯ માં 'બુદ્ધિપ્રકાશ' માં 'મારી કિસ્તી અને 'ગુજરાત દર્પણ'માં, 'અતિજ્ઞાન' જેવી બે રચના પ્રગટ કરે છે. ઈ.સ. ૧૮૯૧ માં 'ઉપહાર' જેવી યશસ્વી કૃતિ આપીને કાન્ત જાહેર કરે છે : “મારું નામ ગુજરાતી સાક્ષરમંડળના ઈતિહાસમાંથી જલદીથી ભૂંસાઈ નહીં જાય”- જે આજે પણ એટલું જ સાર્થક છે. માત્ર બાવીસ - ત્રેવીસ વર્ષની વયે લખાયેલાં 'રમાં', 'મૃગતૃષ્ણા', 'અતિજ્ઞાન' , 'વસંતવિજય', 'કલ્પના અને કસ્તૂરીમૃગ' , 'ચક્રવાકમિથુન' અને 'દેવયાની' જેવાં ખંડકાવ્યોમાં કાન્તની કવિપ્રતિભાનો ઉન્મેષ જોવા મળે છે.

'અતિજ્ઞાન'- મહાભારત આધારિત વિષય ધરાવતું ખંડકાવ્ય છે. 'અતિજ્ઞાન' ખંડકાવ્યમાં ત્રિકાળજ્ઞાની સહદેવની મનોવ્યથાને કાન્તે કલાત્મક રીતે આલેખી છે. અહીં વિધિની ક્રૂરતા આગળ સહદેવનું અતિજ્ઞાન સહદેવ માટે દર્દવિદારક બને છે. ખંડકાવ્યની શરૂઆતથી જ કાન્તે સહદેવની આંતર વ્યથાને ઉત્તરોઉત્તર વધતી જતી આલેખી છે. અહીં એનું પણ કોઈ નિરાકરણ નથી. છેવટે છાતી સાથે પ્યાલી જડી દઈ સહદેવ મૂર્છા પામે છે ત્યાં ખંડકાવ્યનો કરુણ અંત આવે છે. ઘણીવાર માણસમાં રહેલું અલ્પજ્ઞાન તેના માટે



દુઃખનું કારણ બને છે તો કેટલીકવાર અતિજ્ઞાન પણ માણસ માટે દુઃખનું કારણ બને છે તેનું સૂચન કવિએ અહીં કલાત્મક રીતે કર્યું છે.

કાન્તના આ ખંડકાવ્યનો પ્રારંભ ઘણો સૂચક રીતે થાય છે. જુઓ 'અતિજ્ઞાન'નું પ્રથમ ચરણઃ

“ઉદ્ગીવ દૃષ્ટી કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે;
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત.”

અહીં કાન્તે આવનારા અનિષ્ટનો 'નભ અને શૂન્ય ભાસે' કહીને અંગૂલીનિર્દેશ કરી દીધો છે. નભશૂન્ય, ઝાંખી દિશા, કરાલ રાત અને ઘોર અંધકાર દ્વારા કવિએ કાવ્યમાં આવતા અમંગળ ભાવિનુ - અનિષ્ટનું સૂચન કર્યું છે. અહીં 'નભશૂન્ય' શબ્દમાં રિક્તતાનો - ખાલીપણાનો ભાવ નિહિત છે. તો, ઝાંખી અને ધૂંધળી બનેલી દિશાઓ પણ આવનારા નિરાશાજનક ભવિષ્યને સૂચવી દે. છે. જ્યારે 'કરાલરાત' માં અંધાર - કરાલ રાત્રિનો ભય ઊભો કરી કવિએ ભયાવહતા ઊભી કરી દીધી છે. કવિએ ભાવિ ઘટનાઓનું સૂચન પ્રકૃતિચિત્રણના દ્વારા કર્યું છે. એમ કહી શકાય કે, કવિએ કલાત્મક વસ્તુ દ્વારા જે પીઠિકા રચી આપી છે તેમાં કાન્તની કવિપ્રતિભાનો ઉન્મેષ પ્રગટે છે. પ્રકૃતિવર્ણનથી ભાવિનું સૂચન કર્યા પછી કાન્ત તરત જ વિષયપ્રવેશ કરાવે છે ને ભાવકની જિજ્ઞાસા વધુ સતેજ બને છે.

"ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા;
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા."

અહીં માત્ર ઈન્દ્રપ્રસ્થના લોકો જ નહીં ભાવક પણ વિચારાધીન બને છે. સૌના મનમાં એક જ પ્રશ્ન ઉદ્ભવે છે. દુર્યોધન પ્રેષિત, દેખાવમાં લાગતો દુષ્ટ એવો આ દૂત આજે સાંજે ઈન્દ્રપ્રસ્થમાં શા માટે આવ્યો હશે ? કવિ લોકોની શંકાને વાચા આપતા કહે છે :

"શાને આવ્યો હશે, તેની કલ્પનાઓ ચલાવતા,
ભય સંદેહ દર્શાવી, શિર કોઈ હલાવતા."

દુર્યોધનપ્રેષિત દૂત જ જોવામાં એટલો ઘાતક અને દુષ્ટ લાગી રહ્યો છે કે તેને જોતા જ હરકોઈને કંઈક અમંગળની શંકા જાગે. ઈન્દ્રપ્રસ્થવાસીઓને પણ એવી જ કંઈક અમંગળની દહેશત થવા લાગે છે. કાન્તે અહીં 'સુગુપ્ત રાજગૃહ' જેવા શબ્દ દ્વારા જે અનિષ્ટ પ્રસંગ બનવાનો છે તેનો સ્થળનિર્દેશ પણ કરી દીધો છે. કાન્તે કાવ્યારંભે રચેલી પીઠિકા હવે ધીમેધીમે સ્પષ્ટ બનવા લાગે છે. આ દૂત જે સમાચાર લઈને આવ્યો છે તેમાં જ પાંડવોની થનારી અધોગતિનો પૂર્વ નિર્દેશ સાંપડે છે. :

"નિગૂઢ શંકા પુરવાસીઓની આ,
જરાય નિષ્કારણ તો નહોતી હા !
કરેલ આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને."

ઈન્દ્રપ્રસ્થવાસીઓની જે કંઈ શંકા હતી તે ખરેખર સાચી ઠરે છે. આ



દૂત તો દુર્યોધન દ્વારા ધર્મરાજને દ્યૂત રમવા માટે આમંત્રણ આપવા માટે આવ્યો હતો. કવિએ વળી ફરીવાર ભાવિ અનિષ્ટ તરફ નિર્દેશ કર્યો છે. ધર્મરાજાએ દુર્યોધનના આમંત્રણનો સ્વીકાર કર્યો અને ભીમ, અર્જુન, નકુલ ત્રણેય ભાઈઓને બોલાવી આ અંગે મસલત કરી. પણ :

"શિશુ સમાન ગણી સહદેવને,
ખબર આ કંઈયે ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને
પરમ દુઃખિત અંતરમાં થતા !"

શિશુસમાન ગણીને ધર્મરાજાએ સહદેવને ન બોલાવ્યો, આમ, સહદેવની થતી ઉપેક્ષા આ ખંડકાવ્યમાં નાટ્યાત્મક વક્રોક્તિ સર્જે છે. બીજી બાજુ, કવિએ સહદેવની મનઃસ્થિતિને પણ એક મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી રજૂ કરી છે. સહદેવ દુર્યોધન દ્વારા થનારા દ્યૂતકપટને નિહાળી શકે છે. પોતાના પક્ષનો દ્યૂતમાં પરાજય થવાનો છે, એટલું જ નહીં, પોતાની પ્રેયસી દ્રૌપદીનાં માનભંગની ઘોર ઉપેક્ષા થવાની છે તે પણ સહદેવ મૂક બનીને જોઈ રહ્યો છે. ત્યારે પ્રશ્ન એ થાય કે, સહદેવ શા માટે ધર્મરાજાને સાચું કારણ જણાવતો નથી. ભાવિ અનિષ્ટના નિવારણ માટે તે શા માટે પ્રયત્નશીલ નથી. પણ તરત આપણને યાદ આવે છે સહદેવને એ ત્રિકાળજ્ઞાન મળ્યાનું વરદાન. સહદેવને કોઈ પ્રશ્ન પૂછે તો જ તેનો પ્રત્યુત્તર આપી શકે. કાન્ત સહદેવની આવી મનોવ્યથાને આલેખતાં કહે છે :

"જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં;
શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં."

સહદેવને પોતાનું અતિજ્ઞાન જ શાપરૂપ લાગે છે. કારણકે, આ ત્રિકાળજ્ઞાન જ સહદેવની વેદનાનું કારણ બન્યું છે. આ જ્ઞાન નિયતિનાં નૈષ્ઠુર્યથી ભરેલું છે. આ અતિજ્ઞાનનું વિધિદત્ત કારુણ્ય કાન્તે અહીં કલાત્મક રીતે આલેખ્યું છે. સહદેવ ભાવિ અનિષ્ટને નજરે જોઈ રહ્યો છે, તેના લીધે એનાં ચિત્તમાં જબરો આંતર-સંઘર્ષ અને વેદના જન્મે છે. એનું ખેદથી ઘેરાતું વદન દ્રૌપદીને તાકી રહે છે. અહીંથી કાવ્ય ધીમેધીમે કરુણરસમાં ગતિ કરે છે. સહદેવનો ખેદ હવે ગ્લાનિમાં પરિણમવા લાગે છે અને સહદેવ આત્મપીડન અનુભવે છે. સહદેવ પોતે જ આત્મતિરસ્કારની લાગણી અનુભવવા લાગે છે. જુઓ સહદેવના શબ્દો :

"હા ધિક્ ! હા ધિક્ ! કૃતધ્ની હું આમ મૌન ધરી રહુંઃ
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું !"

કાન્તે અહીં વિધિનિર્મિત દુર્ભાગ્યનો ભોગ બનેલા સહદેવના આંતરમંથનોને કલાત્મક રીતે ગુંથ્યાં છે. સહદેવ દ્યૂતમાં પોતાના પક્ષનો પરાજય અને દુઃશાસનના હસ્તે પોતાની પ્રિયતમા દ્રૌપદીનાં થનારાં વસ્ત્રાહરણ અને માનભંગના માનસિક ઓથારની ભીંસમાં પોતાની જાતને ભિંસાતી જુએ છે. આ વિધિદત્ત કારુણ્ય સહદેવના હૈયાને અકળાવી મૂકે છે. અહીં કાન્તની ક્રમિક ભાવનિરૂપણની સૂક્ષ્મસૂઝનો પરિચય મળે છે. અહીં કવિએ સહદેવને ન બોલાવવામાં પણ ઔચિત્ય દાખવ્યું છે; એટલું જ નહીં પણ વિધિનિર્મિત કારુણ્યને



સહદેવના હૃદયમાં જ ભરેલું રાખવામાં પણ કવિએ ભારે કલાસંયમ દાખવ્યો છે. અશક્ત અને લાચાર એવો સહદેવ 'હા ધિક્ ! હા ધિક્' જેવા શબ્દો ઉચ્ચારે છે તેમાં સહદેવની આત્મનિર્ભર્ત્સના પ્રગટે છે. પોતાની જાતને સહદેવ કૃતધ્ની કહીને પોતાની જાતને જ ધિક્કારે છે.

સહદેવ અત્યારે દ્રૌપદીની સાથે શયનાગૃહમાં છે દ્રૌપદી સામે હોવા છતાં સહદેવ તેને સ્પર્શી શકતો નથી. એનો હાથ તો શું એનું હૈયું પણ કંપી ઊઠે છે. ક્યા અધિકારથી એ પોતાની પ્રિયતમાને સ્પર્શે ? જુઓ સહદેવની વ્યથા :

"રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી :
"પ્રિયે ! સ્પર્શ કરું શું હું ? અધિકાર જરા નથી !"

સહદેવની આંખોમાં આંસુ ભરાય છે. જાણે એનું આખું શરીર અચેતન બની જાય છે. તે પ્રિયતમાની દ્રૌપદીની નિકટ તો જાય છે પણ તરત જ તેનાંથી તે અળગો થઈ જાય છે. સહદેવને આત્મનિર્ભર્ત્સના પીડે છે. અતિજ્ઞાનના અભિશાપે જાણે સહદેવની હૃદયની સંઘર્ષ કરવાની બધી જ તાકાત હરી લીધી છે, એવી અકથ્ય, અવ્યક્ત વ્યથા સહદેવને અંદરથી કોરી ખાય છે. અહીં કાન્તને પણ એ જ અભિપ્રેત છે, એ જ આલેખવું છે કે, માણસના હાથ કશું નથી બધું વિધિનિર્મિત જ હોય છે. માણસ તો એક કઠપૂતળી છે અને નિયિતિ એને જેમ નચાવે એમ જ એને નાચવું રહ્યું. નિયતિનિર્મિત દુઃખથી ઊગરવાને વ્યક્તિ પોતે જ અસમર્થ છે. સહદેવ એનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં સહદેવની ન કહી શકાય,

ન સહી શકાય એવી સ્થિતિ વધુ કારુણ્ય જન્માવે છે. એક ક્ષણે તો સહદેવને એમ થાય છે કે, ''કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ''. હું એકલો જ આ સહ્યા કરું ? તે ઊંઘવા મથે છે પણ નિંદર વેરણ બનતા સહદેવની સ્થિતિ વધુ કરુણજન્ય બને છે. અતિજ્ઞાનને અભિશાપ સહદેવના મસ્તકને વેદનાથી ત્રસ્ત કરી મૂકે છે. એના હૈયાને ચીરતી વેદનાથી સહદેવ આર્ત હૈયે હાય પોકારતાં કહે છે :

''આવુ કહ્યું, ત્યાં શિર શૂળ ચાલ્યું,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત હાય,
કહ્યું ''હવે એક જ છે ઉપાય !''

સહદેવને કોઈ જ ઉપાય જડતો નથી. અંતે એક ઉપાય હાથ લાગે છે તે છે જ્ઞાનનાં વિસ્મરણનો. કાવ્યાંતે સહદેવ એ ઉપાય અજમાવે છે :

''સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !''

સહદેવને એક જ ઉપાય હાથ આવ્યો ને તે ''સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !' કવિએ અહીં સુંદર ચિત્રાત્મકતા પ્રગટાવી છે. કાન્ત કાવ્યાંતે સહદેવનું શું થયું ? તે વિશે કોઈ સ્પષ્ટતા કર્યા વિના ભાવક પર છોડી દે છે. આવા આલેખનમાં નાટ્યાત્મકતા અંશો દેખાયા વિના રહેતા નથી.

'અતિજ્ઞાન' ઉપર નજર કરતા જણાય છે કે, આખા ખંડકાવ્યનું રચનાવિધાન ઘણું કલાત્મક છે કાન્તે પ્રારંભથી જ કાવ્યનો સંઘર્ષ



છતો કરી દીધો છે. અતિજ્ઞાનનો વર્ણનસ્ફોટ (Descriptive Exposition) એક સમર્થ કલાકારની પ્રતિભાનો ઉન્મેષ પ્રગટાવે છે. કવિએ શરૂઆતમાં પ્રકૃતિવર્ણન નિમિત્તે પ્રયોજેલો વસંતતિલકા કવિની કલાસૂઝનો પરિચાયક બની રહે છે. કાન્તનું વૃત્તાલેખન ઘણું ધ્યાનાર્હ બન્યું છે. છંદની એકમ યોજના તેમજ કાવ્યમાં ઉચિતછંદપલટો કાવ્યની આંતર જરૂરિયાત મુજબ કાન્ત યોજી જાણે છે. પ્રથમ શ્લોક વસંતિલકાનો, સાતમો દ્રુત વિલંબિતનો અને ૧૬ મો પુષ્પિતાગ્રાનો આવે છે, તે જ કાન્તના વૃત્તવૈવિધ્યનો પરિચાયક બની રહે છે.

આમ જોવા જઈએ તો 'અતિજ્ઞાન' ખંડકાવ્યના ત્રણ ખંડ પાડી શકાય. સુશ્લિષ્ટ વસ્તુગૂંથણીથી કાન્તે આખી કૃતિને કલાત્મકતા બક્ષી છે. એક ખંડ દ્રુત વિલંબિતથી બીજા ખંડમાં પ્રવેશી જાય છે. બીજા અને ત્રીજા ખંડની સન્ધિ પુષ્પિતાગ્રામાં વર્તાય છે. જો કે, આખું કાવ્ય અનુષ્ટુપ અને મિશ્રોપજાતિથી શોભે છે. 'અતિજ્ઞાન'ના કવિકર્મ વિશે શ્રી રામનારાયણ પાઠક નોંધે છે : 'કલાસિકલ એટલે જો કાવ્યના આકાર-બાહ્યરૂપ માટેનો આદર એવો અર્થ કરીએ તો તે કાન્તમાં છે. પણ આકારને લીધે ક્યાંય નીરસતા નથી આવી અને તેમણે જૂનાં રૂપોમાં ફેરફાર કરી નવાં સંવાદીરૂપોનો સફળ ઉપયોગ કર્યો છે.''

'અતિજ્ઞાન' ખંડકાવ્ય કાન્તે પ્રથમ ઘડાકે જ એક સુંદર કલાકૃતિરૂપે ગુજરાતી સાહિત્યને ચરણે ધર્યું. કાન્તની કવિપ્રતિભાને સલામ.

## ૪. ચક્રવાક મિથુન

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની:
ન જણાય, જશે કેવી સંધ્યા એ મધ્ય આજની !
સરિતાનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં;
સભય નાથ પ્રિયા હૃદયે ધરે,
વિરહ સંભવ આકુલતા કરે !
ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !
પાસે પામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.
વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસમહીં જ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું,
રમણ આચરવા મન ભાવતું !
ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દીસે હર્ષાશોકે;



ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.
હરિત નીલ સુદૂર વનસ્થલી-
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી-
મહીં જવા પ્રણયી તરુણો ભમે !
નાનાં નાનાં ક્યહીં શુચિ સરો, કચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઊપજતી ભાવના કૈં અગમ્ય !
આઘું આઘું મુદિત રવનું ચિત્ર સંગીત થાય,
શાને ક્યાંથી કંઈ નીસરતો મિષ્ટ અમોદવાય !
અસર સુંદર અદ્‌ભુત રંગની
સકલ સૃષ્ટિ નવીન ખરે બની;
રવિમરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનંતર ઊતરે.
શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઈને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે.
સુયુત બે ચરણો થકલ ઊડતાં,
પવનથી પડતાં કંઈ બૂડતાં;
વિમુખ એકલી ન્હાતી પ્રિયા-શિરે
પતિ જઈ અભિષેક કદી કરે !

કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય.
પૂરાં અંગો નહિ કંઈ દીસે, પ્રેમ તો તોયે વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે !

પ્રણયની પણ તૃપ્તિ થતી નથીઃ
પ્રણયની અભિલાષ જતી નથીઃ
સમયનું લવ ભાન રહે નહિઃ
અવધિ અંકુશ સ્નેહ સહે નહિ!

હાવાં રક્ત દ્યુતિ ઊડી જતાં થાય વૃક્ષો સરોષ,
હાવાં ઠંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી,
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી.

વિરહસંભવને વીસર્યાં હતાં,
બની નિરંકુશ બેય ફર્યાં હતાં;
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઊભી વિધિપાશની !

અનુભવે ન છતાં ક્ષણ એક તે,
વિવશ, મૂઢ, નિરાશ જ છેક તે;
સહુ થનાર ક્રમે નજરે વહ્યું,
રુદન અંતરમાં ઊછળી રહ્યુ !



અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાંથી પડી સૂઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલઃ
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ !

થઈ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઈ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કે દિનતેજ-સકાશમાં.

અવર કાંઈ હવે નથી દેખતાંઃ
અવર કાંઈ હવે નથી લેખતાંઃ
ચપલ, આખરની, ક્ષણ એ છતાં,
ઊભય જીવન એક થતાં દીસે !

ધીમેધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસ રહિત ત્યાં વાદળીઓ તણાય.

ઉદધિને રવિબિંબ હવે અડે,
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે;
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે !

રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટીછૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે;
વેળા થાતાં વિધિદમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સમૂઢ આમાં.

ટળવળે નીરખી રચના વને,
તરફડે સમજી રચનારનેઃ
શ્રવસન દુઃખિત છેવટ સારતી,
પ્રિયતમા વચ આમ ઉચારતીઃ-

“પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ ! ર્‌હેવું :
શાને આવું, નહિ નહિ જ, રે ! આપણે નાથ ! સ્હેવું !
ચાલો એવાં સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દેવ !”
પ્રવદતાં અટકી ગઈ એ અહીં
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિયે તે લ્હુવે !

પણ હજી દિન શેષ રહ્યો જરા,
નજર ફેરવી જોઈ બધી ધરા;
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રુજ અંતરમાં સહેઃ-



હા ! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે;
“લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી !

અવર કાંઈ ઉપાય હવે નથીઃ
વિરહ જીવન, સંહરીએ મથીઃ
ગહનમાં પડીએ દિન દેખતાંઃ
નયન મીંચી કરી દઈ એકતા !”

x x x x x x x x x

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડુ દિનકર સમું કૈંક દેખાય હાસ;
“આહા! આહા! અવર દુનિયા! ધન્ય!” એ બોલતામાં
નીચે નીચે ઊતરી પડતું વેગથી દંપતી ત્યાં !
અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહીં અચેતન એક દીસે નહીં !

- કાન્ત

‘ચક્રવાકમિથુન’ કાન્તનું સિદ્ધહસ્ત ખંડકાવ્ય છે. આ ખંડકાવ્યનું વસ્તુ કલ્પનોત્થ છે. લોકમાં એક જાણીતો દુહો છે :

"સાંજ પડ્યે દિન આથમ, ચકવી બેઠી રોય,
ચાલો ચકવા ત્યાં જયે, જ્યાં સાંજ ન પડતી હોય."

આવા જાણીતા દુહાને કાન્ત વિષય તરીકે લઈ ચક્રવાકયુગલનાં પ્રણયજીવનની કરુણતાને પ્રગટાવે છે. અહીં કથાના કેન્દ્રમાં છે નિયતિનિર્મિત કારુણ્ય. કાન્તે ચક્રવાક-ચક્રવાકી જેવાં પંખીયુગલની આદર્શ પ્રણયવિભાવનાની સુંદર કલ્પના કરી છે. આ પ્રણયમસ્ત એવું પંખી યુગલ આખો દિવસ પ્રેમમત્ત રહે છે. જ્યારે દિવસ આથમે છે અને રાતનું આગમન થતાં આ પ્રણયોન્મુખ યુગલ વિરહવ્યાકુળ બની જાય છે. દિવસભર પ્રણયરત્ત રહેનાર પંખીયુગલ વિધિની વક્રતાનો ભોગ બને છે. તેઓ રાત્રે એકબીજાને જોઈ શકતા નથી. સૂર્યાસ્ત થતાં તેમને વિયોગની કાળસમાન રાત્રિ દરમ્યાન વિરહ સહન કરવો પડે છે. કાન્તે અહીં પ્રણયજીવનની કરુણતા આલેખતા જીવનરહસ્યની સાથે સાથે કલારહસ્ય પ્રગટાવે છે. ખંડકાવ્યની પંક્તિએ પંક્તિએ ઉકેલાતી ગડીઓમાં અવનવી ભાત ઉપસાવે છે. પ્રારંભથી અંત સુધી પહોંચતા સમસ્તનાં સંદર્ભમાં કોઈ એક આકૃતિ સંસિદ્ધ થાય છે.

'ચક્રવાકમિથુન' નો કાવ્યારંભ કવિએ પ્રકૃતિના સહયોગે કર્યો છે. કાન્તનાં ઘણાં કાવ્યોમાં પ્રકૃતિથી થતો કાવ્યપ્રારંભ અને પૌઢિયુક્ત ઉઠાવ નમૂનેદાર બનાવે છે :

"પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજાનીઃ
ન જણાય, જશે કેવી સંધ્યા એ મધ્ય આજની !"



કાન્ત ભાવક સમક્ષ અનેક દશ્યો-ચિત્રો રજૂ કરે છે. 'જશે કેવી સંધ્યા એ મધ્ય આજની!' માં કવિએ એક સંદેહ પ્રગટાવ્યો છે તે પણ ઘણો સૂચક બને છે. કહીએ કે, ભાવિના ગર્ભમાં આ પંખીયુગલ માટે જે વિરહજન્ય સ્થિતિનો સામનો કરવાનું નિમાર્યું છે તે તરફના ઈશારો અહીં ઘણો સ્પષ્ટ અને ઉચિત રીતે અભિવ્યક્તિ પામ્યો છે. પ્રારંભના કથનથી જ અનિશ્ચિતતા અને એમાં ભવિષ્યમાં આવનાર વિધિનિર્મિત વિરહનું અહીં ગર્ભિત સૂચન ઘણું કાવ્યમય બન્યું છે.

'ચક્રવાકમિથુન' માં કાન્ત પ્રકૃતિના અનેક રમ્યચિત્રો દોર્યાં છે. સૂર્યાસ્ત થઈ રહ્યો છે, નદીના પાણી પણ કૃષ્ણમય થઈ રહ્યાં છે. સૂર્યના કિરણો હવે શિખરનાં ઊંચા શૃંગો પર જ દેખાય રહ્યાં છે. આવા સમયે ચક્રવાકી ભાવિવિરહના ભયથી વ્યાકુળ બની ગઈ છે. જુઓ :

"ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ;
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !
પાસે પામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય."

કાન્ત વળી એક સુંદર પ્રકૃતિચિત્ર ભાવક સમક્ષ ખુલ્લું કરે છે. સભયનાથ પ્રિયા હૃદય ધરે છે. કવિની કલ્પના પણ કેવી અદ્‌ભુત છે. શૈલરાજનું દશ્ય દોર્યા પછી બીજાં ઝાંખા ભૂરાં ગિરિ ઉપરના એકથી વધુ શૃંગોને દશ્યમાન કરે છે. આ શૃંગો પણ કેવાં દીસે છે "વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ!" ઊંચા શૃંગો પર પડતા

સૂર્યકિરણનું વર્ણન પણ ઘણું સૂચક બન્યું છે. તરુવર પર બેઠેલું આ યુગલ અંધકારથી ભયભીત થઈ ગયું છે. રાત્રિ દરમ્યાન થનારાં વિહરની વેદના ચક્રવાકી માટે કવિએ 'ભીરુ શ્યામા' શબ્દ વાપર્યો છે. તેની આંખમાં આવતા અશ્રુને ચક્રવાક લ્હોય રહ્યો છે. અહીં જાણે એક ખંડ પૂર્ણ થાય છે. કાન્તે આ ખંડકાવ્યમાં કોઈ ખંડ પાડ્યા નથી. છતાં ભાવકને અહીં ત્રણ ખંડો સ્પષ્ટ જોવા મળે છે.

કાન્તે અહીં 'Flash back' ટેકનિકનો ઉપયોગ કર્યો છે. હવે કાન્ત ચક્રવાક-ચક્રવાકીની દિનચર્યાના પણ કેટલાંક રમ્યચિત્રો દોરી આપે છે. ચક્રવાક અને ચક્રવાક યુવાન છે. રસજ્ઞ પંખીયુગલ છે. જે રોજ પ્રણયક્રીડા અર્થે અહીં આવે છે. વૃક્ષોની ડાળીઓમાં છૂપાં છૂપાં પરસ્પર એકમેકમાં મગ્ન થઈ જાય છે. આ યુગલને હમેશી પ્રતીક્ષા હોય છે સૂર્યોદયની. સૂર્યોદયની સાથે જ તેનો આનંદોલ્લાસ છલકાવા લાગે છે. કવિ તેનું રસજ્ઞચિત્ર દોરતાં કહે છે. :

"ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દીસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.

અહીં માત્ર સૂર્યોદય થતો જ આપણે નિહાળી શકતા નથી પણ સૂર્યોદયની સાથે ચક્રવાક-ચક્રવાકીનો સ્નેહોદય થયાનો અહેસાસ પણ અહીં પામી શકીએ છીએ. અહીં રસમગ્ન-પ્રણયઘેલાં એવા પંખીયુગલના અંતઃકરણની સુકુમારતા અને એનાં ગાઢસ્નેહનું ભાવન પણ ભાવકને થયા વિના રહેતું નથી. અહીં કાન્તે આ રસિકયુગલ



માટે 'ઘેલાં' શબ્દ પ્રયોજ્યાં છે તે પણ એટલો જ ઔચિત્યસભર છે. અહીં 'ઘેલાં' માત્ર પ્રણયક્રીડામાં ઘેલાં કે પાગલ નહીં પણ વ્યાકુળ-બહાવરના અર્થમાં છે. સૂર્યના કિરણો વિલુપ્ત થવાની સ્મૃતિ થતાં જ એ આકુળ વ્યાકુળ બની જાય છે. કાન્ત વળી એક સુન્દર કલ્પનાચિત્ર દોરે છે - "માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ." ભીનાં પાંદડાં પર પડતાં સૂર્યકિરણો જાણે સોનું પાથરી રહ્યાં છે - પર્ણો જાણે મોતી મઢ્યાં હોય તેવી અપૂર્વ કલ્પનામાં કાન્તની ઊંચી કવિપ્રતિભાના દર્શન થાય છે. કાન્તે પ્રકૃતિના સંગમાં આ પ્રણયમત્ત એવુ યુગલ જે આનંદોલ્લાસથી આખો દિવસ પ્રસાર કરે છે તેનું હૃદયંગમ આલેખન કર્યું છે. એક બાજુ સૂર્યોદયથી સુવર્ણમય બની ગયેલી સૃષ્ટિ માણેકમઢી દેખાય છે તો બીજી બાજુ, લીલીકુંજાર વનસ્થલી, નાનાં નાનાં સ્વચ્છ સરોવરો, નાનકડાં તળાવો, પરિમલયુક્ત વહેતો સમીર અને આહ્લાદક સ્વરના મધુરચિત્રો, વળી, તેમાં મૃગોની નિર્દોષને ભયમુક્ત રમત - આદિનું આલેખન કરી કવિએ આ પંખીયુગલના મનોગતનો સુપેરે પરિચય કરાવ્યો છે. જુઓ ચક્રવાક-ચક્રવાકીના આનંદવિભોરક્ષણનું એક સુંદર શબ્દચિત્રઃ

"શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઈને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે."

ચક્રવાક-ચક્રવાકીની પ્રણયક્રીડાની કેટલીક સુખદ ક્ષણોને કવિએ અહીં કલાત્મક રીતે આલેખી છે. આ પંખીયુગલ એકબીજાને શોધવાની રમત રમી રહ્યાં છે. ઝાડની ડાળીમાં છુપાયેલા પોતાના પિયુને શોધી કાઢતી ચક્રવાકી આનંદવિભોર બની જાય છે. આ સ્નેહમુગ્ધ પંખી યુગલની પ્રણયલીલાનું અહીં સ્વાભાવોક્તિભર્યું શબ્દચિત્ર ઘણું હૃદ્ય બન્યું છે. પ્રેમક્રીડામાં મસ્ત બનેલું આ વિહંગદંપતી ચાંચમાં ચાંચ લઈએ અને પાંખમાં પાંખ લઈને ઊડવાનો પ્રયાસ કરે છે. બે ચરણથી ઊડતું આ વિહંગદંપતી ઊડતાં ઊડતાં પવનથી પાણીમાં સહેજ ડૂબકી લગાવી રોમાંચ અનુભવે છે. ક્યારેક તો વિમુખ બનેલી પ્રિયતમા સ્નાન કરતી હોય ત્યારે ચક્રવાક તેના શીરે જળનો અભિષેક કરી પોતાના પ્રેમ પ્રદર્શિત કરે છે. કાંઠે બેસીને આ દંપતી પાણીમાં પડતાં પોતાના પ્રતિબિંબને નિહાળ્યા કરે છે. પૂરાં અગો ભલે દેખાતા નથી છતાં તેમનો પ્રણય વધતો જ રહે છે. એકબીજાને નિહાળતા એકબીજાને અન્યોન્ય લાગે છે. કાન્ત આવા પ્રણયમુગ્ધ વિહંગદંપનીના સ્નેહાદ્વૈતનું હૃદયંગમ ચિત્ર દોર્યા પછી તરત જ આવનારા વિરહને કલાત્મક રીતે વિરોધાવે છે. જુઓ :

> "પ્રણયની પણ તૃપ્તિ થતી નથીઃ
> પ્રણયની અભિલાષ જતી નથીઃ
> સમયનું લવ ભાન રહે નહિઃ
> અવધિ અંકુશ સ્નેહ સહે નહિ!"

આ તો છે - નિયતિની સાર્વત્રિક સત્તા. અહીં કાન્તને માત્ર ચક્રવાક-ચક્રવાકીની જ વાત નથી કરવી. કાન્તને તો અભિપ્રેત છે -



માનવભાવો. પ્રણયની તૃપ્તિ અને એની વધતી અભિલાષાને લગતી વિષમતા મનુષ્યજીવનની પણ છે. અહીં કવિએ પ્રણયની ક્રીડા તૃપ્તિ થતી નથી ને પ્રણયની અભિલાષ પણ જતી નથી એ દ્વારા તદ્દન વિરોધાભાવિ પરિણામો સામસામે મૂકીને કાન્તે આ પંખીયુગલની પિપાસાને પ્રત્યક્ષ કરી છે. પ્રબળ બનેલી પ્રણયોર્મિ માટે કાન્તે ગંભીર ને દ્રુતલય યોજીને અનેરું કવિત્વ સર્જ્યું છે પ્રણયક્રીડાનું ભાવવ્યંજક કથનવર્ણન કાન્તની કવિપ્રતિભાનો પરિચાયક બને છે. એકમેકમાં ખોવાયેલાં આ પંખીયુગલની મોહનિંદ્રા આખરે તૂટે છે ને આવનારા વિરહસંભવથી વ્યથિત બની જાય છે. આમ, વિવશ મૂઢ નિરાશ થયેલા આ વિહંગયુગ્મ હૃદયમાં આવનારી વિરહની પળોનો ખ્યાલ એમને વિરહવ્યાકુળ બનાવી મૂકે છે. કાન્તે અહીં ઘોર યામિનીનો મંદ્ર અવ્યક્ત શોર અને નિષ્ઠુર પ્રાણકાલની ભયાનકતા આલેખતાં કહે છે :-

> "અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
> સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
> ઊંડાણોમાંથી પડી સૂઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલઃ
> આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ."

પ્રણયક્રીડાની મોહનિંદ્રામાંથી જાગતા આ યુગલનો વિરહ સ્મૃતિનો પરદો તૂટે છે અને વિધિની ભયંકરતાને નિહાળે છે અહીં ૧૫માં શ્લોકનું અનુસંધાન ૩જા શ્લોક સાથે સંધાયું જોવા મળે છે. અહીં કવિએ પ્રકૃતિનું સુંદર વર્ણન કર્યું છે. અંધારું થતાં યામિનીના જળ પણ શ્યામ બની ગયા છે. આ પંખીયુગલ માટે જે ક્ષણ આવી ચડી

તે અટળ છે. કારણકે, - તે વિધિનિર્મિત છે. કાન્તનાં અન્ય ખંડકાવ્યોમાં પણ આ જ ધ્વનિ બળવત્તર બનીને આવે છે. કાન્તનાં ખંડકાવ્યોમાં આ ધ્વનિ કેન્દ્રવર્તી રહ્યો છે કે, માણસ સર્વ સત્તાધિશ નથી જ નથી. માણસ ઉપર પણ નિયંત્રણ રાખનાર કોઈ સત્તા છે. એ શક્તિ છે - નિયતિ - ભાગ્ય - કાળ. નિયતિ જ બળવાન છે, એની સામે માણસનું કંઈ જ ચાલતું નથી. માણસ તેની સામે દુર્બલ છે - નિઃસહાય છે. કાન્તને લાગે છે કે, નિયતિ ક્રૂર છે - દયાહીન છે. એ ન્યાયની પ્રથામાં માનતી જ નથી. એ સજા જ કરી શકે છે. માણસે તો વિધિનિર્મિત દુઃખોને સહન કર્યા વગર છૂટકો જ નથી.

અહીંથી જાણે ત્રીજો ખંડ શરૂ થાય છે. ધીમે ધીમે સૂર્ય પશ્ચિમ દિશામાં ઝડપભેર ગતિ કરી રહ્યો છે. જુઓ એક ગતિશીલચિત્ર :

"ધીમેધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસ રહિત ત્યાં વાદળીઓ તણાય."

જેમ જેમ સૂર્યનાં કિરણો અદશ્ય થવા લાગે છે તેમ તેમ આ વિહંગયુગ્મ વધુ ત્વરાથી ઉન્નત સ્થાને ઊડવા લાગે છે. જ્યાં સુધી પોતાની દૃષ્ટિ સૂર્યકિરણોને નિહાળે ત્યાં સુધી ઊંચે ઊડી તેનો લ્હાવો લેવાનું ચૂકતા નથી. મરણિયો પ્રયાસ કરે છે. આમ, સૂર્યપ્રકાશ ઉદ્ધિને અડે ત્યાં લગીનું દશ્ય જોવા આ પંખીયુગલ વધુ ઊંચે ઊડે છે. આમ, વિરહના ભયથી આ પંખીયુગલ એકબીજાને વ્યાકુલ હૃદયોમત્ત બનીને સમુચ્છ્રિત મળે છે ને છૂટા પડે છે અને વળી પાછા ભેટે છે. એમનું



રોમ રોમ વિરહભયની વેદનાથી જાણે બળવા લાગે છે. વિધિદમનની વેળા નિકટ આવતા ચક્રવાકી રીતસરની તરફવા લાગે છે. તે વિધિની આ વક્રતાને જાણતી નથી. દુઃખિત થતી આખરે પિયુને કહે છે :

"પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ ! ર્‌હેવું :
શાને આવું, નહિ નહિ જ, રે ! આપણે નાથ ! સ્હેવું !
ચાલો એવાં સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્ય જ્યાં હોય દેવ !"

આ નિયતિ નિર્મિત વિરહ ચક્રવાકીથી અસહ્ય બને છે તેને આ જગત સાવ પાષાણયુક્ત લાગે છે. અહીંનો દેવ જાણે સાવ નિષ્ઠુર છે. દયાહીન છે. આવા વિસ્તારમાં શા માટે રહેવું ? 'પાષાણોમાં નહિ નહિ હવે આપણે, નાથ ! રહેવું' માં રહેલો કરુણધ્વનિ ભાવકના સંવિદ્‌ને પણ સ્પર્શે છે. તે ચક્રવાકને કોઈ એવા સ્થળે જવાનું કહે છે જ્યાં સૂર્ય સદૈવ હોય અને દેવ પણ કંઈક વધુ આર્દ્રહૃદયવાળો હોય.

કાન્ત પછીના શ્લોકમાં સુંદર શબ્દચિત્ર દોરતાં કહે છે :

"પ્રવદતાં અટકી ગઈ એ અહીં
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિયે તે લ્હુવે !"

પ્રિયતમાના આવ ઉદ્‌ગારો ચક્રવાકના હૈયાંને જાણે કે ચીરી નાખે

છે. અહીં કાન્તે ચક્રવાકને વ્યવહારવિદ્ આલેખ્યો છે. અધીર બનેલી, નિરાશ થયેલી ચક્રવાકી આંખોમાંથી આંસુ સારે છે ત્યારે તે પોતાની મૃદુલ પિચ્છથી તેને લ્હુવે. વળી, ચક્રવાક એ જાણે છે કે, ચક્રવાકીની સૂર્ય જ્યાં સદૈવ વસતો હોય ત્યાં જવાની વાત મૃગજળ સમાન છે - મિથ્યા છે. વ્યવહાર ડાહ્યો ચક્રવાક ચક્રવાકીને સમજાવે છે :

"લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી !

ચક્રવાક જાણે છે જ્યાં લાંબા દિવસો છે ત્યાં રાત્રિ પણ એટલી જ લાંબી આવવાની. કારણકે, એ પ્રકૃતિનો જ નિયમ છે. કોઈ ભલા પ્રકૃતિના નિયમને બદલી શકે ખરાં ! કાન્તે અહીં માનવભાવનું પણ પ્રતીકાત્મક આલેખન કર્યું છે. આ જગતમાં - પ્રકૃતિમાં નિયમબદ્ધતા છે તેમાં મુગ્ધ અભિલાષાઓ પૂર્ણ થવી કઠિન છે. માણસ ઘણું બધું કરી શકે છે પણ વિધિનિર્મિતને બદલી ન જ શકે. ચક્રવાકનો પ્રત્યુત્તર સાંભળી ચક્રવાક સાવ ભાંગી પડે છે. તેનો કોઈ ઉપાય ખરો ? અંતે આ યુગલને એક જ વિકલ્પ હાથ લાગે છે :

"અવર કાંઈ ઉપાય હવે નથીઃ
વિરહ, જીવન, સંહરીએ મથીઃ
વહનમાં પડીએ દિન દેખતાંઃ
નયન મીંચી કરી દઈ એકતા !"

અહીં ગહનખીણમાં પડતું મૂકવાનું ચક્રવાકનું સૂચન ખરેખર આઘાતજનક જ છે. આશ્ચર્યજનક નથી. આખરે આ દ્વિજયુગલને કાન્તે પ્રકાશ સાથે વેગથી ઊડતા દર્શાવીને તેની વેધકતાને પોતાની



કવિપ્રતિભાથી હૂબહૂ આલેખી છે. આ વિહંગદંપતી ઊંચેને ઊંચે ઊડ્યાં જ કરે છે ને અંતે ખીણમાં પડતું મૂકે છે. કાન્તે કાવ્યાંતે આ યુગલનાં મનોભાવોને કલાત્મક રીતે આલેખ્યાં છે :

"આહા! આહા! અવર દુનિયા! ધન્ય!" એ બોલતામાં
નીચે નીચે ઊતરી પડતું વેગથી દંપતી ત્યાં !
અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહીં અચેતન એક દીસે નહીં !"

આ બે પ્રણયીજીવોના બલિદાન છતાંયે આ ઐશ્વર્યે દયાહીતના જ રહે છે. વિધિનિર્મિત ક્ષણોમાં ક્યાંય ઊનો ઉહ્કાર પણ નથી. તે જેવી છે તેવી જ નિષ્ઠુર રહે છે. આ છે ચક્રવાક-ચક્રવાકીનો પ્રણય ખાતરનો આત્મભોગ. આ દુનિયામાં એને પ્રણય શક્ય લાગતો નથી પણ બીજી દુનિયામાં એને પ્રણયનો - જીવનની ધન્યતાનો અનુભવ થતો લાગે છે. અહીં કવિએ પ્રણયસુખમાં સહેવી પડતી વિધિની ક્રૂરતાને કુશળતાથી આલેખી, તેમાં જીવનની પણ આહુતિ આપવી પડે તેનો ધ્વનિ પ્રગટાવી કાન્તે આ કાવ્યની પરાકાષ્ઠા આલેખી છે. અગાવ 'મૃગતૃષ્ણા' ખંડકાવ્યમાં પણ કવિએ આ જ ધ્વનિને ગુંથ્યો હતો :

"નથી ઈશ્વર દુઃખીનોઃ થયું જે જે હતું થવુંઃ
દુનિયામાં હવે શાને, અરેરે ! હાય ! જીવવું ?"

'ચક્રવાકમિથુન' કાન્તની યશોદાયી રચના છે. કાન્તે અહીં

વિધિનીવક્રતા (Irony of fate) અને નાટ્યાત્મક વક્રતા (Dramatic Irony)ને કુશળતાથી રજૂ કરીને એક નવ્યપરિમાણ રચ્યું છે. વર્ણન, છંદ, ભાષા, શૈલી - એક પ્રતિભાવંત કવિને શોભે તે રીતે કાન્તે પ્રયોજી છે. ખંડકાવ્યની પ્રત્યેક પંક્તિઓ સાચે જ હૃદ્ય બની છે. ‘ચક્રવાકમિથુન’માં શબ્દોનું સૈન્દર્ય, અર્થની વિશદતા, ભાવની અભિવ્યંજના અને સર્વતત્ત્વને વ્યાપી રહેતી અને અતિક્રમની સમગ્ર કાવ્યના તાત્પર્યની દૃષ્ટિ-આદિ કાન્તને લોકપ્રિય બનાવે છે. ‘ચક્રવાકમિથુન’ માત્ર કાન્તનું જ નહીં સમગ્ર ગુજરાતી ખંડકાવ્યમાં ઊંચી માગ મુકાવે તેવું કલાત્મક ખંડકાવ્ય છે એમાં કોઈ શક નથી.



૫

## ૫. વસંતવિલાસ

“નહિ નાથ ! નહિ નાથ ! ન જાણો કે સવાર છે !
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.”
હજારો વર્ષ એ વચન નીકળ્યાને વહી ગયા,
ખરે ! વક્તા શ્રોતા નથી તદપિ એ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઊચરતાં,
વટી જોકે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં.
ગિરિના પ્રાંતમાં કોઈ બંધી પર્ણકુટી દ્વય,
બંને રાજ્ઞી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય.
નિંદ્રા પ્રશાંત જરીયે ન હતી થયેલી
દુઃસ્વપ્ન દર્શન મહીં જ નિશા ગયેલી;
“ખુલ્લા પ્રદેશ પર જૈ ફરું થોડી વાર.”
ઊઠ્યો નરેન્દ્ર મનમાં કરી એ વિચાર.
ધીમે શયનને છોડી જરા એ બ્હાર જાય જ્યાં,
“નહીં નાથ ! નહીં નાથ !” શબ્દો એ સંભળાય ત્યાં,
“પ્રિયે માદ્રી શું છે ? નથી નથી જતો સ્નાન કરવા,

વહી નિંદ્રા, માટે અહીં તહીં જરા જાઉં ફરવા;
મટ્યું આ અંધારું તરત, નથી રાત્રિ પણ બહુ,
હંમેશાને સ્થાને પછી કરીશ હું આહ્નિક સહુ.''

ન જવાનું કહી દેવી નિંદ્રાવશ થઈ હતી;
જાગર્તિ ક્ષણ રોકાઈ ફરી પાછી ગઈ હતી !

''સારું થયું પ્રિય સખી થઈ ગઈ છે પ્રસુપ્ત
સાચી બિના નહિ જ રાખી શકાત ગુપ્ત;''
સંતોષથી નૃપતિ થાય હવે વિદાય,
છે અંધકાર, પણ ભૂલ જરા ન ખાય.

કંસારી તમરાંઓના અવાજો આવતા હતાઃ
સ્થળ કાલ છતાં શાંત બંનેને ભાવતા હતા !

વહે ઠંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણાં થોડા આજે ઉડુગણ પ્રકાશે ગગનમાં;
હજી એકે પ્રાણી ગિરિ મહીં નહીં જાગ્રત દીસે,
વધે અંધારામાં નરવર અગાડી વન વિશે.

જ્યાં જવું હતું તે આવ્યું સર સુંદર પાસનું
આપ્યું હતું પુરા જેને નામ ''માદ્રિવિલાસ''નું.

ઝાંખી ભરેલી જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના ક્યહીંયે તણાય;



બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય,
ઊંડા વિચાર મહીં છેવટે મગ્ન થાય.

અનિંદ્રા શ્રમથી તેનો ધૈર્યભ્રંશ થયો હતો;
પૂર્વના સ્મરણો માંહી ઘણો કાલ ગયો હતો

થવા માંડ્યા ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે,
ઊઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહું ભળે;
જવા માંડ્યું સર્વે સ્થળ મહીંથી અંધારું ઝટ જ્યાં,
પુરાયો પ્રાચીમાં નવલ સરખો રંગ પણ ત્યાં !

કોલાહલ થવા લાગ્યો અરૂણોદયથી બધે;
પૂર્વની રક્તિમા સાથે સહુ આક્ષોભ એ વધે !

વૃક્ષો અદશ્ય સઘળાં નજરે પડે છેઃ
ધોળાં અનેક ગમથી ઝરણાં દડે છેઃ
એ દેશ ચક્ષુ તજી ઉપર જ્યાં ચડે છે,
ઊંચા પ્રચંડ શિખરો નભને અડે છે.

''અરે ! શું આટલો કાલ નિષ્કારણ વહી ગયો !''
સદ્ય એવું કહી રાજા સ્વસ્થાનેથી ઊભો થયો.

ઊઠી જોતાં શોભા બહુ જ બદલાયેલ નીરખીઃ
ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણ મહીં આવી પ્રિય સખીઃ

"નિહાળું છું શું હું મનહર વસંત પ્રસરને ?
અરેરે ! શેની શી અનુભવ કરું છું અસર એ ?"

સૃષ્ટિસૈન્દર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું;
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું.

ઊડે, દોડે, એની જલચર કરે ગમ્મત ઘણી,
નિહાળીને, જોયું વળી પછી જરા પર્વત ભણી;
ગમીના એ વૃત્તિ; હૃદયરસથી સંયમ ચડ્યો,
"થઈ ન્હાવાવેળા" નૃપત કહી એવું મહીં પડ્યો.

સ્નાનથી થઈને શાંત પડ્યો એ નિત્યકર્મમાં,
જતા રાગ બની વૃત્તિ પાછી તદ્રૂપ ધર્મમાં.
પૂરું કરી તસ્ત તે સ્થલને તજે છે,
ઈચ્છા વિરુધ્ધ દૃઢ આગ્રહને સજે છેઃ
"શાને થવું પતિત આશ્રમધર્મનાથી ?
સૌદર્ય શું ? જગત શું ? તપ એ જ સાથે."
જઈ આશ્રમમા લે છે નિત્ય માફક ભોજન;
ઈચ્છે પછી જરા નિંદ્રા પૂર્ણ વીસરવા વન.
ઊઠ્યો થોડી વારે નૃપ જયમ નિંદ્રા કંઈ લઈ,
મનોવૃત્તિ તેવી સ્થિર, વિમલ ને સાત્ત્વિક થઈ;
જઈ થોડે છેટે પછી અનુભવે શીતલ હવા
પડે દૃષ્ટિ માટે વન તરફ લાગે નીરખવા !



અક્ષુબ્ધ હૃદયે જોઈ રચના એ ઋતુ તણી;
મળવાને પછી ચાલ્યો બીજી પર્ણકુટી ભણી.
માદ્રી જ માત્ર હતી હાજર એહ વાર,
કુંતા ગયેલ કંઈ કારણથી બહાર;
માતા સતી નકુલ ને સહદવેની એ,
હા ! તાપસી નૃપની સાથ હતી બની એ.
ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું.
"નથી શું કુંતાજી ? નહિ અરર આંહીં રહી શકે,
પ્રિયે ! તું એકાકી ? સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે ?
ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિશે કાંઈ ફરીએ."
પ્રસંગ બદલાતાં એ સિધ્ધાંત વીસરી ગયોઃ
મટી તાપસ એ પાછો ભર્તા-સ્વામી-ખરે થયો !
શાંતિ મહીં નહિ થયો કંઈ ફેરફાર,
તેથી જ હાલ નૃપતિ વીસર્યો સવારઃ
માદ્રી નહિ કરી શકી કંઈયે નકારઃ
જાણેલ હોય કદી શું વિધિના પ્રકાર ?
પૂર્વાશ્રમ તણી બુદ્ધિ પાછી આવી ગઈ હતીઃ
ફરે સાંપ્રતને ભૂલી વનમાં સાથ દંપતી.
વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નીરખતાં રચના નયનો ઠરેઃ

મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હૃદયો રસથી ભરે !
વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજય સઘળે
નવા રૂડાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે
બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરતી.
ઊછળ્યું લોહી તેથી એ સાવધાન થયો નહીં,
સ્ત્રીસંગે નર્મગોષ્ઠિમાં વધે છે વનની મહીં.
ઉત્તુંગ નમ્ર સહકાર દીસે ઘણાય
લાખો વળી અગુરુ ચંદન ત્યાં જણાય,
વૃક્ષો, લતા, સકલ કૈંક અપૂર્વ રંગ,
જામે ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ ?
ફરતાં ફરતાં આવ્યો એક માલતી મંડપ;
પ્રવેશ સતીની સાથે કરે છે તે મહીં નૃપ.
ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.
“સાંભળ્યું મોહ પામીને હવે કોકિલાકૂજન;
પ્રિયા પંચમ વૃષ્ટિથી ન્હાવાનું થાય છે મન.”
જરા શંકા પામી, તદપિ નહિ કાંઈ કહી શકી,
વળી એવી ભીતિ નૃપવદન જોતા નહિ ટકી;



નહીં રાજાજીને હુકમ પણ પાછો કદી ફરે,
વિચારી એ માદ્રી તરત જ જરા કૈં શરૂ કરે.
દિવ્ય રાગ શરૂ થાતાં બન્યું શાંત બધું વન;
લોહચુંબકથી જાણે ખેંચાયાં સર્વનાં મન.
માધુર્ય એ ઊછળતું ક્યહીં ના સમાય,
હા ! કેમ આ હલક અંતરથી ખમાય;
સાથે મળ્યાં તરત દંપતી સર્વ દોડી !
ભેટી રહ્યાં સ્વર વિષે દઈ વૃત્તિ જોડી !
ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ ન્હાય છેઃ
હાય ! એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે !
સંગીતામૃત વર્ષતા પ્રથમ તો આનંદ વ્યાપી ગયો,
સાથે એ કરું પ્રિયાહૃદયને આવેશ એવો થયો;
ખેંચાયો પણ વેગ પૂર્ણ કરતાં, આવી સ્થિતિની સ્મૃતિ,
રાખે અંકુશ, તોય સ્પષ્ટ વપુમાં દેખાય છે વિકૃતિ.

નિહાળી નૃપને રાજ્ઞી જરા ગતાં રહી ગઈ;
હાય રે ! ઊલટી તેથી તેની શાંતી વહી ગઈ!

“પ્રિયે ! માદ્રી ! આહા ! સહન મુજથી આ નથી થતું,
નહી મારે જોઈએ તપફલ, ભલે એ સહુ જતુ,
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા
છટાથી છોડી દે ! અરર ! ક્યમ રાખે નિયમિતા ?”

વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો;
અપૂર્વ ધ્વનિતી પૂરો મદોન્મત થયો હતોઃ

“સખી ! દેવી ! વ્હાલી! સ્વરૂપ તુજ આજે બહુ દીસે,
ખરે ! રંભા જેવી રસમય અહીં નંદન વિશેઃ”
નિહાળે વર્ષાવી પ્રણયરસ બંને નયનથી,
જરા ધાસ્તી પામે સતી પણ હવે હાય ! મનથી .
ગીત પૂર્ણ થતાં રજા જાય છે પાસ કૈં મિષે;
“ક્ષમા - પ્રાણ નહિં.” બોલી; લે છે એને ભુજા વિશે !
“રે હાય ! હાય ! નહિ નાથ નહીં” કહીને,
છૂટી જઈ ભુજ થકી અળગી રહી તે;
હા ! દીન દૃષ્ટિ કરી એ નીરખી રહે છે,
દુઃખે ભર્યાં નયનથી નૃપને કહે છે :-
“ડરું છું, ભય પામું છું, જોઈને આજ આપનેઃ
અરે! કેમ વિસારો છો ઋષિમા ઉગ્ર શાપને?”

બહુબીતી બીતી થરથર થતી એ કરગરે,
નથી ઓછી થાતી વિકૃતિ નૃપની તોપણ, અરે !
“ઘટે છે શું દેવી ! હૃદય પર આ નિર્દય થવું?
અરે રે ! આ આવું પ્રબલ દુઃખ ! મારે ક્યહીં જવું ?”

“પ્રિયા ! પ્રિયા ! પ્રિયા ! તારા હાથમાં સર્વ હાય રે !
ત્વરાથી દેહ જોડી દેઃ આ તો નહીં ખમાય રે !”
“જાણું બધું, પણ દીસે સ્થિતિ આ નવીનઃ
મારું નથી બલ, બન્યો જલ બ્હાર મીનઃ



દેવી ! વિચાર કરવા સઘળા તજી દેઃ
રે હાય ! સ્પર્શસુખ, પ્રાણસખી ! હજી દે !”
વિચાર કરવા જેવો હવે વખ્ત રહ્યો નહિ;
ઝંપલાવી પડી માદ્રી નરેન્દ્ર-ભુજની મહીં.

X X X X X

નહીં ચાલે આથી ગત સમયમાં દૂર હૃદયઃ
પડ્યા શબ્દો છેલ્લા શ્રૃતિ પર બહુ મંદ સદય.
જરા તુટ્યાં વાક્યો કંઈ કંઈ થઈને રહી ગયાં.
હજારો વર્ષો એ પછી પણ હવે તો વહી ગયાં !

- કાન્ત.

‘વસંતવિજય’ કાન્તની પ્રથિતયશકૃતિ છે. ગુજરાતી ખંડકાવ્યોમાં સૌથી ઉત્તમ ‘વસંતવિજય’ બેનમૂન-અદ્વિતીય કલાકૃતિ છે. આ કૃતિ વિશે આજ સુધીમાં અનેક કાવ્યદર્શી - વિવેચકોએ તેની ભરપૂર પ્રશંસા કરી છે તે જ તેની લોકપ્રિયતા સૂચવે છે.

‘વસંતવિજય’ની કથા કાન્તે ‘મહાભારત’ ના ‘આદિપર્વ’માંથી લીધી છે. આ ખંડકાવ્યમાં મુખ્ય વાત છે પ્રકૃતિ જ સાર્વત્રિક સત્તા હોવાની - વસંતપ્રસરના પ્રાબલ્યની. કાન્ત માને છે કે, આ જગમાં વિધિ જ સાર્વત્રિક સત્તા છે - બળવાન છે. એની કોઈને કોઈ સ્વરૂપે આણ પ્રવર્તે છે. પરિણામે માણસ નિઃસહાય બની જાય છે. એને પ્રણયની સુખની પ્રાપ્તિ થતી જ નથી. પરિણામે

એનું જીવન વિધિનિર્મિત ક્રૂરતાને કારણે ધૂળધાણી થઈ જાય છે. 'ધાર્યું તો ધણીનું જ થાય' એ ઉક્તિ કાન્તના ખંડકાવ્યોમાં આલેખન પામે છે. અહીં માત્ર પાંડુ જ મહત્ત્વનું પાત્ર નથી વસંત પણ એટલું જ મહત્ત્વનું છે. એટલું નહીં, પણ વસંતનું પ્રાબલ્ય તો કાન્તે ખૂબ જ અસરકારક રીતે આલેખ્યું છે. અહીં નિયતિની વક્રતાયે કેવી કે જે સુખવાંછુ પાંડુને હંફાવે છે ને અંતે હરાવે છે. પાંડુ માટે પ્રકૃતિ પ્રણયને ઉદ્દીપ્ત કરી આપે છે પણ સુખોપભોગ કરાવી શકતી નથી. પ્રકૃતિ તો પાંડુને પ્રાપ્ત થતી સુખની ક્ષણે જ પોતાનું પોત પ્રકાશે છે ને પાંડુ માત્ર વિવશ બની તેની ક્રૂરતાને ભોગ બને છે.

મૂળકથા પ્રમાણે એક વખત પાંડુ રાજા વનમાં શિકાર અર્થે ગયા ત્યાં કિંદમમુનિ અને તેની પત્ની મૃગ-મૃગીનુ રૂપ ધારણ કરી રતિક્રિડામાં મગ્ન હતા ત્યારે પાંડુ તેનાં પર બાણ છોડી વીંધી નાખે છે. મૃત્યુ પામતાં ઋષિ અને ઋષિપત્ની પોતાનું મૂળસ્વરૂપ ધારણ કરી પાંડુને શાપ આપે છે. 'તું પણ આવી જ સ્થિતિમાં મૃત્યુને ભેટીશ.' પાંડુ થરથર કાંપી ઊઠે છે. પાંડુ ભોગવિલાસથી બચવા માટે વનમાં પત્ની માદ્રી અને કુંતા સાથે તાપસી જીવન ગાળવા આવે છે.કાન્ત આ કથાને વિગતે દર્શાવ્યા વિના સીધો જ વિષયપ્રવેશ કરે છે. એમાં કાન્તની કલાસૂઝના દર્શન થયા વિના રહેતા નથી.

રાત્રે દુઃસ્વપ્ન આવતા પાંડુ જાગી જાય છે અને કામવિહ્વળતાનો અનુભવ કરે છે. તે કુટિરમાંથી ઊભો થાય છે ત્યાંથી કાવ્યારંભ થાય છે. 'વસંતવિજય' નો કાવ્યનો ઉઘાડ ઘણો નાટ્યાત્મક બન્યો છે. માદ્રીના મુખે મુકાયેલો આ સંવાદ જુઓ :-



"નહિ નાથ ! નહિ નાથ ! ન જાણો કે સવાર છે !
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે."

કાન્તની રચનારીતિનું આ એક જાણીતી લાક્ષણિકતા છે - તેમનાં ખંડકાવ્યોમાં આવતી નાટ્યાત્મકતા. અનુષ્ટુપ છંદથી શરૂ થતું આ કાવ્ય એના વસ્તુવિકાસ અને સુશ્લિષ્ટ અને કલાપૂર્ણ વસ્તુગૂંથણીથી ભાવકના માનસપટ પર વિધ વિધ શબ્દચિત્રો અંકિત કરાવે છે. અહીં માદ્રીનું શબ્દચિત્ર ઘણું નાટ્યાત્મકઢબે રચાયું છે.હજી સવાર નથી થયું, હજુ સવારને બહુ વાર છે તેનું આલેખન કરતો તંદ્રિત માદ્રીનો આ સંવાદ ભાવકને પણ જાગૃત કરી દે છે. કાન્તે તરત જ હજારો વર્ષ પૂર્વે બનેલી ઘટનાનો માત્ર નિર્દેશ કરીને પાંડુની કથાને ભાવક સામે મૂકી દીધી છે. કાન્તે અહીં હજારો વર્ષ પૂર્વે શું ઘટના બની હતી ? પાંડુને ક્યા ઋષિએ, શા માટે શાપ આપ્યો હતો તેને અધ્યાહારમાં મૂકી કાન્ત ઉત્કૃષ્ટ કલાવિધાન રચ્યું છે. ગિરિના કોઈ પ્રાંતમાં પર્ણકુટીમાં પાંડુ પોતાની પત્ની માદ્રી અને કુંતા સાથે તાપસી જીવન ગાળે છે. આજે પાંડુને દુઃસ્વપ્ન આવતાં તે જાગી ગયો છે. મનમાં વ્યાપ્ત આવેગોને કારણે એમને ઊંઘ આવતી નથી.

"ખુલ્લા પ્રદેશ પર જૈ ફરું થોડી વાર."
ઊઠ્યો નરેન્દ્ર મનમાં કરી એ વિચાર.

મનમા ંજાગેલા આવેગોને કારણે બેચેની અનુભવતો પાંડુ ખુલ્લા પ્રદેશમાં ફરવાનું વિચારે છે. પાંડુને એમ હતું કે, ઊંઘ આવતી નથી વળી, મનમાં ઉદ્દીપ્ત આવેગો એને પીડી રહ્યાં છે તો થોડીવાર પ્રકૃતિનાં સાન્નિધ્યમાં વિહરું જેથી દુઃસ્વપ્નને કારણે મનના વિકારોનું

શમન થાય. એ કુટિર બહાર પગ મૂકે છે ત્યાં ફરી માદ્રીના "નહીં નાથ ! નહીં નાથ !" ના શબ્દો સંભળાય છે. પાંડુ માદ્રીને પ્રેમભર્યો પ્રત્યુત્તર આપે છે :-

"પ્રિયે માદ્રી શું છે ? નથી નથી જતો સ્નાન કરવા,
વહી નિંદ્રા, માટે અહીં તહીં જરા જોઉં ફરવા;

માદ્રીને પાંડુ સમજાવે છે કે હવે ખાસ અંધારું નથી, રાત્રિ પણ હવે ખાસ બાકી રહી નથી. હું તો ઊંઘ નથી આવતી માટે અહીં તહીં જરા બહાર ફરવા જાઉં છું. પાંડુના જવાબથી સંતોષ પામેલી અર્ધનિંદ્રિત માદ્રી ફરી ઘસઘસાટ ઊંઘવા લાગે છે. પાંડુને થયું સારું થયું સખી ઊંઘી ગઈ નહી તો સાચી બિના કઈ રીતે ગુપ્ત રાખી શકત ! એવા સંતોષથી નૃપતિ કુટિર બહાર પગ મૂકે છે. પાંડુને એવું લાગ્યું હતું કે, રાત્રિ હવે ઝાઝી રહી નથી પણ જ્યારે કુટિર બહાર આવે છે ત્યારે જુએ છે તો હજુ તો ઘણો અંધકાર છે. છતાં, પૂર્વસ્મૃતિના બળે ધીમે ધીમે પગ માંડી રહ્યો છે.

૯માં શ્લોકની કાન્ત પ્રકૃતિના મનોગમ્ય શબ્દચિત્રો દોરે છેઃ

"કંસારી તમરાંઓના અવાજો આવતા હતાઃ
સ્થળ કાલ છતાં શાંત બંનેને ભાવતા હતા !
વહે ઠંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણાં થોડા આજે ઉડુગણ પ્રકાશે ગગનમાં;
હજી એકે પ્રાણી ગિરિ મહીં નહીં જાગ્રત દીસે,
વધે અંધારામાં નરવર અગાડી વન વિશે."



કાન્તની કવિપ્રતિભાની આ એક બીજી વિશેષતા એ છે કે, તે બે વસ્તુઓને એકબીજાની સામસામે મૂકીને એને વિરાધાવે છે. અહીં કંસારી, તમરાંના અવાજોને સ્થળશાંતિને સામસામે મૂકીને કાન્તે અવિરોધ સંવાદ સ્થાપ્યો છે. કંસારી, તમરાંનો અવાજ પાંડુના હૃદયમાં ઊઠતા સંચારીભાવોને વધુ જાગ્રત કરી મૂકે છે. વળી આ કંસારી તમારાં જેવાનો અવાજ, પ્રકૃતિનું - વર્ણન કાવ્યની ગંભીરતાને ઉઠાવ આપવામાં પ્રતીકાત્મક કાર્ય કરે છે. પાંડુ મનમાં વ્યાપ્ત કામાવેગનું શમન કરવા પ્રકૃતિની અનવદ્ય સૌન્દર્યથી પાંડુના મનમાં ઉદ્દીપ્ત આવેગો શમવાને બદલે વધુ બળવત્તર બને છે. વનમાં પથરાયેલો વસંતપ્રસર પાંડુના મનના જાગેલા ભાવોને બળુકા બનાવે છે વનમાં વાય રહેલો ઠંડો વાયુ પાંડુને વધુ વિહ્વહ બનાવે છે. આ ગિરિપ્રદેશમાં હજી વનસમષ્ટિ નિંદ્રાધીન હતી. આવા વાતાવરણમાં પાંડુ ધીમે ધીમે પૂર્વસ્મરણના બળે મક્કમપણે ડગલા મૂકતો આગળ વધે છે ને 'માદ્રી નિવાસ' આવી પહોંચે છે.

જયાં જવું હતું તે આવ્યું સર સુંદર પાસનું
આપ્યું હતું પુરા જેને નામ "માદ્રીવિલાસ"નું.

કાન્ત 'માદ્રીનિવાસ' જેવી જગ્યાએ પાંડુને સહેતુક લાવ્યાં છે. આ 'માદ્રિનિવાસ'ની સાથે પાંડુના ભવ્ય ભૂતકાળ જોડાયેલો છે.ભૂતકાળમાં પાંડુ માદ્રી સાથે આ ગિરિપ્રદેશમાં આવતો અને ભોગવિલાસ ભોગવતો. અહીં પાંડુના મનમાં રતિભાવ વધુ જાગૃત થાય તેથી કાન્ત અભિનિવેશપૂર્વક એને 'માદ્રીનવાસ' લઈ આવે છે. બળતામાં ઘી હોમવા જેવી સ્થિતિનું અહીં નિર્માણ થાય છે.

પાંડુના મનમાં વ્યાપ્ત શૃંગારીભાવો વધુ બળવત્તર બને છે. કાન્ત પાંડુના ચિત્તમાં જાગેલા આવેગો સાવ અચાનક જાગ્યા નથી. કાવ્યારંભે કવિએ પાંડુને આવેલું દુઃસ્વપ્ન આલેખ્યું છે. ત્યાર પછી કાન્તે પ્રકૃતિનો સહારો લીધો અને હવે 'માદ્રીવિલાસ' સુધી લઈ આવીને પાંડુના ભોગવિલાસનો ભૂતકાળ આલેખી પાંડુની મનઃસ્થિતિને કાન્તે કલાત્મક રીતે આલેખી છે. આવું આલેખન તો કોઈ પ્રતિભાવંત કવિ જ કરી શકે. 'માદ્રીનિવાસે' બેઠેલા પાંડુની ચિત્તાવસ્થા આલેખતાં કાન્ત કહે છે :

"ઝાંખી ભરેલી જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના ક્યહીંયે તણાય;
બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય,
ઊંડા વિચાર મહીં છેવટે મગ્ન થાય."

શીલા પર બેસી પાંડુ સરોવરના જળને તાકી રહ્યો છે અને પોતાના અતીતનાં સંસ્મરણોમાં ખોવાય જાય છે. માદ્રી નિવાસ સાથે જોડાયેલા અનેક સંસ્મરણો ઘટાટોપ વાદળની વાદળની માફક ઊમટી પડે છે. ભૂતકાળમગ્ન થયેલા પાંડુને સમય-સ્થળનો પણ ખ્યાલ ન રહ્યો. ત્યાં અનિદ્રાના શ્રમથી તેનો ધૈયભ્રંશ થયો યાદ ન આવ્યું. કેટલો બધો સમય પસાર થઈ ગયો હશે ! કાન્તની આ પણ એક વિશેષતા છે કે, તે તક સાંપડતા જ પોતાની કવિ-પ્રતિભાનો જાદુ રેલાવવાનું ચૂકતા નથી. ફરી સુંદર પ્રકૃતિવર્ણનથી કાવ્યને ગતિ અર્પે છે :

"થવા માંડ્યા ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે,
ઊઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહું ભળે;



જવા માંડ્યું સર્વે સ્થળ મહીંથી અંધારું ઝટ જયાં,
પુરાયો પ્રાચીમાં નવલ સરખો રંગ પણ ત્યાં !
કોલાહલ થવા લાગ્યો અરૂણોદયથી બધે;
પૂર્વની રક્તિમા સાથે સહુ આક્ષોભ એ વધે !"

થોડાં સમય પહેલાં અદશ્ય દેખાતી વનરાજિ ધીમેધીમે ચાક્ષુષ થવા લગે છે. અરુણોદય થતાં રવિકિરણો બધું જ સ્પષ્ટ કરી રહ્યાં હતાં. અંધારુ ધીરેધીરે દૂર થવા લાગ્યું હતું. પૂર્વદિશામાં પથરેલી રક્તિમા મનને હરવા લાગે છે. વૃક્ષો ધીમે ધીમે દેખાવા લાગ્યાં, વહેતાં ધવલ ઝરણો, ઊંચા પ્રચંડ શિખરો હવે ચક્ષુગમ્ય બનવા લાગ્યાં છે. કોલાહલ થતાં પાંડુ ઝબકીને જાગે છે. એને લાગે છે કે, કેટલો કાળ નિષ્કારણ વહી ગયો ! પણ આ શું ? પાંડુનું મન કંઈક પ્રકારનો આહ્લાદ અનુભવવા લાગે છે. કાન્ત પાંડુના મનોભાવો આલેખતાં કહે છે :

"ઊઠી જોતાં શોભા બહુ જ બદલાયેલ નીરખીઃ
ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણ મહીં આવી પ્રિય સખીઃ
"નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને ?
અરેરે ! શેની શી અનુભવ કરું છું અસર એ ?"

સૂર્યોદય થતા સોળે કળાએ ખીલેલી પ્રકૃતિનું આકંઠપાન કરતાં પાંડુનાં ચિત્તમાં અજાણપણે આહ્લાદ જાગવા લાગે છે. ક્ષણપૂર્વે ધૈર્યશીલ બનેલા પાંડુનું ધૈય-સંયમ ડગમગવા લાગે છે. આ વસંતપ્રસરનો મનહરપ્રભાવથી પાંડુના હૃદયમાંથી 'અરેરે' ! જેવા ઉદ્દગારો

નીકળવા લાગે છે. આ ઉદ્‌ગારોમાં પાંડુની વિવશતા કવિએ કલાત્મક રીતે દર્શાવી દીધી છે. પાંડુને અનુક્ષણ સૌન્દર્યમંડિત્ દશ્યાવલિ વિચલિત બનાવી મૂકે છે. કાન્ત કવિપ્રતિભાનો ઉન્મેષ એમના ૧૯માં શ્લોકમાં જુઓ :

"સૃષ્ટિસૈન્દર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું;
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું."

સૌન્દર્યાસક્ત પાંડુને લાગે છે કે આ સૌન્દર્યલુબ્ધતા તો પોતાનું યોગત્વ હણી રહ્યું છે. કાન્તે 'યોગાંધત્વ' જેવો શબ્દ ઘણો સૂચક પણ ઔચત્યસભર આલેખ્યો છે. 'યોગાંધત્વ' શબ્દ ઘણો સૂચક પણ બને છે. પાંડુએ જે તાપસીજીવન સ્વીકાર્યું છે તે સંસારથી અનાસક્ત થયેલા યોગી જેવું નથી કહીએ કે, બુદ્ધ જેવું નથી. પાંડુને તો સંસારીભાવ ત્યજવાની ફરજ પડી છે. કારણકે, ઋષિનો શાપ અટલ છે - અફેર છે. સદ્‌યોગની તેજદષ્ટિ પ્રાપ્ત ન થાય અને અનિચ્છનિય આ વાનપ્રસ્થધર્મ સ્વીકારવાને ખરાં અર્થમાં 'યોગત્વ' ને બદલે 'અંધત્વ' જ પ્રાપ્ત થાય છે. પોતાનું યોગાંધત્વ તૂટવાના ભયથી પાંડુ વિચલિત થઈ જાય છે.

કાન્ત ફરીથી પ્રકૃતિનો પરિસર રચે છે; પ્રકૃતિ ચોમેર ખીલી ઊઠી છે. પાણીમાં જલચર વિવિધ ક્રીડા કરી રહી છે, પર્વત પોતાના અનવદ્ય સૌન્દર્યઢગનું દર્શન કરાવી રહ્યો છે. પહાડાદિનું સૌન્દર્ય પાંડુનાં મનને હરી લે છે. આ બધું પાંડુને ન ગમ્યું. એ પોતાના વિચલિત મનને શાંત કરવા દઢનિશ્ચય કરી ઊભો થાય છે :



"પૂરું કરી તસ્ત તે સ્થલને તજે છે,
ઈચ્છા વિરુધ્ધ દઢ આગ્રહને સજે છેઃ
"શાને થવું પતિત આશ્રમધર્મનાથી ?
સૌદર્ય શું ? જગત શું ? તપ એ જ સાથી."

અહીં સૌન્દર્ય ઉપર સંયમ અને તપનો મહિમા આલેખ્યો છે સૌન્દર્ય શું ? જગત શું ? પોતે શા માટે વિચલિત થવું ? અત્યારે પોતાનો ધર્મ તપ કરવાનો છે - પોતે તાપસી જીવન જ જીવવાનું છે. બસ, તપ એ જ પાંડુને પોતાનો જીવનસાથી લાગે છે. કારણકે, પોતે જરા પણ ડગ્યો તો સીધું મૃત્યુ જ મળશે એ બાબતથી પાંડુ પૂરોપૂરો વાકેફ છે. પાંડુ ફરી પોતાની કુટિરમાં આવે છે. નિત્યક્રમ મુજબ થોડું સાત્ત્વિક ભોજન કરી પાંડુ વનના આહ્‌લાદને ભૂલવા જરા આરામ કરે છે. જ્યારે ઊઠે છે ત્યારે પાંડુને લાગે છે કે, પોતાના મનમાં ઉદ્દીપ્ત થયેલા ભાવ કંઈ શકી ગયા છે. એમની મનોવૃત્તિ થોડી સ્થિર, વિમલ ને સાત્ત્વિક થતા પાંડુ ફરી વનનાં અનવદ્યસૌન્દર્યને ફરી નિહાળવા લાગે છે. એમના અક્ષુબ્ધ હૃદય ઉપર આ ઋતુના પ્રસરનો જાદુ અજાણપણે કબજો જમાવવા લાગે છે. પોતાજી બીજી પર્ણકુટી પાસે આવે છે. અત્યારે સતી કુંતા કુટિરમાં હાજર ન હતા. માત્ર એકલી માદ્રીને જોતાં જ એનું મન ફરી ચલિત થવા લાગે છે. માદ્રીનાં રૂપ-સૌન્દર્યનું આલેખન કાન્ત કલાત્મક રીતે કરતા કહે છે :

"ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું."

માદ્રી ઉપર દૃષ્ટિ પડતા જ પાંડુનાં મનમાં વિકારીભાવ જાગૃત થવા લાગે છે. કારણકે, માદ્રીએ ઝીણા વલ્કલ પહેર્યાં છે. એમાંથી માદ્રીનું શરીર દેખાય રહ્યું છે. ઘણાં સમય પછી પાંડુ માદ્રીને આ રીતે જોતો હતો. પાંડુને લાગે છે માદ્રીનાં લાવણ્યને તો વનવાસે પણ ઓછું નથી કર્યું. અહી કાન્તે સુંદર કલાવિધાન રચ્યું છે. એકબાજુ લાવણ્ય નીતરતી માદ્રી અને એકલતા, સતી કુતાનું કોઈ કારણસર બહાર જવું - આ બધું પાંડુના મનમાં વિકારો જગાડવા સમર્થ નીવડે છે :

"નથી શું કુંતાજી ? નહિ અરર આંહીં રહી શકે,
પ્રિયે ! તું એકાકી ? સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે ?
ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિશે કાંઈ ફરીએ."

કુંતાજી કુટિરમાં નથી. પાંડુને ફરી એમ થયું કે સ્વજન પાસે હશે તો મનની વૃત્તિઓ હળવી થઈ જશે. તે માદ્રીને પાસેના ઉપવન ફરવાનો પ્રસ્તાવ મૂકે છે. અહીંથી ફરી કાન્ત પાંડુના મનોગતનો પરિચય કરાવ્યો છે :

"પ્રસંગ બદલાતાં એ સિધ્ધાંત વીસરી ગયો:
મટી તાપસ એ પાછો ભર્તા-સ્વામી-ખરે થયો !"

માદ્રીનિવાસે "સૈન્દર્ય શું ? જગત શું ? તપ એ જ સાથી." કેહનાર અહીં આવતા સુધીમાં મન પર પડેલ વસંતપ્રસરની અસરને કારણે ભૂલી જાય છે. તે તાપસીની જગ્યો ફરીથી ભર્તા-સ્વામી બને છે. માદ્રી પણ પોતાના સ્વામીની આજ્ઞા નિર્વિરોધ સ્વીકારી લે છે. માદ્રી પણ શું જાણી શકે વિધિનો પ્રકાર ? પૂર્વાશ્રમ તણા સંસ્કરણો ફરી



પાંડુના મનમાં જાગી ઊઠે છે. અને માદ્રી સાથે ગિરિપ્રદેશમાં વિહરવા લાગે છે. અહીંથી કાન્ત આલેખેલું વસંતપ્રસરનું અભિનવરૂપ ગુજરાતી કવિતામાં અપૂર્વ છે : જેઓ :

"વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નીરખતાં રચના નયનો ઠરે:
મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હૃદયો રસથી ભરે !"
વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે
નવાં રૂડાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે;
બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરી.

............................

ઉત્તુંગ નમ્ર સહકાર દીસે ઘણાય
લાખો વળી અગુરુ ચંદન ત્યાં જણાય,
વૃક્ષો, લતા, સકલ કૈંક અપૂર્વ રંગ,
જામે ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ ?'

વહી જતા ઝરણાં શ્રમને હરનારાં છે. તેને નીરખતાં તો જાણે નયન ઠરે છે. પંખીઓના ટહૂકાઓ રસિકો હૃદયના હૈયાંને પુલકિત બનાવી મૂકે છે. વસંતે સ્થાપેલું પ્રબળ સામ્રાજ્ય ચોમેર પોતાનું સૌન્દર્ય રેલાવી સૌને મંત્રમુગ્ધ કરે છે. વૃક્ષોએ ધારણ કરેલાં નવાં નવાં વલ્કલ - આ બધી સામગ્રી મદનરસથી છલકી રહી છે. જે પ્રત્યેક માનવીના હૃદયમાં ચંચળભાવો ઉદ્દીપ્ત કરી શકે છે. પૂરબહાર

ખીલેલી પ્રકૃતિના નયનરમ્ય ચિત્રો દ્વારા કાન્તે અહીં પાંડુના મનોગતને પણ કુશળતાથી પ્રગટાવ્યું છે. આ વસંતપ્રસર માત્ર પાંડુના જ નહીં માદ્રીને પણ એની લપેટમાં લઈ લે છે. વૃક્ષો, લતા, પર્વતાદિનું સૌન્દર્ય, અગરુ, ચંદનની સુવાસમિશ્રિત સમીર પાંડુના અનંગ પ્રગટાવી રહ્યો છે. આવા માદક વાતારવણમાં પાંડુ રસિક ન બને તો આશ્ચર્ય જ થાય. માદ્રી સાથે વિહાર કરતા કરતા પાંડુ 'માલતી મંડપ'માં પ્રવેશ કરે છે.

'વસંત વિજય' ખંડકાવ્યોનો ૩૭મો શ્લોક તો ગુજરાતી સાહિત્યની મોંઘી મૂડી સમાન છે અહીં કાન્તે જે સ્ત્રગ્ધરાના પ્રલંબ લયમાં આલેખેલું મનોહર પ્રકૃતિ સૌન્દર્ય સમગ્ર ગુજરાતી કવિતામાં બેનમૂન છે :

"ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય."

અહીં કવિએ વસંતનું આકર્ષણ માનવમનને ગાળી નાખે તેવું ઈન્દ્રિગમ્ય આલેખન કર્યું છે. તેમાં તેમની કલા-કવિશક્તિનો પરિચય મળી રહે છે. ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈને ડોલતા વાયુનું ગતિશીલ દશ્ય ઘણું નયનરમ્ય છે તો ચોપાસે વલ્લિઓથી પ્રસરતો પરિમલ માત્ર નેત્રને જ નહીં પણ આપણી ઘ્રાણેન્દ્રિયને સીધો સ્પર્શે છે. હજી નેત્ર અને કર્ણની તૃપ્તિ થાય ત્યાં જ કોણ જાણે ક્યહીં



પરભૃતિકાનો પંચમ સૂર સ્વર્ગનેયે ભૂલાવી દે તેવું મધુર ગૂંજન કરે છે. આવું કોકિલનું કૂંજન સાંભળી પ્રકૃતિના ઉદ્દીપ્ત વિભાવથી પાંડુની વૃત્તિઓનો કાબૂ જતો રહે છે. પાંડુનાં હૃદયમાં ધીમે ધીમે કામાવેગ પ્રગટવા લાગે છે. પાંડુને એ પંમવૃષ્ટિમાં ન્હાવાનું મન થતા માદ્રીને ઉદ્દેશીને કહે છે, -

"સાંભળ્યું મોહ પામીને હવે કોકિલાકૂજન;
પ્રિયા પંચમ વૃષ્ટિથી ન્હાવાનું થાય છે મન."

પાંડુની અભીપ્સા જાણ્યા પછી માદ્રી તરત થોડી થડકી જાય છે. તેને પહેલા તો સંકોચ થાય છે. પણ, રાજાની અનુજ્ઞાની અવગણના કરવાની હિંમત કરી શકતી નથી. માદ્રી પાંડુના મનોભાવો જાણી તો ગઈ છે પણ નરેન્દ્રની આજ્ઞાને આજસુધી કોઈ દિવસ ઉથાપી નથી એટલે આજે પણ સંકોચ સાથે માદ્રી તેના પ્રસ્તાવનો સ્વીકાર કરે છે. શાંત ઉપવનમાં પાંડુમાં જાગેલો દિવ્યરાગ એને લોહચુંબકની જેમ ખેંચી રહ્યો છે. પાંડુ પૂર્વઘટનાથી સાવ અજાણ નથી. તે સભાન તો છે પણ હવે પાંડુનો પોતાની જ વૃત્તિઓ પર દાબ રહ્યો નથી. જે માધુર્ય ઉછળી રહ્યું છે તે પાંડુ માટે 'હા ! કેમ આ હલક અંતરથી ખમાય' અને અંતે દંપતી એ સ્વર વિષે પોતાની વૃત્તિઓ જોડી દે છે. અહીં કાન્તે પાંડુની ચિત્તાવસ્થાને કુશળતાથી આલેખી છે,-

"ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ ન્હાય છેઃ
હાય ! એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે !"

આ સમષ્ટીનું ઉછળતું માધુર્ય આ દંપતીને હલકથી ભેટી રહ્યું છે. તેની અસર માત્ર પાંડુ-માદ્રી મર્યાદિત નથી. અહીં કાન્તે પાંડુના

હૃદયની કામાતૂરતાની સાથે તેના મનની વ્યાકુળતાને પણ કુશળતાથી આલેખી છે. પાંડુની વ્યાકુળતા અને કામશક્તિ નિહાળી માદ્રી ભયભીત અવશ્ય થઈ જાય છે પણ માદ્રી પાંડુની આજ્ઞાનું ઉલ્લંઘન કઈ રીતે કરી શકે ? સંગીતામૃત વરસતો આનંદ નિહાળી માદ્રી પણ ગાતી રહી જાય છે. આનાથી પાંડુની ક્ષુબ્ધતા વધવા લાગે છે. પાંડુની સ્થિતિ ધીમે ધીમે દયનીય બની રહી છે. તેને માદ્રી અત્યારે મેનકા-રંભા જેવી દેખાઈ રહી છે. અને અકળાઈ ઊઠી કહે છે. :

"પ્રિયે ! માદ્રી ! આહા ! સહન મુજથી આ નથી થતું,
નહીં મારે જોઈએ તપફલ, ભલે એ સહુ જતુ,
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા
છટાથી છોડી દે ! અરરર ! ક્યમ રાખે નિયમિતા ?"

પાંડુની વિવશતાનું કલાત્મક આલેખન ભાવકને પણ એટલું જ સ્પર્શી જાય છે. થોડીવાર પહેલા પાંડુ કહેતો હતો -

"શાને થવું પતિત આશ્રમધર્મનાથી ?
સૌદર્ય શું ? જગત શું ? તપ એ જ સાથે."

એજ પાંડુ અત્યારે વસંતપ્રસરથી એટલા બધા વિવશ થઈ ગયો છે. કે, અત્યારે એ પોતાના તપફલનો ભોગ આપવા પણ તૈયાર થઈ ગયો છે. એ માદ્રી સમક્ષ લાચારવદને પોતાની વિવશતા પ્રગટ કરે છે. અને કહે છે, "નહીં મારે જોઈએ તપફલ, ભલે એ સહુ જતું.' ફરી મધુરસ્વરની રમ્યસરિતા વહાવવાનું માદ્રીને સૂચવે છે. "અરર ! ક્યમ રાખે નિયમિતા ?" દ્વારા કાન્તે પાંડુની વ્યાકુળતા, વિવશતા, નિઃસહાયપણું કલાત્મક રીતે પ્રગટાવે છે. અહી કલાપીની



આત્મલક્ષી કવિતામાં સંભળાતા અરર ! હાય !, અરે ! જેવા ઉદ્‌ગારો કાન્તે પણ ઔચિત્યસભર આલેખ્યાં છે. ગીત પૂર્ણ થતાં પાંડુ માદ્રીને પોતાની ભૂજામાં લે છે. 'ક્ષમા - પ્રાણ નહીં' બોલી માદ્રી પોતાનો નકાર તો અવશ્ય જણાવે છે પણ કામાતૂર બનેલો પાંડુ એની અવગણના કરે છે. છતાં, માદ્રી તેનાથી બળપૂર્વક અળગી થતા કહે છે :

"ડરું છું, ભય પામું છું, જોઈને આજ આપનેઃ
અરે! કેમ વિસારો છો ઋષિમા ઉગ્ર શાપને?"

માદ્રી પાંડુને ઋષિના શાપની યાદ અપાવે છે. બીની બીતી - થરથર કાંપતી માદ્રી નૃપને કરગરવા લાગે છે. છતાં, નૃપતિ ઉપર એની કોઈ અસર થતી નથી. પાંડુ બધુ જાણે છે છતાં તે હવે કંઈક જ કરી શકે એમ નથી. માદ્રી સમક્ષ પોતાની મનઃસ્થિતિ રજૂ કરતા પાંડુ કહે છે :

"ઘટે છે શું દેવી ! હૃદય પર આ નિર્દય થવું?
અરે રે ! આ આવું પ્રબલ દુઃખ ! મારે ક્યહીં જવું ?"

"પ્રિયા ! પ્રિયા ! પ્રિયા ! તારા હાથમાં સર્વ હાય રે !
ત્વરાથી દેહ જોડી દેઃ આ તો નહીં ખમાય રે !"
"જાણું બધું, પણ દીસે સ્થિતિ આ નવીનઃ
મારું નથી બલ, બન્યો જલ બ્હાર મીનઃ
દેવી ! વિચાર કરવા સઘળા તજી દેઃ
રે હાય ! સ્પર્શસુખ, પ્રાણસખી ! હજી દે !"

પાંડુની વિવશતામાં રહેલું કારુણ્ય અહીં અસરકારક રીતે આલેખન પામ્યું છે. માદ્રીને સ્પષ્ટ કહે છે દેવી ! આમ તમે પણ નિર્દય થઈ જશો તો હું કંઈ રીતે સહન કરી શકીશ ? અહીં પ્રકૃતિના અનવદ્ય સૌન્દર્યે પોતાને વિવશ કરી દીધો છે તેનુ ગર્ભિત સૂચન કવિએ કુશળતાથી કરી દીધું છે. પાંડુ માદ્રીને પોતાનું દુઃખ કોને કહેવા જવું ? હવે તો પાંડુને કોઈપણ ભોગ માદ્રીનો સંગ જોઈએ છે. પાંડુ સ્પષ્ટ કહે છે હું બધું જ જાણું છું પણ મારી સ્થિતિ અત્યારે 'જલ બ્હાર મીન' જેવી છે. અત્યારે કોઈ પણ પ્રકારનો નકાર કર્યા વિના પોતાની સાથે દેહ જોડી દેવાની પાંડુની કાકલૂદીમાં એનું કારુણ્ય જ પ્રગટે છે. કાવ્યાંતે

"વિચાર કરવા જેવો હવે વખ્ત રહ્યો નહિ;
ઝંપલાવી પડી માદ્રી નરેન્દ્ર-ભુજની મહીં."

માદ્રી પાસે વિચાર કરવાની કોઈ તક જ રહેતી નથી. માદ્રી પાંડુની ઈચ્છાધીન એની ભુજમહીં ઝંપલાવે છે એ પછી શું બન્યું તે કહેવાની કવિની કોઈ આવશ્યકતા રહેતી નથી. કાન્તે અહીં પાંડુના જીવનના કારુણ્યની સાથે માનવજીવનનું કારુણ્ય આલેખ્યું છે, 'કાન્તમાલા'માં ૩-૩-૧૮૯૦ના એક પત્રમાં કાન્ત લખે છે;-

હું ન્યાયી કે દયાળુ કોઈ અધિષ્ઠાતા છે, એમ માનતો જ નથી. પ્રણયમાં જ સુખ હું સમજું છું, અને તે આ જગતમાં સુખી કરતાં દુઃખી વધારે છે."- કાન્તનો વિચારધ્વનિ અહીં સૂપેરે ઝિલાયો છે.



'વસંતવિજય' ખંડકાવ્યનું શીર્ષક જ સ્વયમ્ સ્પષ્ટ છે અહીં વિજય વસંતનો છે. આખી રચનામાં વસંતનું પ્રાબલ્ય અનુભવાય છે, સાથે વાત કરવી છે. પાંડુ નિમિત્તને માનવજીવનના કારુણ્યની. આ કાવ્યમાં વિષમતા છે - પ્રણયસુખની. માનવમાત્ર નિયતિ - ભાગ્ય આધીન જીવન જીવે છે. માણસના હાથમાં કશું જ નથી. કહીએ કે, માણસમાત્ર કઠપૂતળી જેવો છે. તેને ભાગ્યવિધિ જે રીતે નચાવે તેમજ નાચવાનું છે. હા, માણસ ઘણીવાર વિધાતાની સામે બાંયો ચડાવે, તેની સામે લડે, ઝઘડે પણ આ લડાઈમાં અંતે તો હારે જ છે ને જીતે છે નિયતિ. આ છે માણસની અસહાયતાની અવશતાની. માણસ જાણે છે છતાં વિનાશને રોકી શકતો નથી. નિયતિ માનવીને નિઃસહાયનું ભાન કરાવે છે - આ સર્વ બાબતોનો કાન્તના આ 'વસંત વિજય' ખંડ કાવ્યમાં ઊંડો પડઘો પડ્યો છે.

કાન્તની વૃત્તાલેખનની શક્તિ અદ્‌ભુત છે. 'વસંતવિજય' માં કાન્ત ઉચ્ચ કવિ પ્રતિભાના દર્શન કરાવ્યા છે. પ્રથમ કડી અનુષ્ટુપ છંદમાં આલેખ્યાં પછી નિયમસર પ્રસંગાનારૂપ અનુષ્ટુપ આવ્યા કરે છે. ૫૫ કડીના આ 'વસંતવિજય' માં ૨૭ કડીઓ તો અનુષ્ટુપની જ છે. તો ૬ઠી, ૧૦મી, ૧૪મી શિખરિણી છે. જ્યારે ૪થી, ૮મી, ૧૨મી, ૧૬મી વસંતતિલકાની છે. ૩૨મી કડીમાં દ્રુત વિલંબિત જ્યારે ૩૭મો સ્ત્રગ્ધરા અને ૩૯મો શાર્દૂલવિક્રીત છે. હાં, ક્યાંક ક્યાંક એની ગોઠવણીમાં કાન્તે ક્રમભંગ અવશ્ય કર્યો છે છતાં, પ્રત્યેક છંદ કાન્ત અભિનિવેશપૂર્વક પ્રયોજે છે. કાન્તની

છંદનૈપુણ્યકલા કાન્તની કવિપ્રતિભાશક્તિનો પરિચાયક બની રહે છે.

'વસંતવિજય' સર્વાંગસંપૂર્ણ ખંડકાવ્ય છે. તેનું કલાવિધાન અસાધારણ છે. શ્રી મનસુખલાલ ઝવેરી આ અંગે નોંધે છે કે - "કાવ્યનો અરંભ નાટ્યતત્ત્વમય રીતે કવિ કરે છે અને આખા કાવ્યનો વસ્તુવિકાસ ખૂબ સુશ્લિષ્ટ અને કલાપૂર્ણ લાગ્યા વિના રહેતો નથી. .... અંગ્રેજી કરૂણાન્ત નાટકના (Tragedy) સંવિધાનનું કાન્ત અનુકરણ કરે છે. પ્રારંભના શ્લોકમાં વસ્તુસ્ફોટ કરીને (Rising action) વસ્તુ વિકાસ શરૂ થાય છે. "ધીમે ધીમે છટાથી...." વાળા શ્લોકમાં પરાકાષ્ઠા આવે છે. અને ત્યાંથી Falling action પરિમાણગામિત્વ - શરૂ થઈને છેલ્લા શ્લોકમાં castastrophe પરિણામ આવે છે." તો ડૉ. હેમંત દેસાઈ કાન્તના કલા સંવિધાન વિશે નોંધે છે,- "આ કાવ્યમાં તો કવિએ આધિક્રમિક (ascending) ઉત્કર્ષ, સમતુલા (Balance) અને એકતા (organic unity) જેવાં રૂપરચનાના અગત્યનાં અંગો (principles) પણ સિદ્ધ કરી બતાવ્યાં છે." તો સુન્દરમ્ ઉચિત જ કહે છે- "તેમનું કાવ્ય અત્યાર સુધીની કાવ્યકળાની શિશિરમાં કાવ્યકળાનો પહેલો 'વસંતવિજય' બનીને આવે છે.'

સાચે જ, અંગ્રેજી ટ્રેજેડીના ઘટકતત્ત્વોવાળુ, શ્લોકોના રુચિકર વૈવિધ્યવાળળુ, ભાવોનો ક્રમિક અને કલાપૂર્ણ વિકાસ સાધતું 'વસંતવિજય' ખંડકાવ્ય ગુજરાતી ખંડકાવ્યનું ઉત્તુંગ શિખર છે. છંદોવિધાન અને પદાવલીની બાબતમાં તો આ કાવ્ય ગુજરાતી



કવિતામાં અપૂર્વ છે. એના છંદવિધાને વસંતવિજયની આંતર-બાહ્ય આકૃતિ વચ્ચે સેતુ સમાન કાર્ય કરયું છે. તો પદાવલીઓમાં પણ કાન્ત પોતીકી પ્રતિભાના દર્શન કરાવ્યા છે. 'વસંતવિજય' ખંડકાવ્ય સાચે જ કાન્તની પ્રતિભા પ્રત્યંચાનો પ્રબળ ટંકાર છે. ધન્ય છે કાન્ત - ધન્ય છે ગુર્જરધરા.

## ૬. ભરત

ભરત ઉમ્મરે પહોંચી છોડી વૈભવ રાજયને,
વનમાં ગંડકીતીરે આશ્રમ બાંધીને રહ્યો.
ૐકારના રટનમાં દિન જાય ચાલ્યા
એકાગ્ર ચિત્તથી ભજે પરિબ્રહ્મ રાજા;
આહાર કન્દફલનો કરતો સદા એ,
એકાન્ત શાન્ત સ્થલમાં સુખથી વસે છે.

હૈયું સદા સહુ પેરે સમતા ધરે છે,
જેના પ્રભાવથી વને ખીલતું રહે છે;
એ યોગતેજ તરુમાં ચળકી રહ્યું છે,
તિર્યંચ ત્યાં અધિક હર્ષ મહીં ફરે છે.
જરા પીળી શીર્ષે કૃશ અવયવો ઉપર રહી,
દીસે છે તે મ્હોટી મધુર ફૂલના પુંજ સરખી;
સમાધિવેળાએ જલશીકરથી સિક્ત બનતી,
અને એ મોતીડાં વિખરી ખરતાં કેશ પરથી.
વિભૂતિના સ્પર્શે સુરખ દીસતાં આર્દ્ર વિપુલ,



રહે ઘેરાયેલાં પ્રણયપ્રણયી દિવ્ય નયનો;
મટી તેના તેજે કુદરતતણી સૌ વિષમતા,
સુખે નેત્રો જોતાં સતત ગતિની બ્રહ્મરચના.

રે સંસારી ! નિમિષભર તું ફેંકજે દૃષ્ટિ આંહી,
આ દૃષ્ટિનું અનુકરણ કૈં રાખ સંસાર માંહી;
ભોળા ! ત્હારી ઘડમથલમાં શાંત થા, શાંત થા કૈં,
સ્થિતિની તું ઉપર ચડી જો ત્યાગની દૃષ્ટિ આંહી.

આ ત્યાગીનાં નયન ફરીથી જોઈ લે એકવાર,
શું તેમાં ના સતત વહતી પ્રેમની એક ધાર ?
હા ! તૈયારી સહુ અરપવા ત્યાગમાં એ નથી શું ?
બીજાં નાં કૈં દુઃખથી ગળી એ નેત્ર જાશે નહીં શું ?
તપસ્વીના આ તપમાં રહી છે,
મહા ધ્યાની અતિ તીવ્ર રેખા;
ફૂલો, લતા ને તરુ ! મેઘ માંહી,
આનન્દ પીતાં નયનો સદા છે.

પ્રભાતકાલે નભની સુનેરી,
સન્ધ્યા સમેની સરની લહેરી;
વાયુ તણા શીતલ ગન્ધથી એ,
આભાર હૈયું ઋષિનું દ્રવે છે.
સન્ધ્યાકાલે પ્રભાતે એ તપસ્વી નદીએ જતો,
સ્નાનાદિ ત્યાં કરી નિત્ય ટેલતો વનમાં હતો.

નદી વહે છે ગિરીથી રમંતી
ફૂલોતણાં ગીત હજાર ગાતી;
ગાયત્રીનો મન્ત્ર જપે નદીમાં,
ઊભો રહીને ઋષિ એક દી ત્યાં.
ત્યાં ઘૂ ઘૂ ઘૂ ગિરિ નભ મહીં ગાજતો નાદ આવે,
મોજાં તેના પ્રતિધ્વનિ તણાં ભેખડે આથડે છે;
વારિ કંપ્યું, ડગમગી ગયાં શૃંગ અદ્રિતણાં, ને
ત્રાસે ન્હાસે વનચર બધાં, કોઈ ધ્રૂજી પડે છે.
સિંહધ્વનિથી જયગર્જનાથી,
ડરી મૃગો કૈં ઋષિ પાસ આવે;
ફલાંગ મારી ઝરણું કૂદે છે,
તપસ્વી તે ચિત્ર ઊભો જુવે છે.
ત્યાં એક બાલમૃગ કો હજુ જે અશક્ત,
કૂદી જતાં ઝરણ તે જલમાં પડ્યું, ને
એ પૂરમાં તરફડી ઘસડાતું જોઈ,
લાગ્યું ઋષિહૃદય એ અનુકમ્પવાને.
ઉપયોગી થવા પ્રેરે તપસ્વી - દિલને દયા
પડે છે વારિમાં તેથી યોગી તે મૃગ ઝાલવા.
બલ કર મહીં આવ્યું પૂરને વીંઝવાને,
ગરીબ મૃગ બચાવા કાંઈ ચિંતા દિલે છે;
ઋષિ પદ ગ્રહી તેને ખેંચીને બ્હાર લાવ્યો,



હરિણ ઉગરવાથી કાંઈ આરામ આવ્યો.
જરા મીંચાયેલા નયન મૃગનાં સુંદર દીસે,
અને તેના ભાવો ઋષિ તરફ કેવા મૃદુ દીસે !
ઋષિનું હૈયું આ નીરખી શકતું'તું રસિકતા
થતું જોઈ ઘેલું કુદરત તણી આ મધુરતા.

પંપાળ્યું, પાણી પાયું, ને આશ્રમે ઊંચકી ગયો;
તૃણાદિ ત્યાં દઈ તેને કૂદતું ઋષિએ કર્યું.

રમે છે, કૂદે છે, ઋષિચરણ ચાટે જીભ વડે;
અને એ યોગીની મૃગ પર અમીની નજર છે;
ઊગી તેને શિરે ચળકતી રૂપાળી શીંગડીઓ,
ઋષિની પીઠે એ કરતી ચળ ન્હાની કુમળીઓ.
ઋષિની છાયા શું ફરતું દિનરાત્રિ ઋષિ કને,
પિતા માતા બન્ધુ સહુ મૃગ ઋષિને સમજતું;
ઋષિ તેને દેતો કુમળું તૃણને પર્ણ કુમળાં,
અને બાંધે માલા કુસુમકલિની ડોક ઉપરે.
સ્નાનાદિ ક્રિયા કરીને ઋષિ એ
આશિષ દેતો મૃગબાલને, ને
"તું જીવતું રહે" વદતો દયાલું,
ચુમ્બી લઈને હસતો દયાલુ.

આભાર ભૂલી મૃગ ના ગયું'તું,

જોતાં ઋષિને દિલ રીઝતું'તું,
કૈં ગેલથી તે ઋષિને હસાવે,
ને એ મહાત્મા - દિલને હલાવે.

દૂરે જોતાં મૃગ વન મહીં યોગી બેચેન થાતો,
ખોવાતું તો શ્રમ લઈ વને શોધવા દૂર જાતો;
પીઠે તેને ઊંચકી વળતો આશ્રમે હર્ષભેર,
સુખી તેને નીરખી વહતાં નેત્ર આનન્દરેલ.

અહોહો ! અલ્પ જીવોના પ્રેમમાં બલ છે બહુ;
ખેંચાતાં પ્રેમથી તે સૌ ખેંચી પ્રેમ વતી શકે.
યોગી ચાલ્યો જપતપ ભૂલી પ્રેમખેંચાણ માંહી
ચાલ્યો ને તે અટકી ન શકે આટલે દૂર આવી;
ધક્કો દેતાં હૃદય પીગળે આર્દ્રતાને, અરેરે !
ખેંચે તેને હૃદય કુમળું કોણ ઠેલી શકે છે ?
ભીનાં નેત્રે ઋષિ ધીમે ક્યારે ક્યારે કહી જતો,
"દૂર થા ! દૂર હુંથી થા ! રે વ્હાલા મૃગબાલ તું !"

ખેંચે છે તે પ્રણયી દિલને ઠેલવું હાય ! શાને ?
ધક્કો દેવા મૃદુ હૃદયને, યોગી ! તું કેમ ઈચ્છે ?
તારા આવા નિયમ સઘળા શુષ્ક લાગે મને તો,
મીઠી વૃત્તિ કુદરતી, અરે ! બાળવા ઈચ્છતો કાં ?

વ્હાલું છે તો ક્યમ દૂર કરે ? નેત્રમાં કેમ અશ્રુ ?



ધક્કો દેતાં પ્રણયી દિલને શ્રેય હું તો ન માનું;
આવાને શું તુજ હૃદયને ચાહતાં પાપ થાય ?
સ્વાર્થી તું છે પણ પ્રણયથી કાંઈ ત્હારું ન જાય.

સાક્ષી પૂરે તુજ જિગર જો આંસુથી વાતને આ,
તેની સામે કઠિન બનીને થાય છે આગ્રહી કાં ?
પીવા તેને હૃદયઝરણું ટેવ છે તેં જ પાડી,
બીજે ક્યાં તે જનહૃદયની પામશે લ્હાણ આવી ?
એ તો ત્હારાં સમધિફૂલને સ્પર્શતાંયે ડરે છે !
તું ખીચે તો મૃદુમૃદુ થઈ ગેલ કેવાં કરે છે !
તું રીઝે તો તુજ તરફ એ હોંશથી દોડી આવે,
એ નેત્રોશાં તુજ જિગરથી વાત છાની કરે છે !
કિન્તુ, યોગી ! તુજ ફરજ તું કાંઈ જુદી જ માને,
આ પ્રીતિ કૈં તુજ હૃદયને માર્ગ જુદો બતાવે;
હું સંસ્કારી નવ કહી શકું યોગ્ય આ વા નહીં આ,
ત્હોયે આવી તુજ મગજની શુષ્ક રીતિ રુચે ના.
રાગને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું,
એક દી યોગીઉરે આ ઉદ્‌ગારો નીકળે કંઈઃ
"કંઈ દુઃખે છે ! દુઃખ તો જણાય છે !
કહીં દુઃખે શું? પણ ના કળાય તે ?
મને રુચે આ મૃગ છોડવું નહીં !
કહીં ય આસક્ત થવું રુચે નહીં !

બ્રહ્માંડ આખું નિજ માનનાર જે,
બને ન વ્યક્તિ કદી પાળનાર તેં;
ન ન્યૂન કોઈ ,નવ કો વિશેષ વા,
ન દૃષ્ટિએ ઊર્મિ ચડે પડે ન વા.
ન ઓટ તેને ભરતી નહીં હશે,
તળાવ જેવો ઉદધિ રહે ભલે;
દયા ભલે કૈં ઉપયોગની થતી,
દયાથી આસક્ત થવું ઘટે નહીં,
બચાવ્યું મેં ભલે તેને, હવે છો કૂદતું ફરે;
પડે જો સિંહપંઝે તો નિર્માયું તે ભલે બને.
ચાલે સૌ પર જેમ ચક્ર ફરતું નિર્માણનું સૃષ્ટિએ,
તેવું તે મૃગ ઉપરે સુખથી છો એ ચક્ર ચાલે હવે;
રોકાશે મુજથી નહીં; ક્યમ પછી ચિંતા નકામ ઘરું ?
જે મ્હારું જગનું અને સહુ તણું તે છો બને તે તણું.
ફર સુખથી હવે તું શોધીને કોઈ ટોળું,
ફરી કદી પણ મ્હારા આશ્રમે આવવું ના;
જપતપ કરનારો પાળશે આ તને ના,
અરર ! પણ સુખે તું છોડશે કેમ સ્નેહ ?
ઋષિ ! ત્હારી સ્થિતિ જોઈ આવે છે મુજને દયા;
આવશે વહાલથી તેને પંપાળીશ હવે ન શું ?
નેત્રો રમે આ તુજ વાદળી



ક્રીડા ગમે છે કંઈ માછલીની;
સન્ધ્યા સમે કૈં વધુ હર્ષ આવે,
તો કેમ ત્હારું મૃગલું ત્યજે છે ?

રમાડ તેને, પણ લુબ્ધ ના થજે;
ઋષિ ! ન એ શું તુજથી બની શકે ?
દયા વધુ છો ઉપયોગની થતી,
દયા બતાવે હજુ ઉચ્ચ માર્ગ કૈં.
પડે જો સિંહપંઝે તો નિર્માયુ તે ભલે બને,
રડજે તું નહીં ત્યારે, કિન્તુ હાલ રમાડજે.
છોડી દેવા રસ મધુર સૌ સાધ્ય લાગે તને જો,
તો ના શાને પ્રણયી બનતાં સાચવે ત્યાગ ત્હારો ?
હું સંસારી મુજ હૃદયને આ ખીલતાં હર્ષ પામું,
તું યોગીને તુજ હૃદયને બાળવું યોગ્ય લાગ્યું !
સુખ અનુભવનારો કિન્તુ આંસુ ય પાડે,
જરૂર સ્થિર નહીં તે કમ્પતો તાર ચાલે;
રુદન નહિ ત્યજાતું હાસ્યના ત્યાગ પહેલાં
કટુ નકી કટુ લાગે સ્વાદનું ભાન થાતાં
બને તે કેમ કોઈથી ચાહવું ને ન ચાહવું ?
બને તો તું ભલે તેને છોડે દેજે રમાડવું !

x x x x x

વહ્યા કૈં દ્હાડા ને મૃગ પ્રિય હજુ છે ઋષિ દિલે,
વહેશે કૈં દ્હાડા,મૃગ પ્રિય રહેશે ઋષિદિલે;
અહાહા ! બન્ધાયો જગત ત્યજનારો મૃગ મહીં;
અરે ! છૂટ્યો ફાંસો સમજણ છતાં એ કદી નહીં !

ધીમે ધીમે શરીર પર એ મૃત્યુના હસ્ત લાગ્યા,
કિન્તુ ઓછી નવ થઈ અરે ! બંધની કાંઈ પીડા;
પંપાળે છે શિથિલ કરથી યોગી તેનું કુરંગ,
નિત્યે નિત્યે વધુ વધુ હજુ યોગમાં થાય ભંગ.
જટાથી ટેકવી માથું, સૂતો છે ઋષિ એક દી;
મૃત્યુથી તૂટતી નાડી જોરથી ધબકી રહી.

પાસે ઊભું છે દુઃખિયું કુરંગ,
શું થાય છે તે સમજ્યું હતું તે;
ચાટે ઋષિતના કર ને કપાલ;
ને નેત્રો નેત્રે મળી દર્દ રોતાં.

ભીના હતા ગાલ ઋષિતણાં એ,
અશ્રુ હતું એક તહીં રહેલું;
બોલ્યો ઋષિ, “રે ! મુજ બાલ, બાપુ !”
આ આશ્રમે હા ! ક્યમ જીવશે તું ?
તું એકલાની સ્થિતિ શું ? અરેરે !
ટોળું હવે શોધીશ ક્યાં નવું તું ?
રે ! શું થશે મૃત્યુ અકાલ તારું ?



પંચત્વ પામ્યો વદી એમ યોગી.
કથા એવું કહે છે કે જન્મશે મૃગ એ ઋષિ;
વાંછના જે રહી તે તે પૂરી સૌ કરવી પડે.

- કલાપી

અલ્પ આયુ ધરાવનારો આ કવિ સાહિત્યક્ષેત્રે દીર્ઘાયુ કીર્તિ ધરાવે છે. કલાપી માત્ર પંડિતયુગનો જ નહીં પણ આજે પણ ઘણો લોકપ્રિય કવિ છે. આ કવિ પાસેથી એક માત્ર કાવ્યસંગ્રહ પ્રાપ્ત થયો છે છતાં, તેમણે ગુજરાતી સાહિત્યક્ષેત્રે પોતાનું નામ ગૌરવભેર મૂક્યું છે. કલાપીની કવિતામાં ભલે સૂક્ષ્મતાનું પ્રમાણ, ભાવ અને ગહનતાનું પ્રમાણ ઓછું હોય પણ તેમની કવિતામાં રસ કરતાં લાગણીનો ઉદ્રેક વિશેષ પમાય છે. ભાષાની, છંદોની, અર્થોની, ઊર્મિની પ્રવાહિતા તે સમયના કોઈપણ ગુજરાતની કવિઓને ટપી જાય તેવી છે. તેમની ઋજુતાભરી, સુકુમાર, ભાષા-છંદની પ્રવાહિતાયુક્ત ઊર્મિલ શૈલી અનન્ય છે.

કલાપી પાસેથી ‘બિલ્વમંગળ’, ‘ગ્રામમાતા’, ‘ભરત’, ‘વીણાનો મૃગ’, ‘સારસી’, ‘પ્રપાત’ જેવાં ખંડકાવ્યો પ્રાપ્ત થયાં છે. ‘વૃધ્ધ ટાલિયો’ અને ‘હૃદયત્રિપુટી’ માં થયેલો વિષયવિસ્તાર એમને ખંડકાવ્યની વિભાવનામાંથી બહાર મૂકે છે. એમનાં ખંડકાવ્યોમાં રસનિરૂપણની શક્તિ, વસ્તુ આલેખનની કુશળ રીતિ અને પ્રકૃતિવર્ણનની હથોટી - આદિ તત્ત્વો ઘણાં ધ્યાનાર્હ બન્યાં છે.

‘ભરત’ ખંડકાવ્યનું વસ્તુ ‘ભાગવત’માંથી લેવામાં આવ્યું

છે. અહીં ઋષિજીવન જીવતા ભરત સામ્રાજ્યનો ત્યાગ કરી વનમાં તાપસીજીવન જીવી રહ્યાં છે. તેને એક અલ્પજીવી મૃગ પ્રત્યે જે આસક્તિ-મોહ-મમત્વ જાગે છે તેને કારણે ઋષિને પુનર્જન્મમાં અટવાવું પડે તેની કથા છે. કાન્ત પછી ગુજરાતી ખંડકાવ્યોમાં જો કોઈ કવિનું ખંડકાવ્ય ક્ષેત્રે વિશેષ પ્રદાન હોય તો તે છે - કલાપી. આમ તો ખંડકાવ્ય એ પરલક્ષી-વસ્તુલક્ષી કાવ્યપ્રકાર છે. છતાં, કલાપીના ખંડકાવ્યોમાં એમની આત્મલક્ષીતા અનાયાસે જ પ્રગટી જાય છે. કાન્તની માફક કલાપીના ઘણાં ખંડકાવ્યોનો પ્રારંભ પ્રકૃતિવર્ણનથી થાય છે. જ્યારે આ ખંડકાવ્યની શરૂઆત કથનથી થાય છે. કલાપીની કથનકલા ઘણી ધ્યાનાર્હ બની છે. : જુઓ કાવ્યારંભ :

"ભરત ઉમ્મરે પહોંચી છોડી વૈભવ રાજ્યને,
વનમાં ગંડકીતીરે આશ્રમ બાંધીને રહ્યો."

વયસ્ક ભરતઋષિ રાજ્યવૈભાવાદિ છોડીને વનમાં ગંડકીનદીના તીરે આશ્રમ બાંધી સન્યાસજીવન જીવી રહ્યાં છે ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. ભરત ૐકાર રટણમાં પોતાનું ચિત્ત પરોવી સંસારથી વિમુખ બનીને તાપસીજીવન જીવી રહ્યાં છે. ભરત એકાગ્રચિત્તે પરમેશ્વરની આરાધના કરી રહ્યાં છે.તે હવે રાજભોગની જગ્યાએ સાત્ત્વિક ખોરાક લઈ રહ્યાં છે. તેનાં ખોરાકમાં -કન્દ - ફળ વગેરે લઈ 'એકાન્ત શાન્ત સ્થલમાં સુખથી વસે છે.' કલાપીએ અહીં ભરતનું સુંદર વ્યક્તિચિત્ર દોર્યું છે. એકાગ્રચિત્તે હરિભજન



કરતા આ ઋષિનું હૃદય સદા સહુ પેરે સમતા ધરે છે. એનો પ્રભાવ આખા વનમાં પથરાવા લાગે છે. તેમનો તેજયોગ તરુવર વચ્ચે ચમકી રહ્યો છે. ભરતના નિર્દોષ ને નિર્વ્યાજ પ્રેમની ગંગા એવી તો વહી રહી છે કે, "તિર્યંચ ત્યાં અધિક હર્ષ મહીં ફરે છે." ગુજરાતીમાં એક કહેવત છે - 'જેવો સંગ એવો રંગ.' અહીં ઋષિના તપ એના આચાર-વિચારથી પ્રાણીઓ - પ્રાણીઓ વચ્ચેનો વેરભાવ જાણે લુપ્ત થઈ ગયો. જંગલમાં મંગલમય વાતાવરણ જન્મે છે. કલાપી ચોથા શ્લોકમાં ભરતનું શબ્દચિત્ર દોરતા કહે છે,-

"જરા પીળી શીર્ષે કૃશ અવયવો ઉપર રહી,
દીસે છે તે મ્હોટી મધુર ફૂલના પુંજ સરખી;
સમાધિવેળાએ જલશીકરથી સિક્ત બનતી,
અને એ મોતીડાં વિખરી ખરતાં કેશ પરથી. "

આ પંક્તિઓમાં કલાપીની કવિ પ્રતિભાનો ઉન્મેષ પ્રગટ્યો છે. જટા જરા વધી ગઈ, શરીર દૂબળું પડી ગયું છે છતાં, કલાપીએ 'મધુર ફૂલનાં પૂંજ'ની ઉપમા દ્વારા ઋષિહૃદયની ઋજુતાને એના હૈયાની કોમળતાને પ્રગટાવી છે. સમાધિ વેળાએ જાણે 'જલશીકરથી સિક્ત બનતી' તેમની પ્રભા ઋષિહૃદયનો સાક્ષાત્કાર કરાવે છે. એના કેશ જાણે મોતીડાં વેરી રહ્યાં છે એવી અભિનવકલ્પનામાં કવિની કલ્પનાશક્તિના દર્શન થાય છે. આ વિભૂતના દિવ્યનયનોમાંથી પ્રગટતી કરુણા અને દયાભાવથી સમગ્ર વનચર નિર્ભય બની ગયું છે. કલાપીનું આ આલેખન સહેતુક છે. કારણકે,

એમને ભરતનું એક એવું ચિત્ર દોરવું છે કે, જેમાં ભરતના હૃદયમાં વહેતી કરુણા અને દયાભાવનો ઝરો દશ્યમાન થાય. આ વિભૂનિના સ્પર્શ સુખ દીસતાં આર્દ્ર વિપુલ એમના નયનમાંથી વહેતા દયા-કરુણતાથી મટી તેના તેજે કુદરતતણી સૌ વિષમતા' જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. કલાપી એ કરુણાને દયાભાવથી પ્રેરિત મુનિની નયનકૃપાનું આલેખન કરતાં કહે છે :-

"આ ત્યાગીનાં નયન ફરીથી જોઈ લે એકવાર,
શું તેમાં ના સતત વહતી પ્રેમની એક ધાર ?
હા ! તૈયારી સહુ અરપવા ત્યાગમાં એ નથી શું ?
બીજાં નાં કૈં દુઃખથી ગળી એ નેત્ર જાશે નહી શું ?"

આ ઋષિનો ત્યાગ અદ્‌ભુત છે, તેમાં સ્નેહની-દયાની ધારા સતત વહેતી રહે છે. જેને બીજાં દુઃખો સ્પર્શતા નથી. અહીં કલાપીને કથાપ્રવાહને અવરોધી ભોળા સંસારીને ત્યાગની ભાવના રાખવાનો ઉપદેશ આપી દીધો છે. કવિનો ઉદ્દેશ માત્ર બોધ આપવાનો નથી એને તો આલેખવો છે ઋષિનો મહિમા. નિઃસ્વાર્થને નિર્દોષભાવે તપ કરતા આ તપસ્વીની અમી ભરેલી દૃષ્ટિથી ફૂલ, લતા, તરુ, મેઘ, અરે આખી સમષ્ટિમાં એક અનેરો આનંદ ઊભરાય રહ્યો છે. અહીં કવિએ ભરતને પ્રકૃતિ સાથે કેવું ઐક્ય સાધ્યું છે તેનું આલેખન કરવું છે. તપસ્વી ભરતનું કરુણાર્દ્ર ઉર કરુણા-દયાભાવથી સભર બન્યું છે. તેનાંથી પ્રભાતકાલે નભની અને સંધ્યાકાલ ક્ષિતિજો પર સોનેરી - આનંદની રંગોળી સર્જાય રહી છે. વાયુમાં વહેતી શીતલ



અને સુગંધી સૌરભ સૌના હૃદયને રોમાંચિત કરી મૂકે છે.

કલાપી તપસ્વી ભરતનો નિત્યક્રમ આલેખતા કહે છે,-

"પ્રભાતકાલે નભની સુનેરી,
સન્ધ્યા સમેની સરની લહેરી;
વાયુ તણા શીતલ ગન્ધથી એ,
આભાર હૈયું ઋષિનું દ્રવે છે.
સન્ધ્યાકાલે પ્રભાતે એ તપસ્વી નદીએ જતો,
સ્નાનાદિ ત્યાં કરી નિત્ય ટેલતો વનમાં હતો."

કવિએ અહીં પ્રભાત અને સંધ્યાકાલનું અહીં રમણીય ચિત્ર દોર્યું છે. અરુણોદય વેળાએ નભમાં રચાતા સુંદર દશ્યો અને સંધ્યાટાણે ખીલતી કુદરતને દર્શાવી પ્રકૃતિ સાથેનું તપસ્વીનું તાદાત્મય આલેખવામાં કવિને ઘણી સફળતા પ્રાપ્ત થઈ છે. ઋષિની દિનચર્યામાં પણ આ તપસ્વીના વ્યક્તિત્વનો સુપેરે પરિચય સાંપડે છે. કુદરતના સાન્નિનધ્યમાં વિહરતા ભરતનું હૃદય સદા કરુણા અને દયાભાવથી દ્રવતુંરહે છે. સવાર-સાંજ સ્નાનાદિ કરતો આ તપસ્વી વનમાં નિર્ભય વિહાર કરે છે. ખળખળ વહેતી નદીના નીર જાણે અદ્‌ભૂત નાદ વહાવી રહી છે. કલાપી વળી એ દશય આપણી સમક્ષ ખડુ કરં છે -

"ગાયત્રીનો મન્ત્ર જપે નદીમાં,
ઊભો રહીને ઋષિ એક દી ત્યાં."

સ્નાનાદિ નિત્યક્રમમાંથી પરવરી મુક્ત વિહરતા ઋષિ પ્રકૃતિની

રમણીય લીલા નિહાળે છે. પર્વતો પરથી ઉછળતી-કૂદતી નદી અને ફૂલોનું અભિનવરૂપ ઋષિહૃદયને પરમેશ્વરની નીકટ ખેંચી જાય છે અને ઋષિના ચિત્તમાં આનંદોલ્લાસ પ્રગટે છે. ગિરિનભ મહીં ગૂંજતા ઘૂ ઘૂ ઘૂ નો નાદ, તેના પ્રતિધ્વનિઓ ભેખડામાં અથડાતા કંઈક અલગ પ્રકારનો આનંદ પ્રગટાવી રહ્યાં છે. આવા નિર્ભય વાતાવરણમાં -

"સિંહધ્વનિથી જયગર્જનાથી,
ડરી મૃગો કૈં ઋષિ પાસ આવે;
ફલાંગ મારી ઝરણું કૂદે છે,
તપસ્વી તે ચિત્ર ઊભો જુવે છે."

સાવજની ગર્જનાથી કવિ કહે છે કે, વારિ કંપી ઊઠ્યુ, અદ્રિતણાં શૃંગ ડગમગવા લાગે, વનચર ભાગમ્ભાગ કરવા લાગ્યાં. તેના હાંકોટાથી આખું વાતાવરણ કંપી ઊઠે છે. કેટલાક મૃગો તો આ ગર્જનાથી ડરીને નાસભાગ કરવા લાગે છે એવામાં એક અશક્ત મૃગ તપસ્વીની નજરે ચડે છે;-

"ત્યાં એક બાલમૃગ કો હજુ જે અશક્ત,
કૂદી જતાં ઝરણ તે જલમાં પડ્યું, ને
એ પૂરમાં તરફડી ઘસડાતું જોઈ,
લાગ્યું ઋષિહૃદય એ અનુકમ્પવાને.
ઉપયોગી થવા પ્રેરે તપસ્વી - દિલને દયા



પડે છે વારિમાં તેથી યોગી તે મૃગ ઝાલવા."

એક અશક્ત બાલમૃગ ભાગવા જતાં પાણીમાં પડે છે તે અશક્ત હોવાથી નદીના પાણીમાં તણાવા લાગે છે. એને પૂરના પ્રવાહમાં આમ ઘસડાતો જોઈ ભરતનું હૃદય અનુકંપવા લાગે છે. તે બળ કરી બાલમૃગને બહાર કાઢે છે. આ નાના બાલમૃગને જોતાં તપસ્વીનું હૃદય તેના પ્રત્યે આસક્ત થવા લાગે છે. કવિએ એ અશક્ત બાલમૃગનું સુંદર ચિત્ર દોર્યું છે.

"જરા મીંચાયેલા નયન મૃગનાં સુંદર દીસે,
અને તેના ભાવો ઋષિ તરફ કેવા મૃદુ દીસે !
ઋષિનું હૈયું આ નીરખી શકતું'તું રસિકતા
થતું જોઈ ઘેલું કુદરત તણી આ મધુરતા."

અશક્ત દેખાતા મૃગબાળના નયન જરા મીંચાયેલા હતા છતાં, એ સુદર દેખાતું હતું. આ દૃશ્ય ઋષિહૃદયમાં મૃદુભાવ જગાડે છે. તપસ્વી ભરતનું ચિત્ત કુદરતની આ રસિકતા અને મધુરતાને સહૃદયીભાવે નિહાળી રહ્યું હતું અહીં કલાપીએ આલેખવો છે ઋષિ ભરતનો પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ, જે આ ખંડકાવ્યમાં કેન્દ્રસ્થાને છે. તપસ્વી ભરત આ મૃગબાળને પંપાળી, પાણી પાઈ ઊંચકીને આશ્રમમાં લઈ આવે છે. અને તેની શુશ્રૂષા કરે છે. આ યોગી સંસારીભાવોને ત્યજીને આવ્યા છતાં, આ મૃગબાળને જોતા તેનામાં દયા-કરુણાથી મમત્વભાવ જાગવા લાગે છે.

આમ જોવા જઈએ તો, ખંડકાવ્યોને પ્રથમ ખંડ અહીં પૂર્ણ થાય છે. અહીંથી બીજો ખંડ શરૂ થાય છે. તપસ્વી ભરત આ બાલમૃગની શુશ્રૂષા કરતા મૃગ ફરીથી રમવા - કૂદવા લાગે છે. મૃગબાલની આ નિર્દોષવૃત્તિ ઋષિના હૃદય પર ઘેરી અસર કરવા લાગે છે. અહીં કવિએ ઋષિનું મૃગમય અને મૃગનું ઋષિમય બની જવાની વાતને કુશળતાથી ચિત્રિત કરી છે. ઋષિ મૃગ પર આસક્ત બન્યાં છે તેનું આલેખન કરતા કવિ કહે છે.

"રમે છે, કૂદે છે, ઋષિચરણ ચાટે જીભ વડે;
અને એ યોગીની મૃગ પર અમીની નજર છે;
ઊગી તેને શિરે ચળકતી રૂપાળી શીંગડીઓ,
ઋષિની પીઠે એ કરતી ચળ ન્હાની કુમળીઓ."

હવે બિલ્કુલ નિર્ભય બનેલું બાળમૃગ ઋષિની અમીનજર તળે આનંદ કિલ્લોલ કરી રહ્યું છે. નિર્દોષ અને નિર્ભય એવું આ મૃગબાળ ઋષિને જીભ વડે ચાટે છે. પોતાની નાનકડી શીંગડીઓથી તપસ્વીની પીઠને રોમાંચિત કરે છે. તપસ્વી ભરત તરફથી મળતો સ્નેહ મૃગબાળને નિર્ભય બનાવ દે છે. મૃગબાળ હવે તો ઋષિને જ પોતાના માતા-પિતા સમજવા લાગે છે. ઋષિ તેને કુમળું ઘાસ ખવડાવે છે. તેના ગળામાં કુસુમમાળા પણ પહેરાવે છે. કલાપીએ મૃગનું ઋષિમય બની જવું અને ઋષિનું મૃગાસકત થવું - બન્નેને કલાત્મક રીતે નિરૂપ્યું છે. કવિ કહે છે :-

"સ્નાનાદિ ક્રિયા કરીને ઋષિ એ



આશિષ દેતો મૃગબાલને, ને
"તું જીવતું રહે" વદતો દયાલું,
ચુમ્બી લઈને હસતો દયાલુ."

ઋષિ સંસારીભાવોથી અલિપ્ત રહેવા જ વનમાં આવ્યાં છે, ત્યાં સાવ અચાનક જ ઋષિના જીવનમાં સ્નેહાદિનો ભાવ અનાયાસે જ પ્રગટવા લાગે છે. મૃગબાલ પ્રત્યે તેનો સ્નેહ વધવા લાગે છે. ધીરે ધીરે મમત્વના ભાવથી મૃગમય બનવા લાગતા ઋષિનું કવિએ સુન્દર શબ્દચિત્ર દોર્યું છે. આ મૃગબાલ હવે ઋષિના જીવનનો અભિન્ન હિસ્સો બનવા લાગે છે. સ્નાનાદિ ક્રિયાઓ બાદ તપસ્વી મૃગબાલને વહાલ કરે છે, ચુંબન કરે છે. મૃગબાલ પણ ઋષિના સ્નેહથી નિચિંત બની ગયું છે.મૃગ પણ પોતાની નિર્દોષ ક્રીડાઓથી ઋષિના મનને મુગ્ધ કરી દે છે. ઋષિ માટે મૃગ હવે પ્રાણસમાન બનવા લાગે છે. મૃગબાલ વિના બેચેન બનતા ઋષિનું ચિત્ર કવિએ કુશળતાથી આલેખ્યું છે. જુઓ :-

"દૂરે જોતાં મૃગ વન મહીં યોગી બેચેન થાતો,
ખોવાતું તો શ્રમ લઈ વને શોધવા દૂર જાતો;
પીઠે તેને ઊંચકી વળતો આશ્રમે હર્ષભેર,
સુખી તેને નીરખી વહતાં નેત્ર આનન્દરેલ."

આંખોથી ઓજલ થતા મૃગબાલને યોગી બેચેન બની શોધી કાઢી પોતાની પીઠ પર ઊંચકી આશ્રમમાં લઈ આવે છે. ઋષિ મૃગને ન નિહાળે તો બેચેની અનુભવવા લાગે છે. વળી, મૃગને પામતાં

એમના નેત્રોમાં આનંદોલ્લાસ છલકાવા લાગે છે. આમ, યોગીનો મૃગ પ્રત્યેનો આટલો અસક્તભાવ નિહાળી કવિ કહે છે :

"અહોહો ! અલ્પ જીવોના પ્રેમમાં બલ છે બહું;
ખેંચાતાં પ્રેમથી તે સૌ ખેંચી પ્રેમ વતી શકે."

દિન-પ્રતિદિન તપસ્વીની મૃગાસક્તિ વધતી જાય છે. એ પણ એટલે સુધી કે, ઋષિ હવે પોતે આ વનમાં શા માટે આવ્યાં હતાં ? તે પણ વિસરવા લાગે છે. અહીંથી ખંડકાવ્યોચિત સંઘર્ષ કવિએ કલાત્મક રીતે આલેખ્યો છે. ઋષિ જાણે તો છે કે, એક તુચ્છ જીવ પ્રત્યે આટલો બધો પ્રેમ-મમત્વ શા માટે ? એ મૃગને પોતાનાથી દૂર હડસેલવા મથે છે તેમ તેનો મૃગબાલ પ્રત્યેનો સ્નેહ વધવા લાગે છે. કલાપી ભરતનો મનો સંઘર્ષ આલેખતા કહે છે.

"યોગી ચાલ્યો જપતપ ભૂલી પ્રેમખેંચાણ માંહી
ચાલ્યો ને તે અટકી ન શકે આટલે દૂર આવી;
ધક્કો દેતાં હૃદય પીગળે આર્દ્રતાને, અરેરે !
ખેંચે તેને હૃદય કુમળું કોણ ઠેલી શકે છે ?
ભીનાં નેત્રે ઋષિ ધીમે ક્યારે ક્યારે કહી જતો,
"દૂર થા ! દૂર હુંથી થા ! રે વ્હાલા મૃગબાલ તું !"

સન્યાસી બન્યા પછી, સંસાર ત્યાગ્યા પછી આવો સ્નેહ જન્મવો અનુચિત છે. છતાં, હૃદયમાં જે મૃગ પ્રત્યેનો પ્રેમ જાગ્યો છે ને યોગ્ય નથી. એટલું ઋષિ અવશ્ય સમજે છે ક્યારેક તો મૃગને સંબોધીને 'દૂર થા ! દૂર હુંથી થા !' કહીને મૃગને પોતાનાથી દૂર



ધકેલવા મથે છે. પણ ઋષિહૃદયની આ જ સ્તો કમનસીબી છે તે તેને દૂર ધકેલી શકતો નથી. અહીં આપણે માત્ર ભરતના ચિત્તની મથામણ જ નહીં પણ કલાપીના ચિત્તના મનોમંથનોને પણ સ્પષ્ટપણે અનુભવી શકીએ છીએ. કવિહૃદય પોતાના મનોસંઘર્ષોને અહીં કલાત્મક રીતે આલેખે છે. કલાપીને શોભના (મોંઘી) પ્રત્યે પ્રેમ જાગતા જે મથામણો અનુભવી છે તેનું અહીં પરોક્ષ આલેખન શું નથી પમાતું ? મૃગબાળમાં સંધાયેલી સ્નેહાસક્તિથી મુક્ત થવાના આ તપસ્વીના સંઘર્ષમાં પ્રેમ જ હૃદયનું સાચુ બંધારણ છે એવું કલાપીને અહીં પ્રતિપાદિત કરવું છે. કલાપી પ્રેમને કઈ રીતે ધૂત્કારી શકે ? કલાપી માટે તો પ્રેમ શ્રેયકર છે. આવા પ્રેમને ત્યજવામાં તો કવિને નર્યો સ્વાર્થ લાગે એ જ સ્વાભાવિક છે. આથી જ તો તે ભરતને ઉદ્દેશીને કહે છે, -

"વ્હાલું છે તો ક્યમ દૂર કરે ? નેત્રમાં કેમ અશ્રુ ?
ધક્કો દેતાં પ્રણયી દિલને શ્રેય હું તો ન માનું;
આવાને શું તુજ હૃદયને ચાહતાં પાપ થાય ?
સ્વાર્થી તું છે પણ પ્રણયથી કાંઈ ત્હારું ન જાય."

જેને તું ચાહે છે - પ્રેમ કરે છે તેને કઈ રીતે દૂર કરી શકાય ? અને ઋષિ પણ કવિ જેવી જ લાગણી અનુભવે છે. એ આ મૃગબાળના નિર્દોષ ને નિર્વ્યાજ પ્રેમને ત્યજી શકતા નથી. એને ઈશ્વરના આવા નિયમો જડ ને શુષ્ક લાગે છે. આ બાળમૃગને ત્યજવું એ નર્યા સ્વાર્થથી વિશેષ કંઈ નથી. કવિ ઋષિને ચિંતવે છે. જેને તે જ

હૃદયઝરણું પીવાની ટેવ પાડી તેને બીજે ક્યાંથી આવી હૃદયની - પ્રેમની લ્હાણ મળશે ? એમ કહીને કવિ ઋષિને સલાહ આપે છે કે, કુદરતની આ અમૂલ્ય ભેટ સમાન પ્રેમને દમવો અનુચિત છે. 'વ્હાલું છે તો ક્યમ દૂર કરે ?' એને દૂર ધકેલતા તારી આંખોમાં આંસું આવી જાય છે એ એ જ સૂચવે છે કે, તારું હૃદય તેને અપાર સ્નેહ કરે છે. એ તો બિચારું નિર્દોષ છે એને તું ખીજે છે છતાંએ, એ બિચારું હસીને તારી સાથે ગેલ કરે છે. તે રીઝે છે તો એ તારી તરફ હોંશે હોંશે દોડી આવે છે. કવિ તો આ તપસ્વીને સ્પષ્ટ કહી દે છે કે, હું તો સંસારી છું એથી એ વિશે ઉચિત - અનુચિત સમજી શકતો નથી પણ તમે તો તપસ્વી છો - ઋષિ છો તમારી આ જડને શુષ્ક રીતિ મને ગમતી નથી.

રાગ અને ત્યાગની વચ્ચે ઝૂલતા ઋષિહૃદયનું અહીં કલાપી એ કુશળ નિરૂપણ કર્યું છે. કલાપી ભરતનો મનોસંઘર્ષ રજૂ કરતા કહે છે :-

"કંઈ દુ:ખે છે ! દુ:ખ તો જણાય છે !
કહીં દુ:ખે શું? પણ ના કળાય તે ?
મને રુચે આ મૃગ છોડવું નહીં !
કહીં ય આક્ત થવું રુચે નહીં !"

આ છે મનોમંથન અનુભવતા ઋષિના હૃદયોદ્‌ગારો. અહીં રાગ અને ત્યાગ વચ્ચે દ્વિધા અનુભવતા ઋષિમાનસનો કલાપીએ કલાયુક્ત પરિચય કરાવ્યો છે. અહીંથી ઋષિના માનસમાં વ્યાપ્ત મનોમંથન



વધુ સંકુલ બન્યું છે. એક બાજુ મૃગને ત્યજવું ગમતું નથી તો બીજી બાજુ તેના પ્રત્યે આટલું બધું આસક્ત થવું એ પરવડતું નથી. કલાપી તપસ્વીના ચિત્તની વ્યાકુળતા આલેખતા કહે છે :-

"બ્રહ્માંડ આખું નિજ માનનાર જે,
બને ન વ્યક્તિ કદી પાળનાર તે;
ન ન્યૂન કોઈ ,નવ કો વિશેષ વા,
ન દૃષ્ટિએ ઊર્મિ ચડે પડે ન વા.
ન ઓટ તેને ભરતી નહીં હશે,
તળાવ જેવો ઉદધિ રહે ભલે;
દયા ભલે કૈં ઉપયોગની થતી,
દયાથી આસક્ત થવું ઘટે નહીં,"

આવા તપસ્વી માટે આ એક માત્ર મૃગ જ શા માટે તેને તો આખા બ્રહ્માંડ પ્રત્યે પ્રેમ - સ્નેહ હોવો જોઈએ. ઋષિને અત્યારે સ્પષ્ટ લાગે છે કે, તેણે રાગ અને ત્યાગ વચ્ચે રહેંસાવા કરતા આખી સમષ્ટિને અપનાવવી જોઈએ. આખરે તપસ્વી ભરત એવો દૃઢ નિશ્ચય કરે છે - 'દયાથી આસક્ત થવું ઘટે નહીં.' હાં, એમને પોતાની નજર સામે પાણીમાં ડૂબતું બચાવવાની એક ફરજ હતી પણ સિંહના મોઢામાંથી બચાવ્યું એ તે વખતે ઉચિત હતું પણ એ સામે ચાલીને મૃગબાલને મોતના મુખમાં ધકેલી શકે નહીં. ઋષિની આંતરવ્યથાને કલાપીએ આ શ્લોકમાં કુશળતાથી પ્રગટાવી છે.

"બચાવ્યું મેં ભલે તેને, હવે છો કૂદતું ફરે;

પડે જો સિંહપંઝે તો નિર્માયું તે ભલે બને. ''

અને તરત જ વિચારે છે :-

''ચાલે સૌ પર જેમ ચક્ર ફરતું નિર્માણનું સૃષ્ટિએ,
તેવું તે મૃગ ઉપરે સુખથી છો એ ચક્ર ચાલે હવે;
રોકાશે મુજથી નહીં; ક્યમ પછી ચિંતા નકામ ધરું ?
જે મ્હારું જગનું અને સહુ તણું તે છો બને તે તણું.''

ઋષિ વિચારે છે જે વિધિનિર્મિત છે તે તો બન્યે જ રહેવાનું તે મૃગબાળને પણ ભાગ્યને ભરોસે છોડી દેવાનો દૃઢ નિશ્ચય કરે છે. કારણકે, પોતાના હાથની કોઈ વાત છે જ નહીં, બધું જ નિર્માતાના ચક્ર પ્રમાણે જ ચાલે છે - ચાલવાનું છે. તેમાં કોઈ વ્યક્તિ કઈ રીતે હસ્તક્ષેપ કરી શકે ? 'રોકાશે મુજથી નહીં,' તો પછી 'ક્યમ પછી ચિંતા નકામ ધરું ? ઋષિના હૃદયમાંથી નિર્મળ અભ્યર્થના વહેવા લાગે છે. જાણે મૃગને ઉદ્દેશીને કહે છે, -

''ફર સુખથી હવે તું શોધીને કોઈ ટોળું,
ફરી કદી પણ મ્હારા આશ્રમે આવવું ના;
જપતપ કરનારો પાળશે આ તને ના,
અરર ! પણ સુખે તું છોડશે કેમ સ્નેહ ?''

આ તપસ્વી મૃગબાળ વિશે વિચારે તો છે પણ એમાં એનું ચિત્ત જ ડામાડોળ સ્થિતિનો અનુભવ કરી રહ્યું છે. એક બાજુ ઋષિ તેને મૃગના ટોળામાં ભળી જવાનું કહે છે પણ બીજી જ ક્ષણે ઋષિને વિચાર આવે છે કે, ''અરર ! પણ સુખે તું છોડશે કેમ સ્નેહ ?''



ઋષિ ભલે એમ કહે કે, તું મારા આશ્રમેથી ચાલ્યું જા, પણ હકીકતમાં તો ઋષિ હૃદય જ એવું ઈચ્છતું નથી. આવી સ્થિતિ જોઈને કવિ કહે છે,-

''ઋષિ ! ત્હારી સ્થિતિ જોઈ આવે છે મુજને દયા;
આવશે વહાલથી તેને પંપાળીશ હવે ન શું ?''

શું આ મૃગબાળ ફરીથી આશ્રમમાં આવશે તો શું તેને તું પંપાળીશ નહીં ? કવિનો આ પ્રશ્ન પણ યથાર્થ છે. કારણકે, ઋષિનો મૃગ પ્રત્યેનો પ્રેમ-સ્નેહ જ એવો છે કે, આ મૃગબાળ ફરી આ આશ્રમે આવશે તો ઋષિ તેને પંપાળ્યા વિના નહીં રહે.

કવિ ફરી ભરતના ઉદાત્ત જીવનનો પરિચય કરાવે છે. અહીં ઋષિના સાન્નિધ્યમાં બધું ફૂલે ફાલે છે. ઋષિતુલ્ય પ્રેમ પામેલા આ મૃગબાળને ત્યજવાનું કહેનાર ઋષિને કવિ કહે છે -

''રમાડ તેને, પણ લુબ્ધ ના થજે;
ઋષિ ! ન એ શું તુજથી બની શકે ?
દયા વધુ છો ઉપયોગની થતી,
દયા બતાવે હજુ ઉચ્ચ માર્ગ કૈં.''

કવિ આ મૃગબાલને ત્યજવાને બદલે એનામાં એટલો બધ લુબ્ધ ન થવાનું કહી ઋષિને ચિંતવે છે. મૃગને અવશ્ય એના ભાગ્યને ભરોસે છોડી દેવો જોઈએ, પણ એને આમ ક્રૂરતાથી ત્યજી દેવો એ ક્યાંનો ન્યાય ? અહીં ફરી કલાપીની આત્મલક્ષીતાનો પડઘો સંભળાયા વિના રહેતો નથી. કલાપી તો ઋષિને સ્પષ્ટ જણાવે છે કે,-

"હું સંસારી મુજ હૃદયને આ ખીલતાં હર્ષ પામું,
તું યોગીને તુજ હૃદયને બાળવું યોગ્ય લાગ્યું !"

કલાપીએ ખંડકાવ્યના અંતિમ તબક્કામાં મૃગસ્નેહમાં આસક્ત બનેલા ઋષિના મનોસંઘર્ષને પરાકાષ્ઠાએ આલેખ્યો છે. મૃગ પ્રત્યે તપસ્વીનો સ્નેહ ધીરે ધીરે એટલો બધો વધી ગયો કે, હવે ઋષિ મૃગબાલ વિના પોતાના જીવનની કલ્પના પણ કરી શકતા નથી. તપસ્વીની દયનીય સ્થિતિનો ચિતાર આપતાં કવિ કહે છે :

"અહાહા ! બન્ધાયો જગત ત્યજનારો મૃગ મહીં;
અરે ! છૂટ્યો ફાંસો સમજણ છતાં એ કદી નહીં !"

મૃગબાલ પ્રત્યે આસક્ત બનેલ આ ઋષિ ધીમે ધીમે મૃત્યુ તરફ ઢળી રહ્યો છે. એ જાણે છતાં, તેનો મૃગ પ્રત્યેનો પ્રેમ ઓછો થતો નથી. કવિને એક સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે, જેણે આ જગતને સ્વેચ્છાએ સહજતાથી ત્યાગી દીધું એવો આ ઋષિ એક પામર જીવમાં આટલો બધો આસક્ત થયો ? ને આ સ્નેહ પણ કેવો કે, પોતે મૃત્યુના મુખમાં ઘસડાય રહ્યાં છે છતાંયે જરાયે ઓછો જતો નથી ? આ ઋષિ તો હજુએ પોતાની શિથિલ આંગળીઓ આ મૃગબાળ ઉપર પ્રેમથી ફેરવે છે. ભરત મૃગ પ્રત્યેની માયા ત્યજી શકતો નથી ને આખરે એ દિવસ આવી પહોંચે છે :

"જટાથી ટેકવી માથું, સૂતો છે ઋષિ એક દી;
મૃત્યુથી તૂટતી નાડી જોરથી ધબકી રહી."



મૃત્યુની પળ નજીક નજીક આવી પહોંચી છે. અંતિમ ક્ષણો આવી પહોંચતા ઋષિની નાડીઓ ધબકી રહી હતી તે હવે તૂટી રહી છે. આ વેળાએ દુઃખિયું મૃગબાળ પાસે ઊભું છે. તપસ્વી ભરતના હાથ-લલાટ નિર્દોષભાવે ચાટી રહ્યું છે. ઋષિ આ દશ્ય જોઈને ભાવવિભોર બની જાય છે અને મૃગબાળને ઉદ્દેશીને કહે છે.

"બોલ્યો ઋષિ, "રે ! મુજ બાલ, બાપુ !"
આ આશ્રમે હા ! ક્યમ જીવશે તું ?
તું એકલાની સ્થિતિ શું ? અરેરે !
ટોળું હવે શોધીશ ક્યાં નવું તું ?
રે શું થશે મૃત્યુ અકાલ તારું ?
પંચત્વ પામ્યો વદી એમ યોગી."

મૃત્યુની ક્ષણ નજીક આવતા ભરતનો મૃગપ્રત્યેનો સ્નેહ વધુ સતેજ બને છે. પોતાની કોઈપણ ચિંતા ન કરનાર ઋષિ આ પામર મૃગબાળનું હવે પછી શું થશે ? તેની ચિંતામાં સરી પડે છે. આ આશ્રમમાં તું એકલું કઈ રીતે રહી શકીશ ? અથવા તો હવે કઈ રીતે નવા ટોળામાં તું ભળી શકીશ ? ઋષિને તો ચિંતા થાય છે કે, તું અકાળ મરણ પામીશ. આખરે ચિંતાગ્રસ્ત ઋષિ મૃગની ચિંતા કરતાં કરતાં જ પંચત્વ પામે છે. આપણે ત્યાં કહેવત છે કે,- "**मरणे या मतिः सा गतिः ।**"મૃત્યુની છેલ્લી ક્ષણોમાં માનવીની કોઈ ઈચ્છા કે વાસના અધૂરી રહી જાય તો તે તેવો જ પુનઃર્જન્મ પામે છે. ભરતની વાસના મૃગમાં રહી ગઈ આથી તે મૃગરૂપે જ અવતરે છે.

ભાગવતની કથા પ્રમાણે તે પછી અનશનથી ભરતે મુક્તિ મેળવી પછીના જન્મે અનાસક્ત જડભરત બન્યાની કથા છે.

'ભરત' ખંડકાવ્યમાં કલાપીએ ભરત અને મૃગબાળના સુંદર રેખાચિત્રો દોર્યા છે. કાન્તની જેમજ કલાપી પાસેથી પણ છંદોવિધાનનું કૌશલ્ય પ્રાપ્ત થાય છે અહીં કલાપીએ અનુષ્ટુપ, વસંતતિલકા, મંદાક્રાન્તા, શિખરિણી જેવા છંદોનો કલોચિત વિનિયોગ કર્યો છે. અલંકારોનો પણ કલાપી કલાત્મક ઉપયોગ કરી જાણે છે. અહીં

"જરી પીળી શીર્ષે કૃશ અવયવો ઉપર રહી,
દીસે છેતે મ્હારી મધુર ફૂલનાં પુંજ સરીખી"

કલાપીએ પીળી જટાને મધુર ફૂલના પુંજની અને જલશીકરને મોતીને આપેલી ઉપમા ધ્યાનાકર્ષક બની છે. તો વળી, કલાપીએ અનેક પંક્તિઓમાં આલેખેલ સજીવારોપણ કલાપીની કવિપ્રતિભાનો પરિચાયક બની જાય છે. આખા કાવ્યમાં પ્રકૃતિવર્ણનથી સર્જાતી ચિત્રાત્મકા, કવિની વસ્તુ આલેખન કલા, રસનિરૂપણની શક્તિ - આદિ બાબતો કલાપીને એક ઉચ્ચ કવિ તરીકે પ્રસ્થાપિત કરી આપે છે.

અહીં એક વાત આસ નોંધવી જોઈએ કે, કાન્તનાં ખંડકાવ્યો કરતા કલાપીનાં ખંડકાવ્યો જરા જુદાં પડે છે. કાન્તના ખંડકાવ્યોમાં પરલક્ષીતા વિશેષ છે, જ્યારે કલાપીનાં ખંડકાવ્યોમાં આત્મલક્ષીતા અનાયાસે પ્રગટતી રહે છે. કલાપીની કવિતા સ્વાનુભવરસિક છે.



અહીં ભરતના પાત્ર દ્વારા કલાપીએ પોતાની જ આંતરવ્યથાને કલાત્મક રીતે પ્રગટાવી છે. પ્રેમ સંતપ્ત ઋષિના હૃદયને હૂબહૂ ચિતાર આપનાર કલાપીએ પોતાના આંતરમનનો સંઘર્ષ સલૂકાઈથી આલેખી દીધો છે, એમ લાગ્યા વિના રહેશે નહીં. રાગ અને ત્યાગ વચ્ચે ઝોલાં ખાતા ભરતના હૃદયના ગહનભાવોને કલાપીએ ખરેખર આસ્વાદ્ય બનાવ્યાં છે.

કલાપીના કાવ્યોમાં 'અરેરે ! ', 'અહોહો', 'અરર', 'અરે' જેવા ઉદગારો વારંવાર સંભળાય છે. જે કલાપીને પ્રિય પણ છે. 'ભરત' ખંડકાવ્યોમાં પણ આવા ઉદ્‌ગારો વારંવાર સંભળાય છે. આવા શબ્દો ઘણીવાર અકલાત્મક બની શકે છે પણ કલાપીએ વિનિયોજેલા શબ્દોમાં કલાપીના ચિત્તનો પડઘો સ્પષ્ટપણે ઝિલાયો છે, આવા શબ્દો કલાપી આગવી ઓળખ પણ બન્યાં છે. વળી, 'ભરત'માં પાત્રગત ઊર્મિનું પાસું પણ ઘણું અસરકારક બન્યું છે. અનાવશ્યક પ્રસ્તાર કાવ્યબમાં ક્યાંક વસ્તુવિકાસને અવરોધક બનતો લાગે છે છતાં 'ભરત' ખંડકાવ્ય ઘણું ઉઠાવદાર ખંડકાવ્ય બન્યું છે. ભલે એ કાન્તની કાવ્યકલાને આંબી ન શકે પણ, કલાપીએ સુંદર ખંડકાવ્ય રચવાનો જ સુયત્ન કર્યો છે તે પ્રશંસાને પાત્ર છે. અંતે ડૉ. હેમન્ત દેસાઈના શબ્દો નોંધુ તો :

"ચિત્રાત્મક વર્ણનો, સરળ સચોટ વાણી અને પ્રસાદિક છંદોરચના કલાપીના જમા પક્ષે છે અને તે ઉપરાંત કલાપીનો સૌથી મોટો ગુણ સન્નિષ્ઠા તેમનાં ખંડકાવ્યોને પણ આકર્ષક બનાવે છે."

૭

## ૭. ગ્રામમાતા

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં !
મધુર સમય તેવે ખેતરે શેલડીના
રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે;
કમલવત્ ગણીને બાલના ગાલ રાતાં,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે.
વૃદ્ધ માતા અને તાત તાપે છે સગડી કરી,
અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે !
ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં.
ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,



વૃદ્ધ માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને,
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે.

ત્યાં તો આવી પહોંચ્યો અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે ''આવો બાપુ'' કહી ઊભો.
''લાગી છે મુજને તૃષા, જલ ભરી દે તું મને'' બોલીને,
અશ્વથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ, જુએ;
''મીઠો છે રસ ભાઈ ! શેલડી તણો'' એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી.
પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.
''બીજું પ્યાલું ભરી દે ને, હજુ છે મુજને તૃષા''
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું;
કાપી-કાપી ફરી-ફરી અરે કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસ તણું કેમ હાવાં પડે ના ?
''શું કોપ્યો કે પ્રભુ મુજ પરે ?'' આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છૂરી ભોંકતી શેલડીમાં.
''રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ''
નહીં તો ના બને આવું'' બોલી માતા ફરી રડી.

એવું યુવાન સૂણતાં ચમકી ગયો ને,
માતા તણે પગ પડી ઊઠીને કહે છેઃ
"એ હું જ છુ નૃપ, મને કર માફ બાઈ !
એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ !
પીતો'તો રસ મિષ્ટ હું, પ્રભુ અરે ! ત્યારે જ ધાર્યું હતું,
આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;
છે તો યે મુજ ભાગ કૈં નહીં સમો તે વધારું હવે,
શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં ?
રસ હવે દે ભરી પાત્ર, બાઈ !
પ્રભુકૃપાએ નકી એ ભરાશે;
સુખી રહો બાઈ ! સુખી રહો સૌ,
તમારી તો આશિષ માત્ર માગું.
પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો ! છલકાવી પ્યાલું !

\- કલાપી

કલાપી પાસેથી 'ભરત', 'બિલ્વમંગળ', 'સારસી' જેવાં સારાં ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે. છતાં કલાપીનું 'ગ્રામમાતા' ખંડકાવ્ય મને ખૂબ ગમે છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે



કોઈ એક ધોરણમાં ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં આ ખંડકાવ્ય મૂકવામાં આવ્યું હતું. તે સમયે મારાં એક ગુરુવર્યે આ કાવ્ય એટલી બધી રસિકતાથી ભણાવ્યું હતું કે, આજે પણ એ વૃદ્ધમાતા, શેરડીનું ખેતર, નૃપ - બધા નજર સમક્ષ રમ્યાં કરે છે. કલાપીનું આ ખંડકાવ્ય ભલે ખંડકાવ્યના તમામ માપદંડો સાકાર કરતું ન હોય છતાં, તેમાં એક ખંડકાવ્યની વત્તા-ઓછા પ્રમાણમાં જે લાક્ષણિકતાઓ જોવા મળે છે તેને કારણે તેને ખંડકાવ્યના વિભાગમાં અવશ્ય મૂકી શકાય.

કલાપી અને કાન્તની જન્મભૂમિ વચ્ચે તથા સમયની દૃષ્ટિએ પણ બહ લાંબુ અંતર નથી. વળી આ બન્ને કવિઓની કવિતામાં કલાના ઉચ્ચ ધોરણો પણ એટલા જ ધ્યાનાર્હ છે. કાન્તની માફક કલાપીના કાવ્યોમાં પણ આત્મલક્ષીતાનો ઉન્મેષ સ્પષ્ટ કળાય છે. કાન્તની માફક કલાપીને પણ પ્રકૃતિ પ્રત્યે અદમ્ય આકર્ષણ છે. કલાપીના કાવ્યોમાં પ્રકૃતિના અનવદ્યરૂપનો સાક્ષાત્કાર સહજતાથી થાય છે.

અહીં 'ગ્રામમાતા' ખંડકાવ્યનો પ્રારંભ કલાપીએ શાર્દૂલવિક્રિતમાં હેમંતની વહેલી સવારનું રમણીય ચિત્ર દોરી કર્યો છે :-

"ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં !"

હેમંતના સૂર્યોદયની કવિકલ્પના ઘણી જ હૃદ્ય બની છે. પૂર્વમાં રવિ ઊગી રહ્યો છે એ પણ કેવો મૃદુ - કોમળ છે. પૂર્વક્ષિતિજે છવાયેલી લાલીમા દશ્યમાન થતાં આપણી નજર સમક્ષ આખું ભૂરું ભૂરું ને સ્વચ્છ નભનું ચિત્ર ઉપસી આવે છે. આકાશ પણ કેવું સ્વચ્છ ! આખા આકાશમાં એક પણ વાદળી ક્યાંયે દેખાતી નથી. આવા સ્વચ્છ અને મનોગમ્ય વાતાવરણને ઠંડો હિમભર્યો વહેતો સમીર વધુ આહ્લાદક બનાવી રહ્યો છે. કલાપી આવું નયનરમ્ય દશ્ય દોર્યાં પછી તરત જ કર્ણપ્રિય એવા અવાજોથી આપણી શ્રવેણેન્દ્રિયને જાગૃત કરે છે. કલાપીએ અહીં કરાવેલો ઈન્દ્રિયગમ્ય અનુભવ સાચે જ હૃદયગંમ બન્યો છે. આપણી દૃષ્ટિ સમક્ષ નભની સ્વચ્છતા અને સૂર્યોદયથી રચાયેલી સુરખી અભિભૂત થાય ત્યાં જ શુકના મીઠાં ગીત આપણાં કાનને સરવા કરી દે છે. કલાપીએ પ્રકૃતિનું સુંદર દશ્ય રચ્યાં પછી તરત કવિ તેના કેમેરાનું ફોક્સ લીલોતરીથી લહેરાતા ખેતર પર ગોઠવે છે. હેમન્તની ઠંડીના ચમકારા વચ્ચે દેખાતું શેરડીનું ખેતર આપણી નજર સમક્ષ દશ્યમાન થાય છે :-

“મધુર સમય તેવે ખેતરે શેલડીના
રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે;
કમલવત્ ગણીને બાલના ગાલ રાતાં,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે.”

હેમન્તની ઊઘડતી સવાર, કૃષિવલોનાં નાનાં બાળકો અને સૂર્યના તાજાં કિરણોને આલેખવામાં કલાપીએ પ્રયોજેલો માલિની પણ



માધુર્યપ્રેરક બને છે. કવિએ અહીં શિયાળાની સવારનું સુંદર ચિત્ર ખડું કર્યું છે. શેરડીના ખેતરમાં ખેડૂતોના નાનાં નાનાં બાળકો રમતાં હતાં. એ બાળકો ઠંડીથી કમલવત્ રહીને ખેલ-કૂલ કરી રહ્યાં છે. એ બાળકોના - રતૂંમડાં ગાલ પર રવિના મૃદુ કિરણો જાણે હાથ ફેરવી રહ્યાં છે તેવી કવિકલ્પના ઘણી હૃદયંગમ બની છે. બાળકો રમી રહ્યાં છે કમલવત્ જેમ કમળ કાદવમાં ખીલે છે પાણીમાં ખીલે છે છતાં એને પાણી કે કાદવનો સ્પર્શ પણ થતો નથી તેમ બાળકો પર આ ઠંડીની ખાસ કોઈ અસર થતી નથી. કલાપી શેરડીના ખેતરને પ્રત્યક્ષ કરાવ્યાં પછી, તેમાં રમતા કૃષિવલોનાં નાનાં બાળકોને દર્શાવી પોતાનું ફોક્સ વૃદ્ધ દંપતી જ્યાં સગડીના તાપે તાપી રહ્યાં છે ત્યાં સ્થિર કરે છે. “અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યુ દીસે !’ કહીને આ વૃદ્ધદંપતીના સૌભાગ્યને આલેખ્યું છે. વૃદ્ધ દંપતી ખુશખુશાલ છે. આ વૃદ્ધ દંપતીના ચહેરા પરના ભાવને અલપ ઝલપ આલેખી કવિ દશ્ય બદલે છે. ખેતરની સીમ તરફ નજર સ્થિર કરી નવું જ દશ્યઉઘાડ કરતા કહે છે,-

“ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં.”

સીમમાં દૂરથી ધૂળના ગોટેગોટા હજુ આપણે નિહાળીએ ત્યાં જ એક બુકાનીધારી અસવાર અશ્વ લઈ આવી પહોંચે છે. જ્યાં પેલું

વૃદ્ધદંપતી સગડીના તાપે તાપી રહ્યું છે ત્યાં આવીને ઊભો રહે છે. નાનાં બાળકો તેને કુતૂહલભાવે નિહાળી રહે છે. કોણ હશે આ ? વૃદ્ધમાતા પણ એજ ભાવથી તેની સામે તાકે છે. કલાપીએ અહીં મંદાક્રાન્તા દ્વારા તેનું ઝીણવટભર્યું ચિત્ર દોર્યું છે જુઓ -

"ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધ માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને,
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે."

વૃદ્ધમાતાની આંખોને ઝાંખપ આવી ગઈ છે આથી હાથથી છાજલી કરીને અજાણ્યા ઘોડેસ્વારને તાકીને જુએ છે એ યુવાન કોઈ પરિચિત તો નથી ને ! તેનો તાગ કાઢવા વૃદ્ધ માતા ફરી ફરી જોવા મથે છે કે, પણ કોઈ પરિચિતનો અણસાર મળતો નથી. કોઈ સારાં ચિત્રકાર વૃદ્ધ માતાનું સુંદર ચિત્ર દોરી આપે એવું અસરકારક શબ્દચિત્ર અહીં કવિએ કંડાર્યું છે. વયોવસ્થાને કારણે વૃદ્ધ માતાની આંખ, હાથ શિથિલ થઈ ગયા છે. પોતાના ધ્રૂજતાં હાથે છાજલી કરી યુવાનને ઓળખવા મથે છે. બાજુમાં તેનો વૃદ્ધ પતિ એમ જ શાંત બેઠો છે તે સગડી પરના દેવતાને આમતેમ ફેરવી રહ્યો છે. ખંડકાવ્યમાં સુશ્લિષ્ટ વસ્તુગૂંથણી ઘણું અગત્યનું લક્ષણ છે. અહીં, કલાપીએ કોઈપણ પ્રકારના પ્રસ્તાર વિના આલેખેલું વસ્તુ કાન્તની યાદ અપાવે છે. ઝીણવટભર્યા સૂક્ષ્મ અને સ્વાભાવિક સુરેખચિત્રો આલેખવામાં કાન્ત પછી કલાપીને ઘણી સફળતા મળી છે.



ઓળખાણ ન પડતાં વૃદ્ધમાતાની કુતૂહલતા હજુ શમે ના શમે ત્યાં તો પેલો યુવાન અશ્વ પરથી નીચે ઊતરી 'આવો બાપુ' કહીને ઊભો રહે છે. પોતાની કોઈપણ ઓળખાણ આપ્યા વિના સીધો જ વૃદ્ધમાતાને ઉદ્દેશીને કહે છે :

"લાગી છે મુજને તૃષા, જલ ભરી દે તું મને" બોલીને,
અશ્વથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ, જુએ;
"મીઠો છે રસ ભાઈ ! શેલડી તણો" એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી."

અહીં કવિએ કરેલું નાટ્યાત્મક આલેખન પણ એટલું જ અસરકારક બન્યું છે.નર-યુવાન અને વૃદ્ધમાતા વચ્ચે થયેલો સંવાદ ઘણો રોચક બન્યો છે. "લાગી છે મુજને તૃષા" કહીને પેલો યુવાન વૃદ્ધમાતા પાસે જળની માગણી કરે છે. અહીં કલાપીએ 'તુ'કારમાં કરેલા આલેખનમાં રહેલી મીઠાશ શેરડીની મીઠાશથી પણ વધુ મીઠી નથી લાગતી ! અશ્વ પરથી ઊતરેલો યુવાન પાણી આપ કહીને ચોતરફ નિહાળે છે ત્યાં જ વૃદ્ધમાતાના મુખેથી અમીઝરણ જેવા શબ્દો ફૂટી નીકળે છે. "મીઠો છે રસ ભાઈ ! શેલડી તણો" અહીં શેરડીના રસની મીઠાશ તો પેલો યુવાન પીશે ત્યારે પામશે પણ વૃદ્ધમાતાના મુખેથી પ્રગટતા શબ્દોની મીઠાશથી જ એ જાણે સંતૃપ્ત બની ગયો છે. પેલા અસવારને લઈને વૃદ્ધમાતા જ્યાં શેરડી ઊભી હતી ત્યાં લઈ આવે છે વૃદ્ધમાતા છરીથી શેરડીને કાપે છે ત્યાં તો જાણે રસની ધાર વછૂટે છે ને પ્યાલું ભરાય જાય છે. પેલો યુવાન આ દશ્ય જોઈને

આશ્ચર્યચકિત થઈ ગયો અને પ્યાલું પીતાં પીતાં કંઈક વિચારવા લાગ્યો. રસનો પ્યાલો ગટગટાવી ગયો ને બીજા પ્યાલા માટે હાથ ધર્યો. વૃદ્ધમાતાને ઉદ્દેશી તે કહે છે - બીજું પ્યાલું ભરી દે, હજુ છે મને તૃષા' વૃદ્ધમાતા પ્યાલું લઈ ફરીથી શેરડીને કાપે છે પણ આ કેવું આશ્ચર્ય ! ચમત્કાર ! વૃદ્ધમાતાએ ફરી ફરી શેરડીની કાતળી કાપી પણ ''એકે બિન્દુ પણ રસ તણું કેમ હાવાં પડે ના ?'' શેરડીનો જાણે રસ-કસ જ સુકાઈ ગયો. એક ક્ષણ ભાવકને પણ આ ચમત્કાર જેવું લાગે ક્ષણપૂર્વ એ જ શેરડીના ખેતરનો એક સાઠામાંથી રસની ધારા વછૂટે અને બીજી જ ક્ષણે એ જ ખેતરની શેરડીમાંથી તેનો રસ સુકાય જાય ? પણ ઘણીવાર હૃદયથી સ્વીકારવું પડે એવો આ સ્વાભાવિક પ્રસંગ કલાપીએ સહજ રીતે આલેખ્યો છે. ઘણી બાબત એવી હોય છે કે, ત્યાં બુદ્ધિને થોડીવાર પકડમાં રાખવી પડે. કવિતા એ હૃદયની વસ્તુ છે માત્ર બુદ્ધિની નહીં. અહીં કલાપીએ આલેખેલો ચમત્કાર ઘણો સહજ લાગે તેવો રુચિકર અને પ્રતીતિજન્ય લાગે છે. વૃદ્ધમાતા ફરી ફરી શેરડીની કાતળી કાપે છે એના હાથ અને હૈયુ ધ્રૂજવા લાગે છે અને મુખમાંથી શબ્દો સરી પડે છે -

''રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ''  
નહીં તો ના બને આવું'' બોલી માતા ફરી રહી.''

વૃદ્ધ માતા રડતા રડતા કહે છે નક્કી ક્યાંક તો આ ધરા રસહીન થઈ હોય કે પછી આ નગરનો નૃપ દયાહીન થયો હોય. નહીં તો આવું બને જ નહીં. કલાપીએ અહીં વૃદ્ધમાતાના હૃદયને વાચા આપી છે.



સાથે-સાથે આવું બનવા પાછળ કોઈ સ્પષ્ટ કારણ છે તેનો નિર્દેશ પણ એટલા જ સહજભાવે કર્યો છે. વૃદ્ધમાતા આંખોથી અશ્રુ વહાવી રહી જોઈને પેલો નવયુવાન વૃદ્ધમાતાની માફી માગતા કહેવા લાગે છે :

''એવું યુવાન સૂણતાં ચમકી ગયો ને,  
માતા તણે પગ પડી ઊઠીને કહે છેઃ  
''એ હું જ છુ નૃપ, મને કર માફ બાઈ !  
એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ !''

વૃદ્ધમાતાની આંખમાંથી સરી પડતા આંસુ અને શબ્દોથી પેલો યુવાન ભોંઠો પડી ગયો. તરત જ માતાના પગમાં પડીને સ્વીકાર કરતાં કહે છે 'એ હું જ છુ તૃપ, મને કર માફ બાઈ !' અત્યાર સુધી કાવ્યમાં રહેલું રહસ્ય ખુલ્લું થાય છે. કાવ્યારંભે અશ્વ પર નગરનો નૃપ સ્વયમ્ છે, જે વેશ પલટો કરીને પ્રજાની ખબર કાઢવા નીકળ્યો છે. આનું નામ જ નૃપ કહેવાય. પોતાની પ્રજા સમક્ષ પોતાની ભૂલનો સ્વીકાર કરે છે ને કહે છે :

''પીતો'તો રસ મિષ્ટ હું, પ્રભુ અરે ! ત્યારે જ ધાર્યું હતું,  
આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;  
છે તો યે મુજ ભાગ કૈં નહીં સમો તે વધારું હવે,  
શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં ?''

હે માતા મને ક્ષમા કરી દે, હે પ્રભુ મને માફ કરી દે. એ હું જ એવો

નૃપ છું થોડીવાર પહેલા જ્યારે શેરડીનો પ્યાલો પીતો હતો ત્યારે મારા મનમાં લોભ જાગ્યો. મારી પ્રજા જો આટલી બધી ધનિક હોય, તેની જમીન જો આટલી બધી ફળદ્રૂપ હોય તો શા માટે તેની પાસેથી વધારે કર ન લેવો ? અશ્વ પર આવેલા નૃપનો આ પસ્તાવો બિલકુલ સાચો છે. પોતાને આપેલા આવા હલકા વિચાર બદલ માફી માગતા આ નૃપનું કલાપીએ ઘણા સહજભાવે આલેખન કર્યું છે. અને "સુખી રહો બાઈ ! સુખી રહો સૌ, તમારી તો આશિષ માત્ર માગુ' કહીને વૃદ્ધમાતાને ફરીથી શેરડી કાપવાની વિનંતી કરે છે. અહીં કાવ્યાંતે કલાપીએ ફરી ચમત્કારનું આલેખન કર્યું છે. :

"પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો ! છલકાવી પ્યાલું !"

અહીં કવિએ આલેખેલો ચમત્કાર અપ્રતીતિકર કે અરુચિકર બનતો નથી. બુકાનીધારી નૃપે સાચા હૃદયથી ક્ષમા માગી છે, રાજાનો પસ્તાવો - પ્રાયશ્ચિત બિલ્કુલ સાચું છે. ત્યારે આવો ચમત્કાર જો ન થાય તો એ આશ્ચર્ય ગણાય. વૃદ્ધમાતા અહીં ફરીથી શેરડીની કાતળી કાપે છે અને રસથી પ્યાલો છલકાય જાય છે. એ ઘટનાથી ખંડકાવ્યોનો અંત થાય છે.

'ગ્રામમાતા' (ગ્રામ્યમાતા) ખંડકાવ્ય કલાપીની એક યશોદાયી ને લોકપ્રિય બનેલી કૃતિ છે. કલ્પનોત્થ વસ્તુની ગૂંથણી કાન્તની



યાદ અપાવે તેવી છે. 'ગ્રામમાતા'માં શ્લોકનો દઢપ્રબંધ, સુરખચિત્રો, પાત્રાલેખન, સંવાદ, નાટ્યાત્મકતા, રસાલેખન - આદિ તત્ત્વો આ ખંડકાવ્યને લોકપ્રિય બનાવે છે. કલાપીનું રચનાની પદાવલી પણ ભાવાયોજિત છે. કલાપીનું વૃત્તાલેખન કાન્તની યાદ અપાવે છે. કલાપીએ અહીં વસંતતિલકા, ઉપેન્દ્રવ્રજા, અનુષ્ટુપ, મંદાક્રાન્તા- જેવા છંદોમાં કલાપીએ સુંદર શબ્દચિત્રો રજૂ કર્યા છે. અહીં વૃદ્ધમાતા અને નૃપના રેખાચિત્રો કવિએ કલાત્મક રીતે આલેખ્યાં છે. ભાવકના ચિત્ત પર આ રેખાચિત્રો ઊંડી અસર ઊભી કરે છે. અગાઉ મેં નોંધ્યું છે કે, હું જ્યારે પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે આ કાવ્ય અભ્યાસક્રમમાં હતું ત્યારથી આજ સુધી મારા માનસપટ પર વૃદ્ધમાતા અને નૃપનું વ્યક્તિચિત્ર રમ્યાં કરતું હતું. આજે જ્યારે એના વિશે લખી રહ્યો છું ત્યારે તેમાં અનેક નવાં રંગો પુરાયા અનુભવી શકું છું. કલાપીનું આ ખંડકાવ્ય ખરેખર એટલું જ લોકપ્રિય બનેલું કાવ્ય છે એમાં કોઈ બેમત ન હોય શકે. આ અંગે ડૉ. ચિનુ મોદી નોંધે છે;-

"કાન્તની મધુર યાદ આપે એવા આરંભના શ્લોકનાં દઢપ્રબંધ, ઝીણવટભર્યા, સૂક્ષ્મ, ગતિશીલ, સ્વાભાવિક અને સુરખચિત્રો; થોડાક શબ્દમાં સબળ રીતે ઉપસતાં રાજા, માતા અને વૃદ્ધના જીવંત પાત્રો; ધ્વનિહ્રાસ કરાવતાં સૂત્રાત્મક વિધાનોની પાત્રમુખ દ્વારા અભિવ્યક્તિથી સિદ્ધ થતી નાટ્યાત્મકતા, અદ્ભુતની રસનિષ્પત્તિની સાથે સાથે વાત્સલ્ય કરુણા આદિભાવોથી ધારદાર

બનતો અંત તેમજ કલાપીમાં ક્યારેય ન સચવાયેલા લાઘવની અચરજકર જાળવણી આદિને લીધે 'ગ્રામમાતા' આપણાં સારાં ખંડકાવ્યોનું એક બને છે.''



## ૮. ઉત્તરા અને અભિમાન્યુ

''ધાઓ, ધાઓ, અરે નાથ ! ઉગારો અગ્નિજાળથી''
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી.
'મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી!
કોણ ત્હને મધુર નીંદરમાંહિ ડારી?
સૂતો સમીપ અભિમાન્યુ પતિ પ્રચન્ડ
તે ભૂલી કોણ રમતો અહીં મૃત્યુસંગ ?
હેવું વદી જ રણધીર નવીન નાથ,
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ;
ખીલી ગુલાબકળી ઝાકળબિન્દુ ધારે,
હેવા કપોલ પર આંસુ ધીરે સમારે;
ને સ્પર્શી ત્યહાં અધરથી મૃદુભાવ ધારી,
પૂછે ફરી ફરી પ્રિયાવદને નિહાળી :-
''શું છે ? મીઠી ! થયું શું ? આવડી કેમ કાંપી !
મુગ્ધા ફરી હૃદય સાથ ધીરેથી ચાંપી.
ઉખેડી ભૂમિથી નેનો રોપિયાં પતિનેનમાં,
લસતાં દીર્ઘ પક્ષ્મોમાં ગૂંથીને આંસુડાં નવાં.

કરી કંઠ ઊંચો કાંઈ અબોલા ક્ષણ એ રહે,
પછી દીન બની સ્વપ્રા તણી વાર્તા બધી કહે :
"આજે નાથ ! બન્યું વિપરીત,
ત્હમને તે કહુંશી રીત્ય ?
જાણે પુરુષવશે જ ધારી
મ્હેં અશ્વે કરી છે સવારી;
ધારી ધનુષ બાણ હું ચાલી,
મુગયાકાજ વનપથ ઝાલી;
સુન્દર એક ત્યહાં સહકાર;
તે પર બેઠું છે સુકુમાર.
જુગલ કપોતકેરું મીઠું,
કરતું પ્રેમકેલિ દીઠું.
મૂર્ખી હું ખરે બની કાંઈ,
બીજું કાંઈ સૂઝયું નાહિ,
ને શર ફેંકી નર તરુડાળ-
પરથી પાડિયો તત્કાળ;
સહસા ત્યાંહિં અગ્નિજવાળ,
ઊપની કપોતીકેરે ભાળ.

કૂદતો એહ અગ્નિ કરાળ
આવ્યો મુજ કને ભરી ફાળ
જિહ્વા તીવ્ર નચવી અનેક



મુજને વીંટી વળ્યો છેક.

છોડી સર્વ બીજાં અંગ
અંબોડા ધર્યો નિઃશંક;
છળીને એકદમ પછી જાગી
કરવા રુદન હું તો લાગી."
એમ વદીને નાર સહસા આંસુ રેડતી,
"સ્વપ્નાનો શો સાર હશે કારમો નાથ ! ઓ ?

અભાગણી હું મોઈ ! ઊંધી મતિ શાણે સૂઝી ?
બીજું જડ્યું નહિ કોઈ ? કપોત પ્રેમી શેં હણ્યો ?"

"શાને મીઠી ! તું ગભરાય અરે અતીશે ?
આ સ્વપ્નમાંહિ નવ વાસ્તવ કાંઈ દીસે.
જો ઘેલી ! વાગી રણદુન્દુભિ રમ્ય ઘોર,
રે ! અશ્વ ! અશ્વ ! સખી ! કંઠ હવે તું છોડ્ય."
વ્હાલા ! ન્હોય દુન્દુભિનાદ,
એ તો મેઘ ગાજયો આજ;
બન્ધન કણ્ઠનું ક્યમ છોડું ?
મુજને ભય નથી કંઈ થોડું;

પેલી અગ્નિકેરી ઝાળ
આવે ઓ ! જુઓ, શી કરાળ !"

અરે ઘેલી, એ શું બકતી !

બધી એ સ્વપ્ન - ભ્રમણા;
તુરંગ જો ! મુજ કાંઈ ખુંખારતો,
'રણ ચઢો' કંઈ એમ પુકારતો;
નિહ વિલમ્બ હવે કરાવો પ્રિયે !
કદી જ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે."
"ક્ષત્રિય-ધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટિ ઉપાય;
સર્વે સંકટોથી નિત્ય,
અબળા રક્ષવી એ રીત્ય.

પેલી તીવ્ર અગ્નિજવાળ
મુજ પૂંઠળ ભમે ચિરકાળ.
ત્હેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હા."
"છે એક જો સબળ નિર્બળનો જ પાતા;
વ્હાલી ! હવે સ્થિર થઈ ગઈ ધર્ય ચિત્ત શાતા-
જો દેખું આ અસિ પ્હણે ચમકે અનન્ત,
ને ચિત્ત આ ચમકીને બન્યું વેગવન્ત."
અધર વેગ થકી અધરે અડી,
નૃપકુમાર, પ્રિયા અળગી કરી
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે.
તુરગનાં પગલાં યુવતી સૂણે.



દષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડૂબી,-
ભૂલી ત્રિકાળને મુગ્ધા અનિમેષ રહી ઊભી.'

- નરસિંહરાવ દિવેટિયા

નરસિંહરાવ દિવેટિયા 'પંડિતયુગ'ના એક સમર્થ સર્જક છે. 'કુસુમમાળા', 'હૃદયવીણા', 'સરજતરાયની સુષુપ્તિ', 'નુપૂરઝંકાર', 'સ્મરણસંહિતા', 'બુદ્ધચરિત' જેવા કાવ્યસંગ્રહોમાં તેમનો કાવ્યરાશિ પથરાયેલો છે. 'નર્મદયુગ' થી ગુજરાતી કવિતામાં પાશ્ચાત્યઢબના કાવ્યો લખવાનો પ્રારંભ થયો પણ, તેમાં આરંભદશાની કચાશ જોવા મળે છે. 'પંડિતયુગ'ના આ કવિ નરસિંહરાવ દિવેટિયાએ પાશ્ચાત્ય અને ભારતીય સંસ્કૃતિની અસરતળે કવિતાના પદક્રમણમાં ઊંચા શિખરો સર કર્યાં તે અપૂર્વ છે. સાચા અર્થમાં અંગ્રેજી કવિતા પ્રત્યેની અભિમુખતા અને અંગ્રેજી ઊર્મિકાવ્યને મળતું તેનું ટૂંકું સ્વરૂપ સૌપ્રથમ નરસિંહરાવ દિવેટિયાના 'કુસુમમાળા' કાવ્યસંગ્રહમાં જ પ્રગટે છે. પ્રકૃતિકવિતા, આત્મલક્ષીતા, પ્રણયોદ્ગાર, ચિંતનાત્મક તેમજ રાષ્ટ્રપ્રેમનાં વિશિષ્ટ તત્ત્વોને ભલે નર્મદે સાકાર કર્યાં કે અવતાર્યાં પણ નર્મદની આ કવિતામાં કલાત્મક આલેખન, વિષયાનુરૂપ ભાવની શિષ્ટતા, ભાષાગૌરવ, કવિતાનું આંતરબાહ્યસ્વરૂપ સિધ્ધ થતું નથી એ સિદ્ધિ તો પ્રાપ્ત કરે છે,- નરસિંહરાવ દિવેટિયા. નરસિંહરાવ દિવેટિયાએ ગુજરાતી કવિતામાં ગુજરાતે એક નવી જ ભૂમિનું દર્શન કરાવ્યું છે. નર્મદની કવિતામાં પ્રણયોદ્ગારનો આત્મલક્ષી ઉદ્ગાર ભલે જોવા

મળે પણ હૃદયની ઉત્કટભાવના, માનવહૃદયમાં ભાવની ભરતી લાવે તેવો ઉત્કટપ્રેમ ભાગ્યે જ જોવા મળે છે. પ્રણયભાવનાનું આવું દર્શન અને તેનું સંસ્કારી ભાષામાં નિરૂપણ સાચા અર્થમાં નરસિંહરાવ દિવેટિયાના પ્રથમ કાવ્યસંગ્રહ 'કુસુમમાળા' માં જોવા મળે છે.

કાન્ત દ્વારા પ્રસ્થાપિત અને લોકપ્રિય બનેલા ખંડકાવ્ય સાહિત્યસ્વરૂપ ઉપર નરસિંહરાવ દિવેટિયા પણ હાથ અજમાવે છે. તેમની પાસેથી 'ઉત્તરા અને અભિમાન્યુ', 'તદ્‌ગુણ', 'ચિત્રવિલોપન', 'મહાભિનિષ્ક્રમણ' જેવી રચનાઓ પ્રાપ્ત થાય છે. આ રચનાઓ ખંડકાવ્યની ઘણી નજીકની છે. નરસિંહરાવ દિવેટિયાને કાન્ત જેટલી ખંડકાવ્ય ક્ષેત્રે સફળતા પ્રાપ્ત થઈ નથી છતાં, તેમનું 'ઉત્તરા અને અભિમાન્યુ' કાવ્ય ઘણું સારું ખંડકાવ્ય બન્યું છે.

ઉત્તરા-અભિમાન્યુની કથા મહાભારતની ઘણી જાણીતી કથા છે. ગુજરાતીમાં મધ્યકાળમાં આ વિષય ઉપર આધારિત ઘણાં આખ્યાનકાવ્યો પણ પ્રાપ્ત થયા છે. શ્રી દિવેટિયાએ આ મહાભારતની પ્રચલિત કથામાં પોતીકી પ્રતિભાના બળે નવ્ય ઉન્મેષ પ્રગટાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં કથા છે - નવ પરિણિત અભિમાન્યુ અને ઉત્તરાની. અભિમાન્યુ યુદ્ધમાં જવા તૈયાર થાય અને ઉત્તરા એને રોકે છે. અહીં નરસિંહરાવ દિવેટિયાએ ઉત્તરાને આવેલા સ્વપ્નની કલ્પનાને પણ આ પ્રસંગ સાથે ગૂંથીને અનેરું નાવીન્ય પ્રગટાવ્યું છે. અહીં ઉત્તરા અને અભિમાન્યુના સંવાદો ઘણાં ધ્યાનાર્હ બન્યાં છે.

'ઉત્તરા અને અભિમાન્યુ' ખંડકાવ્યનો પ્રારંભ ઘણો નાટ્યાત્મક



બન્યો છે. જે કાન્તની કાવ્યકલાનો પરિચય કરાવે છે. કાન્તનાં 'વસંતવિજય' ની માફક આ ખંડકાવ્યનો પણ નાટ્યાત્મક પ્રારંભ ઘણો હૃદ્ય બન્યો છે. જુઓ :

"ધાઓ, ધાઓ, અરે નાથ ! ઉગારો અગ્નિજાળથી"
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી.

કાન્તનાં 'વસંતવિજય' ખંડકાવ્યમાં પણ માદ્રીના સંવાદથી થતો કાવ્યારંભ ઘણો રોચક બન્યો છે. જુઓ 'વસંતવિજય'ની આ પંક્તિઓ -

"નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સ્હવાર છે !
આ બધુ ઘોર અંધારું હજી તો બહુ વાર છે !"

નરસિંહરાવ દિવેટિયાકૃત 'ઉત્તરા અને અભિમાન્યુ' ખંડકાવ્યનો પ્રારંભ ઘણો સૂચક બન્યો છે. અહીં પ્રથમ પંક્તિ જ કવિએ ભાવકને જિજ્ઞાસાવૃત્તિથી જકડી લીધાં છે. આપણા માનસપટ ઉપર કોઈ દૃશ્ય ભજવાતું હોય લાગ્યા વિના રહેતું નથી. 'વસંતવિજય'માં પાંડુને દુઃસ્વપ્ન આવ્યું ને તે જાગી ઊઠ્યો. અહીં ઉત્તરાને દુઃસ્વપ્ન આવ્યું છે. દુઃસ્વપ્નથી ભયભીત બનેલી ઉત્તરા એકદમ અકળાઈ ઊઠી છે. તેથી જ તો તે "ધાઓ, ધાઓ, અરે નાથ !" જેવા ઉદ્‌ગારો બેબાકળી બની કાઢી રહી છે. અહીં ઉત્તરાની વ્યાકુળતાથી સાથે સાથે કવિએ આવનારી અમંગળ ભાવિનું- અનિષ્ટનું સૂચન ગર્ભિત રીતે કરી દીધું છે. કવિની આ કુશળતા કાન્તની યાદ અપાવે તેવી

છે. ઊંઘમાંથી ઝબકીને જાગી ઊઠેલી ઉત્તરાને જાણે કોઈ અગ્નિઝાળ બાળી રહ્યો હોય એમ એ પથારીમાંથી ચીસ પાડીને ઊભી થઈ જાય છે. બાજુમાં સૂતેલો અભિમાન્યુ ગાઢ નિંદ્રામાંથી સફાળો જાગી ઊઠીને કહે છે.

"મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી!<br>
કોણ ત્હને મધુર નીંદરમાંહિ ડારી?<br>
સૂતો સમીપ અભિમાન્યુ પતિ પ્રચન્ડ<br>
તે ભૂલી કોણ રમતો અહીં મૃત્યુ સંગ ?"

અભિમાન્યુ 'મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી' કહીને ઉત્તરાને સંબોધે ને પૂછે છે, 'કોણે ત્હને મધુર નીંદરમાંહિ ડારી?'. અહીં અભિમાન્યુ જેવો શૂરવીર પતિ તેની પાસે સૂતો તેની બાજુમા આવવાની કોઈ હિંમત કરે ખરું ? આવા શૂરવીરની પત્નીને કોણે ભયભીત બનાવી મૂકી છે ?

નરસિંહરાવ દિવેટિયાએ અહીં પરોક્ષ રીતે અભિમાન્યુનું ચિત્રણ કર્યું છે. અભિમાન્યુ એક ક્ષત્રિય યોદ્ધો છે. જે કવિને આગળની કથામાં ઉપકારક બને છે. જ્યાં અભિમાન્યુ જેવો પ્રતાપી યૌદ્ધા હોય ત્યાં 'તે ભૂલી કોણ રમતો અહીં મૃત્યુ સંગ ?' કહીન અભિમાન્યુ ઉત્તરાના આંસુ લૂછે છે. અભિમાન્યુ ઉત્તરાને પોતાના તરફ ખેંચી તેને હૃદયથી ચાંપે છે. કવિએ અહીં ઉત્તરા-અભિમાન્યુની પ્રણયોર્મિની મીઠાશને કલાત્મક રીતે આલેખી છે. સ્વપ્નની અગનઝાળથી ઝબકીને જાગી ગયેલી ઉત્તરા વ્યાકુળ બની આંસુ વહાવે છે ત્યારે કવિ એની કલ્પના



કરતા કહે છે - "ખીલી ગુલાબકળી ઝાકળબિન્દુ ધારે" કવિએ કરેલી નવકલ્પનામાં નરસિંહરાવ દિવેટિયાની કવિપ્રતિભાની ઝાંખી થાય છે. ઉત્તરાને પોતાના હૃદયથી ચાંપીને વળી અભિમાન્યુ પૂછે છે,-

"શું છે ? મીઠી ! થયું શું ? આવડી કેમ કાંપી !<br>
મુગ્ધા ફરી હૃદય સાથ ધીરેથી ચાંપી."

પોતાની પ્રાણપ્યારીને આટલી ભયભીત બનેલી જોઈ અભિમાન્યુ પૂછે છે, 'શું છે ? મીઠી !' અહીં 'મીઠી' જેવા શબ્દમાં કવિએ અભિમાન્યુનો ઉત્તરા પ્રત્યેની આસક્તિ સલૂકાઈથી પ્રગટાવી દીધી છે. વળી 'મીઠી' જેવા માધુર્યયુક્ત શબ્દમાં કવિએ અભિમાન્યુના શુદ્ધપ્રેમ અને ઉત્તરા સાથેની હૃદયની નિકટતાને પણ આલેખી છે. 'આવડી કેમ ચાંપી ?' કહીને અભિમાન્યુ ફરી એકવાર ઉત્તરાને પોતાના હૃદયથી ચાંપી છે. નરસિંહરાવ દિવેટિયા અહીં વળી એક નવ્યકલ્પના - ઉપમા આપતા કહે છે.

"ઊખેડી ભૂમિથી નેનો રોપિયાં પતિનેનમાં,<br>
લસતાં દીર્ઘ પક્ષ્મોમાં ગૂંથીને આંસુડાં નવાં."

ઉત્તરા અને અભિમાન્યુના નવવિવાહિત જીવનનો આ પ્રથમ પ્રસંગ છે. ઉત્તરા પ્રત્યે સ્નેહ ધરાવતો અભિમાન્યુ લજ્જાશીલ એવી રમણીની આંખોમાં આંખો પરોવી એની નયનોમાં આવેલા 'આંસુડા નવાં' લૂછે છે. અહીં કવિએ પક્ષ્મોમાં - પાંપણોમાં લસતાં આંસુડાને 'નવાં' કહીને નવ્યકલ્પના રજૂ કરી છે. લગ્ન પછી ઉત્તરાની

આંખમાંથી પ્રથમ વખત આંસુ ખરે છે. અહીં શ્રી દિવેટિયાને આ નવવધૂના નવીન પ્રેમને કારણ, એ પ્રથમ આંસુમાં મોહશક્તિનું અપૂર્વ નાવીન્ય આલેખ્યું છે તે પ્રશંસનીય છે. અહીં ભય અને મુગ્ધતાના ભાવ અનુસ્યૂત છે. પતિનો આવો પ્રેમભર્યો મીઠો ટહૂકો સાંભળી ઉત્તરા પોતાને આવેલા દુઃસ્વપ્નની વાત કરે છે.

"આજે નાથ ! બન્યું વિપરીત,
ત્હમને તે કહુંશી રીત્ય ?
જાણે પુરુષવશે જ ધારી
મ્હેં અશ્વે કરી છે સવારી;
ધારી ધનુષ બાણ હું ચાલી,
મૃગયાકાજ વનપથ ઝાલી;
સુન્દર એક ત્યહાં સહકાર;
તે પર બેઠું છે સુકુમાર."

ઉત્તરા અભિમાન્યુને પોતાને આવેલા દુઃસ્વપ્નની વાત કહેતા જણાવે છે કે, હે નાથ, આજે કંઈક એવી વિપરીત ઘટના બની તેને હું કઈ રીતે જણાવું ? એવું બન્યું કે, હું પુરુષવેશે ઘોડેસવારી કરી વનમાં મૃગયા કાજે ગઈ, ત્યાં એક વૃક્ષ ઉપર એક કપોતયુગલ પ્રેમક્રીડામાં રત જોયું. આવું દૃશ્ય જોતા મને કોણ જાણે એવી કમતિ સૂઝી કે મેં તેના ઉપર બાણ છોડ્યું અને નરકપોત ડાળ પરથી નીચે પડ્યો. ત્યાં તો કપોતીના લલાટમાં સહસા અગનજ્વાળા પ્રગટી. કૂદતો એ અગ્નિ કરાળ મારી પાછળ આવવા લાગ્યો; ને જીભ નચાવતા મને



ચારેબાજુથી ઘેરી લીધી. તેણે મારા બધા અંગો છોડીને સીધો જ મારો અંબોડો ઝાલ્યો, આથી હું ગભરાય ગઈ અને એકદમ જાગી પડીને રુદન કરવા લાગી. અહીં શ્રીદિવેટીયાએ પ્રેમકેલિ કરતા નરકપોતને બાણથી હણે પછી તરત જ ઉત્તરાના અંબોડે નારીકપોતના ભાલમાંથી પ્રગટ થયેલો અગ્નિ વીંટળાય વળે છે તેમાં કવિએ પ્રતીકાત્મક આલેખન કર્યું છે. અહીં કવિએ ભાવિનો સંદેહ સલૂકાઈથી પ્રગટાવ્યો છે. અભિમાન્યુનો વધ થતા ઉત્તરાનું સૌભાગ્ય હણાવાનું છે તેનો અણસાર આપી દીધો છે. આવું કરવામાં નરસિંહરાવ દિવેટીયાની કલાસૂઝના દર્શન થયા વિના રહેતા નથી. 'સ્વપ્નનો શો સાર હશે ?' એમ કહીને ઉત્તરા ફરી રડવા લાગે છે.

"એમ વદીને નાર સહસા આંસુ રેડતી,
"સ્વપ્નાનો શો સાર હશે કારમો નાથ ! ઓ ?
અભાગણી હું મોઈ ! ઊંધી મતિ શાણે સૂઝી ?
બીજું જડ્યું નહિ કોઈ ? કપોત પ્રેમી શેં હણ્યો ?"

ઉત્તરાના મનમાં ફડક વ્યાપી ગઈ છે કે, સ્વપ્નો શું સાચા પડે ખરાં ? આવા સ્વપ્નનો શો અર્થ ? ઉત્તરા પોતાને જ 'અભાગણી હું મોઈ !' કહીને ભાંડે છે. પોતાને આવી કુમતિ શા માટે સૂઝી ? બીજું કાંઈ નહીંને કપોતનરને જ શા માટે પોતે હણ્યો ? - તેનો વસવસો ઉત્તરાને ચિત્તને કોરી ખાય છે. અહીં કવિએ ઉત્તરાના મુખે 'અભાગણી હું મોઈ' જેવો શબ્દપ્રયોગ કરીને નારીલઢણની

લાક્ષણિકતા કલાત્મક રીતે પ્રગટાવી છે.

અહીં કાવ્ય ત્વરાથી ગતિ કરે છે. ઉત્તરાનો ગભરાટ ઓછો કરવા અભિમાન્યુ એને લાડથી બોલાવી કહે છે :

"શાને મીઠી ! તું ગભરાય અરે અતીશે ?
આ સ્વપ્નમાંહિ નવ વાસ્તવ કાંઈ દીસે."

અભિમાન્યુ ઉત્તરાને પ્રેમપૂર્વક સમજાવે છે. ફરી કવિએ 'મીઠી' શબ્દ પ્રયોજયો છે તેમાં અભિમાન્યુનો ઉત્તરા પ્રત્યેનો પ્રેમ પ્રગટે છે. ઉત્તરાને આશ્વાસન આપતા અભિમાન્યુ કહે છે, 'આવા સ્વપ્નનો વાસ્તવમાં કોઈ અર્થ નથી હોતા.' અહીં કવિએ પોતીકી કલ્પનાથી યોજેલો દુ:સ્વપ્નનો પ્રસંગ ઘણો હૃદ્ય બન્યો છે. વળી, એમાં રહેલી પ્રતીકાત્મક અભિવ્યક્તિ પણ આખા ખંડકાવ્યના વસ્તુને વધુ સારી રીતે સ્ફૂટ કરવામાં ઘણો સહાયકારક નીવડ્યો છે. એક બાજુ રણદુન્દુભી વાગે છે અને અભિમાન્યુ ઉત્તરાનો હાથ છોડાવતાં કહે છે :-

"જો ઘેલી ! વાગી રણદુન્દુભિ રમ્ય ઘોર,
રે ! અશ્વ ! અશ્વ ! સખી ! કંઠ હવે તું છોડ્ય."

ઉત્તરા સાથે પ્રેમાલાપ કરતો અભિમાન્યુ "જો ઘેલી ! વાગી રણ દુન્દુભિ રમ્યઘોર" કહીને સફાળો બેઠો થઈ જાય છે. ''કંઠ્ય હવે તું છોડ્ય' પંક્તિમાં નરસિંહરાવ દિવેટિયાનું કવિકર્મ વિશેષ ખીલ્યું છે. આ પંક્તિમાં પણ પ્રતીકાત્મકતા રહેલી છે. અભિમાન્યુ પોતાના



કંઠને ઉત્તરાના હાથથી છોડાવી શકશે પણ યુદ્ધમાં આવનારા મૃત્યુના હાથમાંથી એને છોડાવી શકશે નહીં તેનું ગર્ભીત સૂચન અહીં પ્રતીકાત્મક રીતે થઈ જાય છે. અભિમાન્યુને રણદુન્દુભિનો રમ્ય ઘોર નાદ સંભળાતા એમાં રહેલું ક્ષત્રિયપણું - યોદ્ધાપણું જાગી ઊઠે છે.અભિમાન્યુ યુદ્ધ માટે તૈયાર થાય છે ત્યારે ઉત્તરા એને રોકતા કહે છે :

"વ્હાલા ! ન્હોય દુન્દુભિનાદ,
એ તો મેઘ ગાજયો આજ;
બન્ધન કણ્ઠનું ક્યમ છોડું ?
મુજને ભય નથી કંઈ થોડું;
પેલી અગ્નિકેરી ઝાળ
આવે ઓ ! જુઓ, શી કરાળ !"

ઉત્તરા અભિમાન્યુને યુદ્ધમાં જતો રોકવા માટે સમજાવે છે. આ રણસંગ્રામનો દુન્દુભિનાદ નથી આ તો મેઘ ગર્જ્યો હોય એમ લાગે છે. ઉત્તરા કરાળ અગ્નિજાળના ભયથી અભિમાન્યુના આલંગનને છોડવા માગતી નથી. પણ અભિમાન્યુ ક્ષત્રિય છે - યોદ્ધો છે એ રાગમાં ખેંચાયા વિના પોતાનો ક્ષત્રિય ધર્મ બજાવવા ઉત્સુક છે. ઉત્તરાની પોચટ અને શિથિલ ઉક્તિઓ અભિમાન્યુને સ્પર્શતી નથી. ઉત્તરાના મનમાં રહેલા ભયને દૂર કરવા તે જણાવે છે,-

"અરે ઘેલી, એ શું બકતી !
બધી એ સ્વપ્ન - ભ્રમણા;

અહીં શ્રી દિવેટિયાએ અભિમાન્યુનું પાત્ર જાજવલ્યમાન અને "મહાભારત" ને અનુરૂપ આલેખ્યું છે. અભિમાન્યુ નીડર છે - યોદ્ધા છે. તેથી જ તે ઉત્તરાને આવી સ્વપ્નરૂપી ભ્રમણમાંથી બહાર આવવાનું કહે છે. અહીં 'અરે ઘેલી !' જેવા ઉદ્‌બોધનમાં પણ અભિમાન્યુનો ઉત્તરા પ્રત્યેનો પ્રેમ પ્રગટ થયા વિના રહેતો નથી. તે ઉત્તરાના પ્રેમબંધનમાં બંધાયને પોતાના ક્ષત્રિયધર્મને ત્યજી શકે નહીં. આથી ઉત્તરાને સ્પષ્ટ જણાવે છે કે,

"તુરગ જો ! મુજ કાંઈ ખુંખારતો,
'રણ ચઢો' કંઈ એમ પુકારતો;
નિહ વિલમ્બ હવે કરાવો પ્રિયે !
કદી જ ધર્મ તજયો નથી ક્ષત્રિયે."

હવે વિંલબ કરવો યોગ્ય નથી. વીર યોદ્ધો ક્યારેય પોતાનો ક્ષત્રિયધર્મ ત્યજી શકે નહીં. જ્યાં 'રણ ચઢો'ની હાક વાગતી હોય ત્યાં કોઈ ક્ષત્રિય જો ઘરમાં - પ્રિયતમાની સોડમાં સંતાય જાય તો તો એ કાયર જ લેખાય. માટે "નહિ વિલમ્બ હવે કરવો પ્રિયે!" કહીને અભિમાન્યુ ઉત્તરાની રજા માગે છે. જ્યારે અભિમાન્યુ હવે યુદ્ધમાં જવાનો છે એવું ઉત્તરાને સ્પષ્ટ લાગવા લાગે છે ત્યારે ઉત્તરા ફરી અભિમાન્યુને સ્ત્રીરક્ષણની ફરજ સામે મૂકતાં કહે છે.



"ક્ષત્રિય-ધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટિ ઉપાય;
સર્વે સંકટોથી નિત્ય,
અબળા રક્ષવી એ રીત્ય.

પેલી તીવ્ર અગ્નિજવાળ
મુજ પૂંઠળ ભમે ચિરકાળ.
ત્હેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હાથ."

ઉત્તરા અનુ અભિમાન્યુને સમજાવે છે કે, ધર્મનું રક્ષણ કરવું એ ક્ષત્રિયધર્મ છે એ વાત સાચી પણ, અબળાનું રક્ષણ કરવું એ પણ ક્ષત્રિયધર્મ જ છે ને ! પોતાની પત્નીનું રક્ષણ કરવું એ શું પતિધર્મ નથી ? અહીં ધર્મના રક્ષણ માટે અભિમાન્યુ એ પોતાનું બલિદાન આપવું એવું આડકતરું સૂચન થઈ જાય છે. વળી ઉત્તરા પોતાના સંકટને સામે ધરી કહે છે. "પેલી વિકરાળ અગ્નિજવાળ, મુજ પૂંઠળ પડ્યો છે તેનાથી મને બચાવો ઉત્તરાના શિથિલ પ્રલાપો સાંભળીને અભિમાન્યુ તેને જવાબ આપે છે, -

"છે એક જો સબળ નિર્બળનો જ પાતા;
વ્હાલી ! હવે સ્થિર થઈ ગઈ ધર્ય ચિત્ત શાતા-
જો દેખું આ અસિ પ્હણે ચમકે અનન્ત,
ને ચિત્ત આ ચમકીને બન્યું વેગવન્ત."

અહીં અભિમાન્યુ ઉત્તરાને અબળા બનવાને બદલે સબળા બનવાનો અનુરોધ કરે છે. પોતે એક નીડર યોદ્ધો છે તેની પત્ની આવી ડરપોક હોય શકે નહીં. માટે, વ્હાલી ! હવે સ્થિર થઈ ધર્ય ચિત્ત શાતા ! હવે નિર્બળ બન્યા વિના પોતાને યુદ્ધમાં ફતેહ થવાનું તિલક કરવાનું સૂચન અભિમાન્યુ કરે છે કારણકે, ચારેબાજુ અનંત શસ્ત્રો ચમકી રહ્યાં છે. તેમ અભિમાન્યુનું મન હવે રણમાં જવા ઉતાવળું થઈ રહ્યું છે. આખરે અભિમાન્યુ ઉત્તરાને રડતી મૂકી રણમાં જવા નીકળી પડે છે :

"અધર વેગ થકી અધરે અડી,
નૃપકુમાર પ્રિયા અળગી કરી
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે.
તુરગનાં પગલાં યુવતી સૂણે."

નરસિંહરાવ દિવેટિયાએ અહીં અશ્વની ગતિના અને ઉત્તરાના મનના ગતિશીલ શબ્દચિત્રો દોર્યાં છે. અભિમાન્યુ ઉત્તરાને ગળેથી અળગી કરીને ઘોડે પલાણે છે. ઉત્તરા તેનાં પગલાં ગણી રહી છે. અહીં ઉત્તરાનાં મનને કવિએ કલાત્મક રીતે નિરૂપ્યું છે. ઉત્તરા છેલ્લી વખત પોતાના પિયુને જતો નિહાળે છે. કારણકે, પછીથી અભિમાન્યુ એને જીવતો જોવા મળવાનો નથી. અહીં ઉત્તરાની શૂન્યમનસ્ક સ્થિતિનું કવિએ સુંદરચિત્ર દોર્યું છે :

"દ્દષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડૂબી,-
ભૂલી ત્રિકાળને મુગ્ધા અનિમેષ રહી ઊભી."



દ્દષ્ટિપાર થયેલો કાન્ત-પિયુ ક્ષિતિજને પાર થઈ ગયો ત્યાં સુધી ઉત્તરા સ્થળ-કાળનું ભાન ભૂલીને અનિમેષ દગે નિહાળતી રહી. કાવ્યાંતે મુકાયેલી ૨૩મી કંડિકા વિશે ગુજરાતી વિવેચકોએ ઘણી ચર્ચા કરી છે. તેમાં કાન્તે આ શ્લોક કાઢી નાખવાની ભલામણ કરી હતી. આપણે એમાં પડતા નથી. હા, એક વાત તો સાચી છે કે, આ ૨૩મી કંડિકા મૂકવાથી આ કલાકૃતિને કોઈ નુકશાન તો થતું નથી.

નરસિંહરાવ દિવેટિયા મુખ્યત્વે ઊર્મિકવિ છે. આથી તેની અસર તેમના ખંડકાવ્યો ઉપર પડે એ સ્વાભાવિક છે. આ અંગે શ્રી પાઠક સાહેબ નોંધે છે - "પ્રસંગ કરતાં પરિસ્થિતિનું મહત્ત્વ વિશેષ હોવાને કારણે, પ્રસંગને નિમિત્ત બનાવીને પરિસ્થિતિ તરફ લાગણી વહેતી થતી હોવાથી નરસિંહરાવનાં ખંડકાવ્યો ઊર્મિકાવ્યો તરફ ઢળે છે. જ્યારે ખંડકાવ્યમાં લાગણી પ્રસંગ સાથે એકપિંડ - એક ધન પાસાદારરૂપ પામતી હોવી જોઈએ."

૨૩ શ્લોકમાં લખાયેલ 'ઉત્તરા અને અભિમાન્યુ' ખંડકાવ્ય ભલે કાન્તના ખંડકાવ્યોની બરોબરો કરી શકે નહીં છતાં, નરસિંહરાવ દિવેટિયાનું આ ખંડકાવ્યનું કવિકર્મ સાવ ઊતરતી કક્ષાનું તો નથી જ નથી. અહીં અભિમાન્યુનું પાત્ર ઘણું ઉઠાવદાર બન્યું છે. જ્યારે ઉત્તરાનું પાત્ર પ્રમાણમાં નબળુને પોચટ બન્યું છે. ઉધોર જેવા માત્રામેળ છંદનો પ્રયોગ પણ જોડો શિથિલ બન્યો છે. વળી આ ખંડકાવ્યની લાંભી ઊર્મિમય ઉક્તિઓ કાવ્યના પોતાને સુઘટ બનાવવાને બદલે નબળું બનાવે છે. તો વળી ક્યાંક દલપતશાઈની

કાવ્યપધ્ધતિના પણ દર્શન થાય છે. આવી કેટલીક મર્યાદાઓ અવશ્ય જોઈ શકાય છે. છતાં, નરસિંહરાવ દિવેટીયાએ સભાનપણે ખંડકાવ્ય રચવાનો પ્રયાસ કર્યો છે. કાન્તરચિત ખંડકાવ્યોની ઘણી લાક્ષણિકતાઓ આ ખંડકાવ્યમાં જોઈ શકાય છે. આ ખંડકાવ્યમાં વસ્તુની સુશ્લિષ્ટગૂંથણી ઘણી ધ્યાનાર્હ બની છે.

ટૂંકમાં, નરસિંહરાવ દિવેટિયા મખ્યત્વે ઊર્મિકવિ છે. ભલે એમનાં ખંડકાવ્યોમાં કાન્તકક્ષાનું કવિકર્મ જોવા નથી મળતું છતાં, કાન્તે શરૂ કરેલી ખંડકાવ્યની યાત્રામાં નરસિંહરાવ દિવેટીયાકૃત 'ઉત્તરા અને અભિમાન્યુ' ખંડકાવ્ય અવશ્ય નોંધનીય બન્યું છે.



## ૯. તુકારામનું સ્વર્ગારોહણ

(૧)

"તુકારામ તુકારામ, રટતા કાં તુકા તુકા,
ઉર્વશીનૃત્યવેળાએ હતા અન્યમનસ્ક કાં ?"
"દેવી, બન્યો એક વિચિત્ર યોગઃ
આયુષ્ય ષણમાસનું શેષ ભક્તનું.
જીવન્ છતાં મુક્ત જ ભક્ત એ તો,
આયુષ્યાન્તે મુક્તિને પામવાના,
ને એમના સંચિતનાં સુખો તે,
ન ભોગવાયે વિણ સ્વર્ગ ક્યાંય;
ને ભક્તને સ્વર્ગ શી રીત લાવવા ?-
જેને નિજેચ્છાથી જ અહીં અણાય."

જરા હસી ત્યાં વદતી શચી કેઃ
"તમે રહ્યા તદ્‌વિદ તો પ્રતારણેઃ
દેવો અને દાનવોને પ્રતાર્યા;
તો એક ભોળા ભક્તની વાત તે શી ?"

"અરે, અરે, દેવી તમે ભૂલો છો,
પ્રતારવાનું છિદ્ર છે વાસના જ.
જેને સ્પૃહા નહિ અને નહિ વાસનાયે,
તેને કહો સ્વર્ગની શી પડી છે ?
બ્રહ્મર્ષિ મેં નારદને ય પૂછયું,
એયે કશો માર્ગ બતાવી ના શક્યા."
"હાં ! હાં ! એમ કરો દેવ બ્રહ્મર્ષિને જ પાઠવો,
કહો કે સ્વર્ગના દેવો ભક્તનાં ભજનોત્સુક,
એક વાર કહો આ અભંગો સુણવે સ્વયમ્
ના નહીં કહે " ખરે દેવી ! પુરુષોને પ્રતારણા
વિદ્યા હશે, સ્ત્રીઓનો તો જન્મપ્રાપ્ત સ્વભાવ છે."
"ના, ના, પ્રતારણા એના, મારે ભક્ત નિહાળવા
તણા કોડ,- અને સાથે સતીનેયે-" "ભલે ભલે,
પ્રતિસેવારતા નિત્યે પતિભોગાધિકારિણી,
અને નારદને મળું છું જૈ."

(૨)

આજે ભક્ત તુકારામ, ઊઠી બ્રાહ્મમુહૂર્તમાં,
ગૂંજતા સ્વર ધીમાથી અભંગો સ્ફૂરતા સ્વયમ્,
ત્યાં સતીએ કહ્યું આવીઃ "સ્નાનવેળા થઈ ગઈ."
"જાગ્યાં છો ? ન સુણી આજે વલોણું ધાર્યું મે હતું,



હજી ઊઠ્યાં નહિ હશો." વલોણું બંધ છે થયું
કેમ કંઈ હતું કહેવું ?" આજે સ્વપ્ન વિશે મને
વીણાપાણિ ઊર્ધ્વશિખ વિષ્ણુભક્ત મળ્યા, અને
કહ્યું દેવો નિમન્ત્રે છે સુણવા ભજનો મને
અને વળી ઉચ્ચાર્યા કે સતીને કહી રાખજો
સાજ સંભાળવા માટે તમારી સાથ આવવા.
તો કહો -" કર લંબાવી સતીને સ્કંધ મૂકતાં
પૂછયું ભક્તે : "કહો સાથે તમેયે આવશો જ ને ?"
સતી નીચું રહી જોઈ, ઢીંચણે માથું ટેકવી.
"પડ્યાં શુંકેં વિચારે ?" "ના, ના, એવું કંઈ નથી.
મારે તો એ કહેવું'તું, તમે જે સ્વપ્નમાં દીઠું
તે બધું મેંય દીઠું'તું મોટે પરોડ સ્વપ્નમાં."
"ત્યારે તો કહો. કહે છે પ્રાતઃસ્વપ્નાં ખરાં પડે"
આવશો સાથને ત્યારે ?" કિંતું નિઃશ્વાસ દૈ કહેઃ
"મનેય એજ ચિંતા છે. તમારી સાથી આવું તો
ધન્યભાગ્ય થઈ જાઉંઃ કિન્તુ શું તમને કહું ?
તમે ભોળા; અમો સ્ત્રી ભાગ્ય ના સમજો તમે.
મહિષી વસુકી ગૈ છે, વિયાશે ચાર માસમાં.
મારે કૌતુક છે મોટું, પાડો કે પાડી આવશે ?
તમે ભાગ્યવિધાતા છો. ચાહો તેમ કરી શકો,
અમે સંસારગૂંથાયાં, ધાર્યું ન શકીએ કરી."

"કાલે જવાબ છે દેવો, શી ઉતાવળ છે હજી,
વિચારીને પછી કહેજો કહી ભક્ત વિરામિયા,
જોડાયા નિત્યકર્મમાં.

(૩)

"હજી કહો કાં ગમગીન દેવઃ
આવી ગયાભક્ત તુકાજી સ્વર્ગે,
ગાયા અભંગો, સાંભળી હું કૃતાર્થ.
છતાં ય અસ્વસ્થ, વિમાસણે કાં ?"
"શચી કહું શું ? ક્ષતિ એક ટાળવા
અનેક મેં દુર્ઘટના ઘટાવીઃ
આ કિન્નરો ના સમજ્યા અભંગનું
સંગીત સાદું ઋજુ ભવ્ય ભાવનું,
ને અપ્સરા તો સુણી વાત ભક્તની
સતી ન આવ્યા કુતુકે મહિષીના,
રોકી શકી ના સ્મિત કે કટાક્ષો.
ને ભક્ત તો ત્રાસી ગયા છ સ્વર્ગથી-
આ સ્વર્ગ, આ સ્વર્ગ તણા વિલાસથી.
સ્મરો તમે ના ભક્તના એ અભંગો
ગાયા હતા તે દિન ખિન્ન થૈ જૈ.



[પરાત્પર પરબ્રહ્મ, એક તુંથી મારે પ્રેમ,
એક પ્રેમ એ જ ધર્મ, બીજી આડી કેડી.
મર્ત્યલોકે કર્મપાશ, સ્વર્ગે માત્ર છે વિલાસ,
બન્ને એક સમ ત્રાસ, દેવો ઉગારી એ.
રહ્યો હું મર્ત્યે આથડી, સ્વર્ગ એ છે ભુલામણી,
હાવાં દેવા લે આપણી પાસે મને
દેવા દાસ તારો, દાસને ઉગારો,
ભવમાંથી તારો ભવાતીત]

"બીજું કશું તો મનમાં લઉં ના,
કિન્તુ જાણે શી દશા છે. સતીની ?"
"કહો કહો, કેવી દશા સતીની ?
ઊંડી મુજેચ્છા તો સતી નિર્ખવાની,

અહીં રહે ને કૈંક આરામ પામે,
ત્યાં તો શુંનું શું થયું એ જ નાવ્યા !
જોવા ઈચ્છયું, કિન્તુ ના હામ ચાલી,
તમે કહો કેવી દશા સતીની !
"એ પાટ પાસે જહીં ભક્ત બેસતા,
ત્યાં ભોંય બેસી, મૂકીને શીર્ષ પાટે,
ત્રૂટ્યા શબ્દો ગદ્ગદ થૈ વિલાપતીઃ
(અભંગને ઢાળે)

મારા રાજા, મારા રાજા,
ભોળા ભક્ત, હરિભક્ત,
તારા ચરણે આસક્ત;
હું એકલી સ્વયંત્યક્ત,
કિન્તુ તારી દાસી નિત્ય
સાર કરો.''

''સાથે રહો નીરખું હું ય, એનું દુઃખનિમિત્ત હું.
અરેરે હજી એ બેઠી, હજી એ જ વિલાપતી.
અરે ! દેવ, તમે જોયું ! હા, હા.હું સમજી હવે;
સતી સસત્ત્વ છે, માત્ર મહિષિ તો હતી મિષ''
અગાધ આ માનવભાવ કેરા
સંવેદને શક્ર અને શચીયે
ક્ષણેક તો શાન્ત થઈ રહ્યા. પછી
કહે શક્ર : ''હું તો સમજી શકું ના
કે બેમાંથી કોણ સાચું જ મોટું ?
સંસારથી ઉર્ધ્વ જતા તુકા વા
સંસારચક્ર અનુવર્તતી વા જિજાઈ !

- રામનારાયણ વિ. પાઠક

રામનારાયણ વિશ્વનાથ પાઠક 'શેષ' 'ગાંધીયુગ'ના એક સમર્થ કવિ છે. તેમની પાસેથી 'શેષનાં કાવ્યો' અને 'વિશેષનાંકાવ્યો'



એવા બે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી 'રાણકદેવી', 'બુધ્ધનું નિર્વાણ' અને 'તુકારામનું સ્વર્ગારોહણ' જેવા ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે. 'શેષ'નાં દામ્પત્યજીવનને લગતાં ઘણાં કાવ્યો ગુજરાતી કવિતામાંવિશેષ ધ્યાનાર્હ બન્યાં છે. તેમનું 'તુકારામનું સ્વર્ગારોહણ' એક નોંધનીય ખંડકાવ્ય છે.

રા.વિ.પાઠક કૃત 'તુકારામનું સ્વર્ગારોહણ' ગુજરાતની ખંડકાવ્ય ક્ષેત્રે એક નોંધનીય કલાકૃતિ છે. ત્રણ ખંડમાં આલેખાયેલા આ કાવ્યમાં ખંડકાવ્યના ઘણા લક્ષણો જોવા મળ્યાં છે. રા.વિ.પાઠક 'શેષ' આ કાવ્યકૃતિનો આરંભ કાન્ત કલાપીની માફક નાટ્યાત્મક રીતે કરે છે,-

''તુકારામ તુકારામ, રટતા કાં તુકા તુકા,
ઉર્વશીનૃત્યવેળાએ હતા અન્યમનસ્ક કાં?''

અહીં શચી અને પુરંદરનો સંવાદ ભાવકને જિજ્ઞાસાપૂર્વક કાવ્યવિશ્વમાં ખેંચી લઈ જાય છે. નાટ્યાત્મક ઉક્તિઓથી પ્રારંભાયેલા આ ખંડકાવ્યમાં વિનોદયુક્ત વાર્તાલાપ ભાવકને હળવાશથી કાવ્યની ભીતર લઈ આવે છે. ગુજરાતીમાં મળતા મોટાભાગનાં ખંડકાવ્યો ક્યાંક તો પ્રકૃતિ અથવા તો કોઈ એવા પ્રબલભાવોથી શરૂ થાય કે પછી ભાવકને હળવા બનવાની કોઈ તક જ સાંપડતી નથી. જ્યારે આ ખંડકાવ્યમાં શેષ હળવાશથી વિષયપ્રવેશ કરાવે છે તે કવિની એક વિશેષતા જ લેખી શકાય. ઉર્વશીનૃત્યવેળાએ ઈન્દ્ર અન્યમન્સક બની તુકારામ તુકારામ રટી રહ્યાં તે જોઈને ઈન્દ્રાણી

તેને આ અંગે પૂછે છે. શચીના કુતૂહલપ્રેરક પ્રશ્નથી થતો કાવ્યારંભ ભાવકને જકડી લે છે. અહીં કવિએ નાટ્યાત્મક એકાંકિત (Dramatic monologue) તરકીબનો કલાત્મક વિનિયોગ કર્યો છે. પુરંદર શચીના પ્રશ્નનો જવાબ આપતા કહે છે :

“દેવી, બન્યો એક વિચિત્ર યોગઃ
આયુષ્ય ષણમાસનું શેષ ભક્તનું.
જીવન્ છતાં મુક્ત જ ભક્ત એ તો,
આયુષ્યાન્તે મુક્તિને પામવાના,
ને એમના સંચિતનાં સુખો તે,
ન ભોગવાયે વિણ સ્વર્ગ ક્યાંય;
ને ભક્તને સ્વર્ગ શી રીત લાવવા ?-
જેને નિજેચ્છાથી જ અહીં અણાય.”

અહીં કવિ ઈન્દ્રની વિમાસણને વાચા આપે છે. ઈન્દ્ર શચીને એક વિચિત્રયોગની વાત કહે છે. ઈન્દ્ર એ દ્વિધામાં છે કે, છ માસનું શેષ જીવન ધરાવતા ભક્ત શિરોમણી તુકારામને સ્વર્ગમાં કઈ રીતે લાવવા ? જીવન્મુક્ત એવા સંતને તેની સ્વેચ્છા વિના સ્વર્ગે લાવી શકાય નહીં. હજી તેને સંચિતભાવો ભોગવવાના બાકી છે, તે ભક્ત સાથે કઈ રીતે અન્યાય કરી શકાય ? અહીં કવિએ ઈન્દ્રની વિમાસણને કલાત્મક રીતે આલેખી છે, તેમાં આપણને ઈન્દ્રના માનસનો પરિચય મળે છે. સામાન્ય રીતે આપણે ઈન્દ્ર વિશે એમ જ માનતા આવ્યાં છે કે, તેણે ભલા ભલા ઋષિમુનિઓ, ભક્તો અરે, દેવોને પણ પોતાની



પ્રતારણવિદ્યાથી છેતર્યાં છે. તો પછી આ તો સાવ ભોળો ભક્ત ! અહીં ઈન્દ્રનું તુકારામ પ્રત્યેનું પ્રેમાળવર્તન ધ્યાનાર્હ બન્યું છે. ઈન્દ્ર તુકારામ સાથે કોઈ બળજબરી કરવા ઈચ્છતા નથી. ઈન્દ્રની મનઃસ્થિતિ પામી વળી શચી હળવાશથી કહે છે,-

“તમે રહ્યા તદ્‌વિદ તો પ્રતારણેઃ
દેવો અને દાનવોને પ્રતાર્યાં;
તો એક ભોળા ભક્તની વાત તે શી ?”

ઈન્દ્રનું આવું સ્નેહાળ સ્વરૂપ જોઈને શચી ઈન્દ્રની મજાક કરવા તક ઝડપી લે છે ને કહે છે, ‘પ્રભુ તમે ક્યારથી આવા લાગણીશીલ બની ગયા છો ? તમે તો પ્રતારણવિદ્યામાં બહુ પ્રવીણ છો, તમે ભલ-ભલા દેવો-દાવોને તમારી પ્રતારણવિદ્યાથી ઠગ્યા છે, તેમાં આ બિચારા ભોળા ભક્તની વિસાત ? કવિએ અહીં ઈન્દ્રનું એક જાજવલ્યમાન ચરિત્ર રજૂ કર્યું છે તેણે અહીં પ્રતારણવિદ્યામાં રત ઈન્દ્ર બતાવવાં નથી. આ ઈન્દ્ર તો પોતાના ભક્તોનું પણ ધ્યાન રાખે છે. ઈન્દ્ર-શચીના સંવાદો દ્વારા કવિએ ઈન્દ્રનું સરળ અને પોતાના ભક્તો પ્રત્યે પ્રતિબદ્ધ હોય તેમ ઉપસાવીને ઈન્દ્રની નવી ઈમેજ ઊભી કરી છે. ઈન્દ્ર - ઈન્દ્રાણીને તુકારામની ભક્તિની બિરદવાતા શચીને જણાવે છે :

“અરે, અરે, દેવી તમે ભૂલો છો,
પ્રતારવાનું છિદ્ર છે વાસના જ.
જેને સ્પૃહા નહિ અને નહિ વાસનાયે,

તેને કહો સ્વર્ગની શી પડી છે ?''

ઈન્દ્રએ અહીં પરોક્ષરૂપે તુકારામની નિર્વાસના, નિઃસ્પૃહાને પ્રગટાવી છે. શચીને સ્પષ્ટ જણાવે છે કે, મેં આજ સુધી મારી પ્રતારણાવિદ્યાનો પ્રયોગ સૌથી વિશેષ વાસનામય લોકો પર કર્યો છે. મેં દેવો-દાનવોને છળ્યા છે તેમાં માત્ર હું એકલો નહીં એ લોકો પણ જવાબદાર હતાં, કારણકે, તેઓ લલચાઈને મારી પ્રતારણાનો શિકાર બન્યાં છે. જ્યાએ આ ભક્તજન તો વાસનારહિત છે. વાસનારહિત લોકોને મારી વિદ્યાનો શિકાર બનાવવા અઘરાં જ નહીં અશક્ય છે. અહીં ઈન્દ્રના પ્રત્યુત્તરમાં જીવન્મુક્ત, નિઃસ્પૃહી અને વાસનારહિત તુકારામનો મહિમા ગવાયો છે. વળી, અહીં ભોળા અને સરળ સ્વભાવના ભક્તજન પ્રત્યેનો ઈન્દ્રનો અનુરાગ પણ સ્પષ્ટ દેખાય છે. આવો ભોળો ભક્ત કોઈ સ્પર્ધામાં જ ઊતરે તો તેને ક્યા ખાડામાં ઉતારી શકાય. ઈન્દ્રની મનની ગડામાં જ હવે સ્પષ્ટ બને છે કે, આ સ્પૃહારહિત તુકારામને અનિચ્છાએ સ્વર્ગમાં લાવી શકાય.આવી મથામણ અનુભવના ઈન્દ્રએ આ અંગે મહર્ષિ નારદને પણ આ અંગે પૃચ્છા કરી તો નારદ પણ આનો કો ઉપાય જણાવી શક્યા નહીં. ઈન્દ્રના આવો પ્રત્યુત્તર સાંભળી ઈન્દ્રાણી તરત જ નારદની યાદ આવતા કહે છે :

''હાં ! હાં ! એમ કરો દેવ બ્રહ્મર્ષિને જ પાઠવો,
કહો કે સ્વર્ગના દેવો ભક્તનાં ભજનોત્સુક,
એક વાર કહો આ અભંગો સુણવે સ્વયમ્



ના નહીં કહે''

સ્વયમ્ મહર્ષિ નારદને જ તુકારામની પાસે મોકલી આમંત્રણ પાઠવો કે, સ્વર્ગના દેવો તમારા ભજનો સાંભળવા આતુર છે. તે બહાને ભક્તને અહીં બોલાવો, તે ના નહીં પાડે. શચીની ઉક્તિમાં કવિએ એમની સ્ત્રીસહજ લઢણને કલાત્મક રીતે કંડારી છે. અહીં શચીએ તુકારામને અની અભંગો સંભળવાવાનું બહાનુ કર્યું છે છતાં, તે કાવ્યમાં સમુચિત અને સ્વાભાવિક લાગે છે. આ સાંભળીને ઈન્દ્ર હળવાશમાં શચીને કહે છે :

''.... ! પુરુષોને પ્રતારણા
વિદ્યા હશે, સ્ત્રીઓનો તો જન્મપ્રાપ્ત સ્વભાવ છે.''

અહીં ઈન્દ્રની મર્માળી ઉક્તિમાં નર્યો કટાક્ષ નથી પણ માધુર્ય છે. તેથી કાવ્યમાં હળવાશની સાથે માધુર્ય પણ પ્રગટે છે. ઈન્દ્રની આવી પુરુષસહજ રમૂજને શચી હળવાશથી લઈને સ્ત્રીસન્માનની ભાવના પ્રગટાવતા કહે છે :

''ના, ના, પ્રતારણા એના, મારે ભક્ત નિહાળવા
તણા કોડ,- અને સાથે સતીનેયે-'' ''ભલે ભલે,
પ્રતિસેવારતા નિત્યે પતિભોગાધિકારિણી,
અને નારદને મળું છું જૈ.''

શચી પોતાની સ્ત્રીસન્માનની ભાવના પ્રગટાવતા સહજભાવે ઈન્દ્રને કહે છે, 'ના', એવું નથી. મારે માત્ર ભક્ત તુકારામના જ નહીં

મારે તો પતિસેવરતા એવા જિજાઈના પણ દર્શન કરવા છે. અહીં કવિએ 'ના' ના ત્રણ નકાર દ્વારા શચીએ પુરુંદરનો કલોચિત વિરોધ પણ કર્યો છે. ઈન્દ્ર-ઈન્દ્રાણીના આવા મધુર સંવાદો રચીને કવિએ અહીં એમના મધુર દામ્પત્યજીવનનો પણ પરિચય આપ્યો છે. રા.વિ.પાઠક પાસેથી આવા દામ્પત્યજીવનવાળી ઘણી કવિતા પ્રાપ્ત થઈ છે. પ્રથમ ખંડના અંતે નારદને આ કામગીરી સોંપવામાં આવે છે.

બીજો ખંડ કવિએ ૩૦ થી ૫૭ પંક્તિઓમાં આલેખ્યો છે. અહીં તુકારામના ભક્તજીવનનું મધુર ચિત્રો પ્રાપ્ત થાય છે. ભક્ત તુકારામના મધુર ગૃહજીવનનો પરિચય આપતા કવિ કહે છે :-

"આજે ભક્ત તુકારામ, ઊઠી બ્રાહ્મમુર્હૂર્તમાં,
ગૂંજતા સ્વર ધીમાથી અભંગો સ્ફૂરતા સ્વયમ્,"

બ્રાહ્મમુર્હૂતમાં વહેલા ઊઠી નિત્યક્રમ પ્રમાણે ભક્ત તુકારામ ઈશ્વરની અભંગો ગાઈ રહ્યાં છે ત્યાં એમના પત્ની જિજાઈ આવીને કહે છે "સ્નાનવેળા થઈ ગઈ". ત્યારે ભક્ત તુકારામની આંખ ઊઘડે છે ને સામે ધીમા અવાજે, સહજભાવે પૂછે છે - "જાગ્યા છો ? ન સુણી આજે વલોણું ધાર્યું મે હતું હજી ઊઠ્યાં નહિ હશો." તુકારામ ધીમા સ્વરે ઈશ્વરની આરાધના કરી રહ્યાં છે તેમાં પણ તુકારામાનું જીવન પ્રકાશિત થયા વિના રહેતું નથી.

આજના ભક્તો ઈશ્વરની આરાધના કરતાં હોય ત્યારે પોતે અસંખ્ય



વ્યક્તિઓને એની ધૂનથી પરેશાન કરતા હોય છે. વિશેષ તો બાહ્યાચાર કે દંભ જ હોય છે. તુકારામ કોઈને પણ પરેશાની ન થાય તે માટે ધીમા સ્વરે અભંગ ગાઈ રહ્યાં છે. અભંગો ગાતા કેટલો સમય પસાર થઈ ગયો તે સુધ્ધાંનુંયે ભાન ન રહ્યું. જ્યારે સતી જિજાઈએ એમને નહાવા વેળા થઈ ગઈ કહીને બોલાવ્યા ત્યારે તેને ખબર પડી કે, સવાર થઈ ગયું છે. વળી તુકારામે ન્હાવાનું પાણી મૂકવાનું પણ એમની પત્નીને જગાડીને ન કહ્યું. સાચો ભક્ત ક્યારેય બીજાને હેરાન કરી શકે નહી, એ તુકારામના જીવન પરથી ફલિત થાય છે. અહીં કવિએ 'હજી ઊઠ્યાં નહિ હશો' 'વલોણું બંધ છે થયું' જેવીઉક્તિ સહેતુક પ્રયોજી છે. આજે સ્નાનવેળા થઈ ગઈ છતાં તુકારામે જિજાઈને ઉઠાડ્યા નહીં કારણકે, તુકારામને એમ હતું કે, હજુ વલોણું ગૂજયું નથી તેથી કદાચ જિજાઈ હજુ જાગ્યા નહીં હોય. એટલે એમને ઊંઘમાંથી ઉઠાડવાનું તુકારામને ઠીક ન લાગ્યું. અહીં કવિએ કેટલાક ઈંગિતો પણ રજૂ કરી દીધું છે. જે કાવ્યમાં પછીથી સ્પષ્ટ બને છે. તુકારામ પોતાની પત્નીને 'આજે સ્વપ્ન વિશે મને વીણાપાણિ ઊર્ધ્વશિખ વિષ્ણુભક્ત મળ્યા' એની વાત કરી. તેમણે પોતાને સ્વર્ગમાં દેવો એની અભંગો સાંભળવા ઈચ્છે છે એમ કહી સ્વર્ગમાં આવવાનું આમંત્રણ આપ્યું છે અને એમ કહ્યું કે, સાથે આપના પત્નીને પણ લેતા આવજો. 'કર લંબાવી સતીને સ્કંધ મૂકતાં તુકારામ પૂછે છે;-

"તો કહો -" કર લંબાવી સતીને સ્કંધ મૂકતાં

પૂછયું ભક્તે : "કહો સાથે તમેયે આવશો જ ને ?"

અહીં ભક્ત તુકારામના ગૃહસ્થજીવનનો પરિચય મળે છે. કવિએ અહીં નારદ માટે 'વીણાપાણિ', 'ઊર્ધ્વશિખ', 'વિષ્ણુભક્ત' જેવા વિશેષણો વાપર્યાં છે. જિજાઈને ખભે હાથ મૂકી સમજાવતા ભક્તના સહોદરનું પ્રસન્નભાવપૂર્ણ આલેખનનું રમણીય ચિત્ર ઘણું હૃદયંગમ બન્યું છે. જિજાઈ અને તુકારામ વચ્ચેનો સંવાદ પણ તદ્દન સરળ અને સ્વાભાવિક શૈલીમાં આલેખી શિષ્ટશૈલીના દર્શન કરાવ્યાં છે. રા.વિ.પાઠક પાસે શબ્દચિત્ર નિર્માણ કરવાની શક્તિ છે. વળી, તે એક સારા નિબંધકાર હોઈ વસ્તુ - પદાર્થનું સુંદર શબ્દચિત્ર સર્જવાનો કસબ ધરાવે છે. જુઓ જિજાઈનું એક શબ્દચિત્ર, -

"સતી નીચું રહી જોઈ, ઢીંચણે માથું ટેકવી."

કોઈ કુશળ ચિત્રકાર જિજાઈનું ઢીચણ પર માથુ ટેકવી બેઠી હોય એવું હૂબહૂ ચિત્ર દોરી શકે. શેષની મિતાક્ષરી છતાં સુરેખચિત્રો નિર્માણ કરવાની શક્તિ સરાહનીય છે. કવિએ અહીં બીજું એક ઈંગિત પણ રજૂ કરી દીધું છે. જિજાઈ સગર્ભા છે. આથી તેમનું સ્ત્રીસહજ શરમાળપણું આનાથી વિશેષતો કઈ રીતે રજૂ કરી શકાય ? જિજાઈની મનઃસ્થિતિને કવિએ અહીં મૌન દ્વારા વાચા આપી છે. તુકારામના "પડ્યા શું કૈં વિચારે?" સવાલનો પ્રત્યુત્તર જિજાઈ ત્વરાથી આપે છે : "ના, ના, એવું કંઈ નથી' મને પણ આજે એ જ સ્વપ્ન આવ્યું હતું. મને પણ દેવર્ષિએ આપની સાથે



આવવાનુંઆમંત્રણ પાઠવ્યુ ંછે. આવું સાંભળીને તુકારામ આનંદવિભોર બનીને પૂછે છે ?"

"ત્યારે તો કહો. કહે છે પ્રાતઃસ્વપ્નાં ખરાં પડે"
આવશો સાથને ત્યારે ?" કિંતુ નિઃશ્વાસ દૈ કહેઃ"

પ્રાતઃકાળે આવેલા સ્વપ્નાં સાચાં પડે એવી લોકમાન્યતા આગળ ધરીને તુકારામ તરત પૂછે છે 'આવશો સાથ ને ત્યારે ?' તુકારામને દૃઢ વિશ્વાસ છે કે, પ્રત્યેક પગલે સાથ આપનારી જિજાઈ સાથે આવવાની ના નહીં જ પાડે. પણ તરત જિજાઈ તુકારામને જણાવે છે કે, મારી ઈચ્છા તો સાથે આવવાની છે. 'જ્યાં તમે ત્યાં હું' આપની સાથે સ્વર્ગમાં આવવાથી તો હું પણ ધન્યભાગ્ય થઈ જાઉં પણ, -

"તમે ભોળા; અમો સ્ત્રી ભાગ્ય ના સમજો તમે.
મહિષી વસુકી ગૈ છે, વિયાશે ચાર માસમાં.
મારે કૌતુક છે મોટું, પાડો કે પાડી આવશે ?
તમે ભાગ્યવિધાતા છો. ચાહો તેમ કરી શકો,
અમે સંસારગૂંથ્યાં, ધાર્યું ન શકીએ કરી."

જિજાઈના મનોભાવોને 'શેષે' અહીં કલાત્મક રીતે કંડાર્યા છે. સતીએ આપેલો જવાબ જ સ્વયંસંપૂર્ણ છે. પણ, સરળ સ્વભાવના તુકારામ જિજાઈના આ પ્રત્યુત્તરમાં રહેલાં ઈંગિતોને સમજી શકતા નથી. અહી જિજાઈના કથનમાં સસત્ત્વ સતીના ભાવિના માતૃત્વનાં ચિહ્નો

કવિએ પ્રતીકાત્મક રીતે પ્રગટાવ્યાં છે. અહીં "મહિષી વસુકી ગૈ છે, વિયાશે ચાર માસમાં" કહીને ભેંસ વિયાશે એવું બહાનું કાઢીને મૂળ વાતને ગોપિત રાખી છે. વળી કવિએ અહીં વ્યજના દ્વારા કાવ્યમાં રહેલા ઈંગિતનો કલાત્મક રીતે નિરૂપાયા છે. કેટલાક વિદ્વાનોને એમ લાગવા સંભવ છે કે, જિજાઈના માતૃત્વ ધારણ વિશેનું ઈંગિત અગાવ રજૂ થઈ ગયું હોઈ ફરીથી એ કહેવાની જરૂર ન હતી. અગાવ 'ન સુણી આજે વલોણું' માં જિજાઈની મનઃસ્થિતિ રજૂ થઈ ગઈ હતી. છતાં, અત્રે નોંધવુ જોઈએ કે, અહીં ભોળા ભક્ત એવા તુકારામને પ્રત્યુત્તરરૂપે જ કહેવામાં આવ્યું છે તેમાં કોઈ અત્યુક્તિ તો નથી જ નથી. અલબત્ કવિ આ બાબત ટાળી શક્યાં હોત તો યે કાવ્યામાં કોઈ ફેર પડવાનો ન હતો. અહીં બીજી એક બાબત એ સ્પષ્ટ થાય છે કે, તુકારામ મૃત્યુલોકમાં પણ જલકમલવત્ જીવતા હોવાથી એમને સંસારી ભાવ સ્પર્શતા નથી. જ્યારે જિજાઈ તો સંસારીભાવોને સ્વીકારીને જ જીવે છે. આથી જ તો જિજાઈ તુકારામને કહે છે : 'તમે ભાગ્યવિધાતા છો. ચાહો તેમ કરી શકો' તમને ઠીક લાગે તેમ કરી શકો પણ "અમે સંસાર ગુંથાયા, ધાર્યું જ શકીએ કરી." સતીની આટલી સ્પષ્ટતા છતાં સરળ સ્વભાવના ભક્ત આખી વાતને સમજી ન શક્યા. એટલે કહ્યું કે,-

"કાલે જવાબ છે દેવો, શી ઉતાવળ છે હજી,
વિચારીને પછી કહેજો કહી ભક્ત વિરામિયા,
જોડાયા નિત્યકર્મમાં."



'આજે શી ઉતાવળ છે ? ઠીક છે કામલે જવાબ આપવાનો છે. પછી તમે વિચારીને કહેજો' આટલું કહી તુકારામ ફરીથી નિત્યકર્મમાં પરોવાય છે અહી બીજો ખંડ પૂરો થાય છે.

ત્રીજો ખંડ ૫૮ થી ૧૦૯ પંક્તિઓમાં આલેખાયો છે. બીજા ખંડમાં તુકારામના ગૃહસ્થજીવન વિશેના આલેખન પછી કવિ ફરી પુરંદર અને શચીના સંવાદથી ત્રીજો ખંડ આરંભે છે :

"હજી કહો કાં, ગમગીન દેવઃ
આવી ગયા ભક્ત તુકાજી સ્વર્ગે,
ગાયા અભંગો, સાંભળી હું કૃતાર્થ.
છતાં ય અસ્વસ્થ, વિમાસણે કાં ?"

તુકારામ સ્વર્ગમાં આવી સમગ્ર સ્વર્ગલોકને પોતાની અભંગો સંભળાવે છે. છતાં પુરંદરનો ચહેરો હજી ગમગીન છે. પ્રથમ ખંડમાં પણ શચીએ ઈન્દ્રને તેમની ગમગીની અંગે પૂછયું હતું ત્યારે પુરંદરે જે જવાબ આપ્યો હતો તેનું કારણ તો હવે નથી રહ્યું. કારણકે, તુકારામ સ્વેચ્છાએ સ્વર્ગમાં અભંગો સંભળાવવા આવી ચૂક્યાં છે. છતાં પુરંદર હજી ઉદાસ છે. તો તેનું કારણ શું ? ઈન્દ્રને વિચારધિન નિહાળી શચી ફરી એની અસ્વસ્થતાનું કારણ પૂછે છે - ત્યારે ઈન્દ્ર પ્રત્યુત્તર આપતા કહે છે :-

"શચી કહું શું ? ક્ષતિ એક ટાળવા
અનેક મેં દુર્ઘટના ઘટાવીઃ

આ કિન્નરો ના સમજ્યા અભંગનું
સંગીત સાદું ઋજુ ભવ્ય ભાવનું,
ને અપ્સરા તો સુણી વાત ભક્તની
સતી ન આવ્યા કુતુકે મહિષીના,
રોકી શકી ના સ્મિત કે કટાક્ષો.
ને ભક્ત તો ત્રાસી ગયા છ સ્વર્ગથી-
આ સ્વર્ગ, આ સ્વર્ગ તણા વિલાસથી.''

અહીં તુકારામ સાથે જિજાઈ કેમ ન આવ્યા તે મર્મ તરફની ગતિ અહીંથી શરૂ થાય છે. તુકારામ સ્વર્ગમાં પોતાની સાદી ઋજુભાવવાળી અભંગો સંભળાવે છે આવા ભાવવાળી અભંગો આ કિન્નરો-અપ્સરાઓ સમજી નથી શક્યા એથીયે વધુ તો જ્યારે અપ્સરાઓએ મહિષી અંગેની વાત જાણી ત્યારથી તેઓ કટાક્ષમાં હસી રહી છે. એક ભક્તની આમ હાંસી થાય તે કઈ રીતે સહન કરી શકાય ? કવિએ ઈન્દ્રના મનોગતને અહીં કુશળતાથી આલેખ્યું છે ઈન્દ્રને લાગે છે કે, આ ભક્ત આવી ટીખળથી જાણે ત્રાસી ગયા છે. ઈન્દ્રને જાણે તુકારામની અંતર્દશા સમજાય છે. તુકારામનો અંતર્નાદ સાંભળીને ઈન્દ્ર દુઃખ અનુભવે છે. ઈન્દ્રએ જ્યારે સતી જિજાઈની વાત કરી એટલે તરત શચીએ ઈન્દ્રને વિનંતી કરી કે, સતીની હાલત કેવી છે ?-



''કહો કહો, કેવી દશા સતીની ?
ઊંડી મુજેચ્છા તો સતી નિર્ખવાની,
અહીં રહે ને કૈંક આરામ પામે,
ત્યાં તો શુંનું શું થયું એ જ નાવ્યા !
જોવા ઈચ્છયું, કિન્તુ ના હામ ચાલી,
તમે કહો કેવી દશા સતીની
તમે કો કેવી દશા સતીની !''

અહીં શચીની સતીની દશા જાણવા અંગેની ઉત્સુકતા કવિએ કુશળતાથી આલેખી છે. આમ તો શચી પાસે પણ અલૌકિકશક્તિ છે. તે જાતે પણ સતીની સ્થિતિ અંગે જાણી શકે એમ છે પણ એકલીએ જોવાની હિંમત ન ચાલી એટલે ઈન્દ્રને વિનંતી કરે છે. ઈન્દ્ર પૃથ્વી પર રહેલી જિજાઈની સ્થિતિને જુએ છે. અહીં કવિએ જિજાઈનું સુંદર શબ્દચિત્ર દોર્યું છે.

''એ પાટ પાસે જહીં ભક્ત બેસતા,
ત્યાં ભોંય બેસી, મૂકીને શીર્ષ પાટે,
ત્રૂટ્યા શબ્દો ગદ્‌ગદ થૈ વિલાપતીઃ

જ્યાં તુકારામ નિત્ય પાટ પાસે બેસતા ત્યાં ભોંય પર બેસી સતીના મુખે વિલાપી શબ્દોમાં પાર્થિવજીવનની હૃદયવીણાનો કરુણ ધ્વનિ સંભળાય રહ્યો છે તેનું નિરૂપણ કર્યું છે. અહીં કવિએ જિજાઈનું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે. તે પોતાના સ્વામીને સ્મરી રહી છે. સતીની આંતરવ્યથા એ છે કે, તે એકલી અટૂલી બની ગઈ છે. છતાં, તેણે

પોતાના સ્વામીની દાસી રહેવાનું જ એને ગૌરવ છે. આજે એમની ગેરહાજરીમાં પણ સતી જ્યાં તુકારામ બેસતા હતા તે પાટ પર પણ બેસતી નથી. આવું તો ભારતીય આર્યનારી જ કરી શકે. શચીને છેક અત્યારે સમજાયું કે, સતી તુકારામ સાથે સ્વર્ગમાં કેમ ન આવ્યા. આગળ જણાવેલું ‘મહિષી વિયાશે’ એ તો બહાનું હતું. પોતે જ સસત્ત્વ-સગર્ભા હતા. કાવ્યાંતે શચી પ્રશ્ન કરે છે, -

“કહે શક્ર : “હું તો સમજી શકું ના
કે બેમાંથી કોણ સાચું જ મોટું ?
સંસારથી ઉર્ધ્વ જતા તુકા વા
સંસારચક્ર અનુવર્તતી વા જિજાઈ !”

એકબાજુ નિર્દોષ - નિરપેક્ષ ભક્ત તુકારામ છે, બીજી બાજુ સંસારચક્ર અનુવર્તતા જિજાઈ છે આ બેમાંથી કોણ ચડિયાતું ? એ પ્રશ્નમાં જાણે ભાવની પરાકાષ્ઠા છે. તુકારામ તો સંસારથી અલિપ્ત રહે છે. તેને સ્ર્ગમાં આવવાનું આમંત્રણ મળતા તેઓ સ્વેચ્છાએ સ્વર્ગમાં જાય છે. જ્યારે બીજી બાજુ સ્વર્ગમા જવાની તક મળવા છતાં જિજાઈ સંસારના તંતુંનું સાતત્ય જાળવવા સારું સ્વર્ગમાં જવાની તક મળવા છતાંયે જતા નથી. તેઓ સંસારચક્રને અનુવર્તે છે. બેમાંથી મોટું કોણ ? એક બાજુ તુકારામ ઉર્ધ્વારોહણ કર્યું તે, તો બીજી બાજુ, જિજાઈ માટે માતૃત્વનો મળેલો લ્હાવો શું સ્વર્ગાનંદથી ઓછો છે ? સંતને ઘેર અવતરનાર પુણ્યાત્માને પગલે જિજાઈને ઘેર સ્વર્ગ ઊતર્યું ન ગણાય ?



અહીં શેષે ઈન્દ્ર-શચી અને તુકારામ-જિજાઈના સંવાદો દ્વારા આ પાત્રોના માનસિક સંચલનોને કુશળતાથી આલેખ્યાં છે. રા.વિ.પાઠકના આ ખંડકાવ્યની વિશેષતા એ છે કે, કવિની હળવાશભરી રજૂઆત ઘણી હૃદયંગમ બની છે. અહીં અનુષ્ટુપ, મિશ્રોપજાતિ અને અભંગઢાળ આ કાવ્યબંધને ઘણો સાનુકૂળ છે. અહીં હાસ્ય,ક્યાંક અદ્ભુત, ક્યાંક શ્રુંગાર તો ક્યાંક કરુણરસ કવિએ પ્રસંગાનુરૂપ આલેખ્યો છે.

રા.વિ.પાઠકની આ ખંડકાવ્યમાં સંવાદરીતિ અને કથનરીતિ પણ ઘણી પ્રશંસનીય બની છે. કાન્ત, નરસિંહરાવ, કલાપી પછી રા.વિ.પાઠક ખંડકાવ્યને પોતીકી રીતે રજૂ કરીને ખંડકાવ્યની દિશામાં એક ડગલું આગળ વધે છે. અહીં કાન્તની બરોબરી કરી શકે એવું કલાવિધાન ભલે કળાતું નથી. છતાં, રા.વિ.પાઠકે પોતીકી રીતે આ ખંડકાવ્યને રચ્યું છે તે ગુજરાતી ખંડકાવ્યોમાં નોંધનીય બની રહેશે.